




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | જગત જનનીની કૃપાથી નારીના સ્વરૂપની સાચી સમજણ | ૧ |
| ૨. | જીવનની શાંતિ માના ચરણોમાં | ૨ |
| ૩. | કુટુંબરૂપી સંસ્થાની ધરી નારી | ૪ |
| ૪. | સત્યમ, શિવમ્, સુન્દરમ્ | ૮ |
| ૫. | પત્ની ગુરુ બની | ૧૧ |
| ૬. | નારી જાગૃતિનું સ્વરૂપ ઓળખો | ૧૩ |
| ૭. | સ્વતંત્રતાની શોધમાં દિશા ન ચૂકીએ | ૧૭ |
| ૮. | અધ્યાત્મ તત્ત્વજ્ઞાનનું રહસ્ય જીવનસાધના | ૨૧ |
| ૯. | દામ્પત્ય જીવનમાં મધુરતાનું રહસ્ય | ૨૫ |
| ૧૦. | નારી અભ્યુદયનો સૂર્યોદય | ૨૭ |
| ૧૧. | સ્નેહ સરિતા વંદનીયા માતાજી | ૩૨ |
| ૧૨. | પરમપૂજ્ય ગુરુદેવની અમૃતવાણી-મહિલા જાગરણની આ ચિનગારી દાવાનળ બનશે | ૩૫ |
| ૧૩. | આત્મીય અનુરોધ | ૪૮ |


શારીરિક દૃષ્ટિએ દૂર, પરંતુ વિચારોની દૃષ્ટિથી ખૂબ નજીક સાધન સંપન્નતામાં સામાન્ય, પરંતુ ભાવ સંપન્નતામાં સમૃદ્ધ આવી વિશેષતાઓને લીધે અત્યારની મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ ખૂબ અચળ રહીને યુગ શક્તિ ગાયત્રી પત્રિકા દ્વારા સમાજને ઉત્થાનનો માર્ગ બતાવવામાં સાહસ ભર્યો પ્રયાસ કરનારા બધાં પરિજનો, ગ્રાહકો, વાંચકો તથા સહયોગીઓને નૂતન વર્ષના સુપ્રભાતે તેમની પ્રગતિ અને સુખ સમૃદ્ધિની મંગળ કામના સહિત સાદર અભિનંદન.

**-લીલાપત શર્મા**

### નૂતન પ્રકાશ ફેલાવવા માટે

⦿ આપ સ્વેચ્છાએ કોઈ પણ મંદિર, સ્કૂલ, સંસ્થા તેમજ મિત્રમંડળ માટે યુગ શક્તિ ગાયત્રી પત્રિકાનું લવાજમ મોકલી નવ વર્ષની અમૂલ્ય ભેટ આપી શકો છો.

⦿ કોઈને પણ આ ધાર્મિક પત્રિકાની માહિતી આપી સભ્ય બનવા પ્રેરણા આપી શકો છો.

⦿ પત્રિકાના આજીવન ગ્રાહક બની-બનાવી સંસ્થાની પરોક્ષ સહાયતા કરી શકો છો.

⦿ આગામી વર્ષ માટે પણ યુગ શક્તિ ગાયત્રી પત્રિકાનું લવાજમ વાર્ષિક રૂા. ૪૫ અને આજીવન રૂા. ૫૦૦ જ રાખવામાં આવ્યું છે.

સદ્વિચાર પરિવારે પોતાના નૂતન વર્ષ પ્રકાશનના ક્રમમાં આ વર્ષે પૂજ્ય ગુરુદેવ શ્રીરામ શર્મા આચાર્યજીના વિચારોનો સંગ્રહ કરી ''હિંમત ન હારો'' સાઇઝમાં **અમૃત બિંદુ : ૪૧મોં પ્યાલો** નામથી પુસ્તક પ્રકાશિત કરી છે જેની કિંમત રૂા. ૨-૦૦ છે. ૫૦૦થી વધુ પુસ્તકો લેતા સૌજન્યમાં નામ ઠામ છાપી આપશે. આ માટે સદ્વિચાર પરિવાર મંગલમૂર્તિ, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯ નો સંપર્ક કરો. ફોન નં.- ૪૦૫૦૬૦, ૪૦૫૦૯૦



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।

# યુગ શક્તિ ગાયત્રી


સંસ્થાપક/સંરક્ષક :

વેદમૂર્તિ તપોનિષ્ઠ યુગદૃષ્ટા

પં. શ્રીરામ શર્મા આચાર્ય

અને

માતા ભગવતી દેવી શર્મા

પરામર્શ દાતા :

પં. લીલાપત શર્મા

સંપાદક :

ડૉ. પ્રણવ પંડ્યા

કાર્યાલય :

ગાયત્રી તપોભૂમિ,

મથુરા-૨૮૧ ૦૦૩

ટેલિફોન :

(૦૫૬૫)૪૦૪૦૦૦,૪૦૪૦૧૫

વાર્ષિક લવાજમ : ૪૫ રૂપિયા

આજીવન લવાજમ : ૫૦૦ રૂપિયા

વિદેશનું લવાજમ

વાર્ષિક : ૧૦ પાઉન્ડ/૧૫ ડોલર/ ૪૦૦ રૂપિયા

આજીવન : ૧૦૦ પાઉન્ડ/ ૧૫૦ ડોલર/ ૪૫૦૦ રૂપિયા

વર્ષ - ૨૬ અંક-૧૧

નવેમ્બર - ૧૯૯૬


## જગત જનનીની કૃપાથી નારીના સ્વરૂપની સમજણ

હે મા ! આપનું સાન્નિધ્ય મેળવીને અમે જાણી શક્યા છીએ કે, 'નારી બ્રહ્મ વિદ્યા છે, શ્રદ્ધા છે, શક્તિ છે, પવિત્રતા છે, કળા છે અને જે આ દુનિયામાં સર્વશ્રેષ્ઠના રૂપમાં જોવા મળે છે તે સર્વ કંઈ છે. નારી કામધેનુ છે, અન્નપૂર્ણા છે, સિદ્ધિ છે, રિદ્ધિ છે અને તે સર્વસ્વ છે જે માનવ પ્રાણીના સમગ્ર અભાવો, દુઃખો અને સંકટોનું નિવારણ કરવામાં સમર્થ છે.' જો તેને શ્રદ્ધાયુક્ત સદ્ભાવના અર્પણ કરવામાં આવે તો તે વિશ્વના કણેકણને સ્વર્ગીય પરિસ્થિતિઓથી ઓતપ્રોત કરી શકે છે.

આપનું વાત્સલ્ય મેળવીને અમે સમજ્યા કે નારી સનાતન શક્તિ છે. તે આદિકાળથી સામાજિક જવાબદારીઓ પોતાના ખભા પર ઉપાડી રહી છે. આ જવાબદારીઓ ફક્ત પુરુષના ખભા પર નાખી હોત, તો તે ન જાણે ક્યારે ડગમગી ગયો હોત. વિશાળ ભવનોનો અસહ્ય ભાર ઉઠાવનાર ઈંટની માફક નારી કર્તવ્યનિષ્ઠ બનીને મનોયોગ, સંતોષ અને પ્રસન્નતાની સાથે જવાબદારી ઉપાડી રહી છે. તે માનવીય તપસ્યાની સાકાર પ્રતિમા છે.

ભૌતિક જીવનની લાલસાઓને તેની પવિત્રતાએ અટકાવી અને મર્યાદિત કરીને પ્યારની દિશા આપી. પ્રેમ નારીનું જીવન છે. પોતાની આ થાપણને તે પ્રાચીનકાળથી માનવ પર સમર્પિત કરતી આવી છે. કદી ન અટકનાર આ અમૃતધારાએ દુનિયાને શાંતિ અને શીતળતા આપી છે.

હે જગત જનની ! આપની કૃપાથી અમે અમારા અંતઃકરણમાં આ ઋષિવાણીનો અનુભવ કરીએ છીએ -

**વિદ્યા સમસ્તાસ્તવ દેવિ ભેદાઃ સ્ત્રિયઃ સમસ્તા સકલા જગત્સુ ॥**
**ત્વયૈક્યા પૂરિતમમ્બયૈતત્ કા તે સ્તુતિઃ સ્તવ્યપરા પરોક્તિ ॥**

હે દેવિ ! સમગ્ર દુનિયામાં સર્વ વિદ્યાઓ તમારામાંથી ઉદ્ભવી છે અને સર્વ સ્ત્રીઓ તમારું જ સ્વરૂપ છે, સમગ્ર દુનિયા તમારાથી ભરેલી છે. આથી તમારી સ્તુતિ કેવી રીતે કરીએ ?

અંતઃકરણમાં આ ભાવની ઘનિષ્ઠ અનુભૂતિથી પ્રેરિત થઈને અમે સર્વ આપના સંતાનો, આપની દ્વિતીય પુણ્યતિથિના અવસર પર યુગ શક્તિ ગાયત્રીના આ અંકને 'નારી-અંક'ના રૂપમાં આપને સમર્પિત કરીએ છીએ. હે મા ! ભાવોની આ પુષ્પાંજલિનો સ્વીકાર કરો. અમો સર્વ પર હંમેશની માફક આપના પાલવની શ્રેષ્ઠ છાયા પાથરતા રહો.




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# જીવનની શાંતિ માના ચરણોમાં

સૂફી સંત બાયજીદને સંસાર પરથી વિરક્તિ થઈ ગઈ, તેમણે ઘરનો ત્યાગ કરી દીધો અને બ્રહ્મઆરાધનામાં ડૂબી ગયા. પોતાના પુત્રની યાદમાં રોતાં રોતાં બાયજીદની માતાએ આંખો ગુમાવી દીધી. આ વાત સાંભળીને બાયજીદ ખૂબ જ દુઃખી થયા. તેમણે કહ્યું, "મનુષ્ય જીવનની શાંતિ માના ચરણોમાં રહેલી છે. મારું કેટલું દુર્ભાગ્ય કે તેને શોધવા બહાર નીકળ્યો." બાયજીદ ઘેર પરત આવ્યા અને પોતાનું બાકીનું જીવન માની સેવા અને માતૃત્વના ઉદ્ધારમાં જોડી દીધું.

સંસારમાં આવેલ દરેક પ્રાણી મા કરતા વધુ બીજા કોઈનો ઋણી નથી. બીજા આશા રાખે છે, પરંતુ તે ત્યાગ કરે છે. તેની કરુણા, સ્નેહ, મમતા અને વાત્સલ્યનો રસ પીને જ મનુષ્ય, મનુષ્ય કહેવડાવા માટેનો અધિકારી બને છે. અયોધ્યાના સિંહાસન પર રામ બિરાજમાન થઈ ગયા હતા. રાજ્યની પ્રજાને કોઈ પ્રકારની કોઈ પીડા કે દુઃખ છે કે નહીં તે જાણવા માટે તેમના ગુપ્તચર પરિભ્રમણ કરતાં હતાં અને દરરોજ રામને બધી જ માહિતી આપતા હતા. એક દિવસ એક ગુપ્તચરે ભગવાન શ્રીરામને એક એવી ઘટના બતાવી, જેનાથી માતૃત્વની યથાર્થ મહિમા પ્રગટ થાય છે.

એક મા પોતાના બાળકને સ્તનપાન કરાવી રહી હતી. બાળકનું મન રમતમાં હતું, તેથી તે વારંવાર સ્તન પરથી મોં હટાવી લેતો હતો. મા દરેક વખતે સ્તન મોંમાં નાખતી અને બાળક દરેક વેળા અરુચિ બતાવતો. તેથી ભાવવિભોર માએ બાળકને સંબોધન કરતાં કહ્યું, "મારા લાલ ! આપણે બંને રામરાજ્યમાં જન્મ્યા છીએ, જ્યાં દરેક વ્યક્તિ અજ્ઞાન, અશક્તિ અને અભાવથી મુક્ત છે. આ રાજ્યમાં કોઈનો પુનર્જન્મ થતો નથી. અહીંનું દરેક પ્રાણી સંસારચક્રની આવનજાવનથી મુક્ત થઈ જાય છે. ફરીથી મારે ન તો માના રૂપમાં જન્મ લેવાનો છે કે ન તો તારે પુત્રના રૂપમાં જન્મ લેવાનો છે. તને સંતોષ થાય તેટલું દૂધ પીવડાવવાની મારી મહેચ્છા અધુરી ન રહી જાય. તાત ! આથી તું મારું મીઠું દૂધ જીવ ભરીને પી લે. ગુપ્તચર આ સંવાદ સંભળાવીને ભાવવિહ્વળ બની જાય છે, સ્વયં પ્રભુ શ્રીરામની આંખો કરુણાથી ભરાઈ જાય છે. માની મમતાનું આ ઉપાખ્યાન કઠોરમાં કઠોર હૃદયમાં ભાવનાઓનો ઉભરો પેદા કરે છે.

મા સર્વવ્યાપી સત્તાની પ્રતિકૃતિ છે. દેશજાતિની સંકુચિતતાઓ તેની મમતાને કદી અટકાવી શકી નથી. તેની ભાવ સંજીવનીએ પૌરુષને મહાનતા અર્પણ કરી છે. તેણે ખુદ માનવીને માનવીય ગરિમા આપી છે. રામ, કૃષ્ણ, ગૌતમ, મહારાણા પ્રતાપ, શિવાજી, વીર હમ્મીર, સોક્રેટિસ, અરસ્તુ વગેરે સર્વ મહાપુરુષોના જીવનમાં છલકનારી સંવેદના, પ્રાણ અને પ્રકાશ તેમની માના સ્તનો મારફત મળ્યાં છે.

આ મહાન મહિમાયુક્ત 'મા'ની પ્રતિષ્ઠા જ માનવતાની સાચી પ્રતિષ્ઠા છે. નારીના વિવિધ રૂપોમાં માના જ સંસ્કાર સર્વત્ર સમાયેલા છે. તેની પવિત્રતાનું રક્ષણ, માતૃત્વનું સન્માન અને તેના ઉપકારોનું મૂલ્ય ચુકવવાનું આપણું કર્તવ્ય ભૂલાઈ જવું જોઈએ નહીં. માનું ઋણ એટલું અપાર અને અનંત છે કે આજથી જ ચુકવવામાં આવે તો પણ તે મૃત્યુ સુધી કદાચ પૂરું ચુકવી શકાય.

આધુનિક સભ્યતાના અનેક શાપોમાં એક એ પણ છે કે જે માએ અનેક દુઃખો અને તકલીફો વેઠીને જન્મ આપ્યો છે, તેની જ ઉપેક્ષા થવા લાગી છે. તેનો અનાદર વધી રહ્યો છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વિલાસિતા પ્રત્યે લોકોનું આકર્ષણ એટલું બધું વધી ગયું છે કે નારીના માતાના રૂપની અવગણના થઈ રહી છે અને તેના રમણી તથા કામિની સ્વરૂપની ઉપાસના શરૂ થઈ ગઈ છે. આ બાબતને એમ પણ કહી શકીએ છીએ કે આજનો માનવી શાંતિ અને શીતળતા આપનારા ઝરણાથી દૂર રણસ્થળમાં મૃગજળની પાછળ ભટકી ગયો છે. નિરાશા, અશાંતિ, અસંતોષ, કલહ, કટુતામાં ડૂબીને દંપતિ સામાજિક જીવનમાં બુરાઈઓ ફેલાવે છે. આ એક કડવું સત્ય છે કે જે માની પ્રત્યે કૃતજ્ઞ બની શકતો નથી, તે સમાજની પણ અવગણના કરે છે. આવો સ્વાર્થ અને સંકુચિતતાની પ્રવૃત્તિવાળો મનુષ્ય કોઈ પણ મનુષ્ય સાથે છળકપટ કરી શકે છે. મૂળ પ્રશ્ન વ્યવહારનો નથી, તત્ત્વજ્ઞાનનો છે. જો લોકો સંકુચિત માન્યતાઓમાં ડૂબેલા રહે તો સમાજના નુકસાનની શક્યતાઓ ઘણી વધી શકે છે. આજે આવું જ થતું જોવા મળે છે. કૃતજ્ઞતાનો અભાવ તો કેવળ જંગલી અને ઘાતકી જાનવરોમાં જ હોય છે. આ સામાજિક જીવનનું એક એવું પાપ છે, જે જીવનને જંગલી બનાવી દે છે. માની પ્રત્યે બતાવેલી કૃતઘ્નતા કોઈ પણ રૂપમાં હિતકારક નથી, ભલે તે વૈયક્તિક હોય કે સામાજિક. એનાથી માતૃત્વનું તો કંઈ બગડશે નહીં, પોતાની ભાવનાઓથી તો તે ભાવવિભોર રહેવાનો આનંદ લેશે જ, પરંતુ મનુષ્ય જ પોતાના પગ પર કુહાડી મારવા જેવું સ્વયંનું અહિત કરશે.

દરેક જાતિ અને સંસ્કૃતિમાં માને કોમળતા અને પવિત્રતાની મૂર્તિ બતાવી છે. રોમન કેથોલિક ધર્મમાં મેડોના અને પુત્રના રૂપમાં યીશુના ફોટાની પૂજા કરવામાં આવે છે. એને પુત્ર અને માની ઘનિષ્ઠ આત્મીયતાની અભિવ્યક્તિ કહેવી જોઈએ. લીબિયામાં માતૃત્વને કાયદાકીય સન્માન આપીને તેનું મહત્ત્વ રજૂ કર્યું છે. અતિ ક્રૂર મનુષ્ય પણ માની પાસે આવીને થોડી ક્ષણોને માટે બળતા વિદ્વેષી જીવનમાં શાંતિનો અનુભવ કરે છે. ભારતીય સંસ્કૃતિમાં તો, **'યા દેવી સર્વભૂતેષુ માતૃરૂપેણ સંસ્થિતા'** કહીને તેને સર્વવ્યાપી હોવાની જાહેરાત કરી છે. જે તેની મહિમા અને ગરિમાને જોતાં યોગ્ય જ છે.

નારીને ભાવ સંવેદનાનો પર્યાય કહેવામાં આવે તો અતિશયોક્તિ ગણાશે નહીં. આ તેના જન્મજાત સંસ્કાર છે. આ કારણને લીધે તે બાલ્યાવસ્થાથી જ સ્નેહ અને શ્રદ્ધાની પાત્રતા ટકાવી શકી છે. જો તેનું આત્મસન્માન થતું રહે તો તે પોતાની તપશ્ચર્યાથી સમગ્ર સમાજને ગૌરવશાળી બનાવી શકે છે. બાળપણમાં તે પિતા અને મોટા ભાઈઓનો સ્નેહ અને લાડપ્યાર મેળવીને ઘરના કામ કરતી રહે છે, તો ગૃહસ્થ જીવનમાં તે ત્યાગના સિંહાસન પર સવાર થાય છે. સમગ્ર ઘરની સેવાસાધના અને પતિને સ્નેહ વરસાવીને જે કાર્ય નારી કરે છે તેવું કાર્ય સૃષ્ટિનું અન્ય પ્રાણી જવલ્લે જ કરતું હશે. માના રૂપમાં તો તે ભાવનાઓની સાકાર પ્રતિમા જ છે. આટલો બધો ત્યાગ ઈશ્વરીય સત્તા સિવાય બીજું કોઈ કરી શકતું નથી. તેની આ કૃપાનો આભાર વ્યક્ત કરવા માટે ભારતીય સંસ્કૃતિએ તેને પરમેશ્વરીનું સ્થાન આપ્યું અને પરમાત્માનું નારી રૂપ માતા ગાયત્રીની ઉપાસના પ્રચલિત કરી. એ સર્વવ્યાપક અને વિશ્વ ઉપાસનાના રૂપમાં સન્માનિત થઈ. તેનાથી માતૃસત્તાની મહિમા સાબિત થાય છે.

જ્યાં સુધી માના આશીર્વાદ રહ્યા ત્યાં સુધી આ દેશ સર્વશક્તિયુક્ત રાષ્ટ્ર રહ્યો, પરંતુ હવે તેના પતનથી સમગ્ર દેશ અંધકારના ખાડામાં ગબડતો ગયો. જોકે હવે આપણે પ્રગતિ માટે ઊભા થયા છીએ, ત્યારે માના આશીર્વાદ લેવા જરૂરી છે. તેના સિવાય એક કદમ પણ આગળ વધી શકતાં નથી, કદાચ વધીએ તો પણ પ્રગતિ સ્થિર રહેશે કે કેમ એ શંકાસ્પદ રહેશે.

***


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# કુટુંબ રૂપી સંસ્થાની ધરી નારી

પૈડાની ગતિ ધરી વિના થઈ શકતી નથી અને તેનું અસ્તિત્વ પણ રહેતું નથી. ધરી નબળી પડતાં તેના એક એક આરા છૂટા પડી જાય છે અને પૈડું નકામું બની જાય છે. આજ વાત બરાબર કુટુંબમાં નારીને લાગુ પડે છે. નારી કુટુંબની ધરી છે. તેની સંવેદના કુટુંબને પરસ્પર જોડી રાખે છે. તે ઘટી જતાં કુટુંબ વેરવિખેર અને નષ્ટ થવામાં વાર લાગતી નથી. આ જ કારણને લીધે સ્વામી દયાનંદે લખ્યું છે, "એક પુરુષ શિક્ષિત અને સુસંસ્કૃત હોય તો માત્ર તે એકલો જ ઉપયોગી બને છે, પરંતુ એક સ્ત્રી જો શિક્ષિત, સમજદાર અને સુયોગ્ય હોય તો સમગ્ર કુટુંબ સુદૃઢ બની શકે છે."

સ્ત્રી સિવાયના કુટુંબની કલ્પના કરી શકાય નહીં. આમ તો એકલો પુરુષ પણ કુટુંબ વસાવવામાં અસમર્થ છે અને એકલી સ્ત્રી પણ અસમર્થ છે, પરંતુ મુખ્ય ભૂમિકા કોની છે ? આ વાત નક્કી કરવી હોય તો સ્ત્રી પર જ ધ્યાન કેન્દ્રિત થઈ જાય છે. તેનું કારણ એ છે કે કુટુંબની આંતરિક વ્યવસ્થામાં તેની ભૂમિકા મહત્ત્વપૂર્ણ છે. કુટુંબમાં સુખશાંતિ, સુવ્યવસ્થા અને અનુકૂલનનું વાતાવરણ જાળવી રાખવાની જવાબદારી મુખ્યત્વે સ્ત્રીએ જ નિભાવવી પડે છે. એટલા માટે તેને ગૃહિણી, ગૃહસ્વામીની અને ગૃહલક્ષ્મી જેવાં વિશિષ્ટતાદર્શક સંબોધનથી સંબોધિત કરવામાં આવે છે. પુરુષના માટે આવું કોઈ સંબોધન વપરાતું નથી.

વાસ્તવમાં નારી કુટુંબનું હૃદય અને પ્રાણ છે. કુટુંબનું અસ્તિત્વ અને વાતાવરણ તેના બધા સભ્યો પર આધારિત છે, પરંતુ સૂત્રધારનું સ્થાન શું છે એ જોવું હોય તો તેમાં ગૃહિણીનું કાર્ય નિઃશંક મુખ્ય છે. સમાજશાસ્ત્રીઓ પણ માને છે કે જો સ્ત્રી ન હોત તો પુરુષને કુટુંબ વસાવવાની જરૂરિયાત સમજાત નહીં અને ન તો આટલો ક્રિયાશીલ બનત તથા ન તો આટલો જવાબદાર બનવા માટે પ્રયત્નશીલ રહેત.

સ્ત્રી અને પુરુષનું જોડકું બનવાથી માનવ જાતિના ઇતિહાસમાં કુટુંબની આધારશિલા રચાઈ અને સભ્યતાના વિકાસની શરૂઆત થઈ. કુટુંબમાં નારીનું સ્થાન અને મહત્ત્વ નક્કી કરતી વેળાએ આ હકીકત સારી રીતે સમજી લેવી જોઈએ કે ગૃહિણીનું તાત્પર્ય પત્ની જ નથી. સ્ત્રી ભલે કોઈ પણ રૂપમાં હોય, તે જે કોઈ કુટુંબમાં રહે છે ત્યાંના વાતાવરણને ચોક્કસ રૂપે પ્રભાવિત કરે છે. માતા, પત્ની, ફોઈ, બહેન, કાકી, દાદી, નણંદ, ભોજાઈ, દેરાણી, જેઠાણી વગેરે સર્વ રૂપોમાં નારી કુટુંબનું નિર્માણ કરવામાં મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે અને ત્યાંના વાતાવરણને અને ઘરના સભ્યોને પ્રભાવિત કરે છે.

તેની ઉદારતા અને સહિષ્ણુતાએ આજ સુધી જીવનના આધારભૂત મૂલ્યોને બરાબર જાળવી રાખ્યાં છે. આ આધારભૂત મૂલ્યો કયાં છે ? આ પ્રશ્નના જવાબમાં એ જ કહેવું પડશે કે આત્મભાવનાના વિસ્તારની પ્રક્રિયા સર્વોપરિ છે. વ્યાવહારિક સ્તર પર આ જ આત્મભાવના સહયોગના રૂપમાં પ્રતિફલિત થઈને માનવીય પ્રગતિનો મૂળ આધાર બને છે. સ્વાર્થવાદ, અલગતાવાદ, એકાકીપણાંની નકારાત્મક પ્રવૃત્તિઓને દૂર કરવી તથા બંધુત્વ, સહૃદયતા, સામૂહિકતાની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવું માની પ્રારંભિક



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પ્રશિક્ષણની ફળીભૂત થયેલી સિદ્ધિ છે. સામૂહિક શ્રમ અને પુરુષાર્થની પ્રવૃત્તિનું તથા કમાયેલ ધનને હળીમળીને જરૂરિયાત પ્રમાણે અને સમતોલપણે ખર્ચ કરવાનું સર્વોત્તમ પ્રશિક્ષણ તેના દ્વારા જ આપવામાં આવે છે. ચારિત્ર્ય, શિષ્ટાચાર, સૌજન્યતાની શ્રેષ્ઠ ભાવનાઓ તેના સાન્નિધ્યમાં અંકુરિત થાય છે. બીજાના માટે ત્યાગની દૈવી પ્રવૃત્તિના વિકાસની પ્રારંભિક પાઠશાળા કુટુંબ જ છે.

મનુષ્ય કુદરતી રીતે એક ખૂબ જ સ્થિતિસ્થાપક પ્રાણી છે. વાતાવરણને અનુરૂપ તેની વિશેષતાઓ ઘાટ મેળવે છે. એટલા માટે નાના બાળકોને માટીના લોંદા જેવા કહેવામાં આવે છે, જેમના ઘડતરની જવાબદારી મુખ્યત્વે માતાની છે. માતા પોતાના ભાવો અને વિચારોને અનુરૂપ બાળકોને આકાર આપી શકે છે. મનુષ્યના વ્યક્તિત્વ નિર્માણમાં પર્યાવરણ અને પ્રશિક્ષણનું મહત્ત્વ સૌથી વધુ છે. પશુપક્ષીઓ જેવી જાતીય સમાનતા અને સમરૂપતા કુટુંબમાં કદાપિ જોવા મળતી નથી. માનવી માનવી વચ્ચે ગુણ, કર્મ, સ્વભાવની અનેક વિવિધતાઓ જોવા મળે છે. પ્રશિક્ષણ વિના મનુષ્ય રામૂ વરૂ અને ચિપાન્જી જેવી સ્થિતિમાં પડ્યો રહેત. તેના માટેનું અવિરામ પ્રશિક્ષણ કેન્દ્ર દિવસ-રાત સતત નારીના નેતૃત્વમાં કુટુંબ રૂપી પાઠશાળાઓ ચલાવી શકે છે.

પશ્ચિમ દુનિયામાં કુટુંબની સ્વીકૃત વ્યાખ્યામાં માનવ જીવનના મર્યાદિત ક્ષેત્રોને સમાવવામાં આવ્યાં છે, કારણ કે ત્યાં નારીના પત્ની રૂપને જ મહત્ત્વ આપવામાં આવ્યું છે. આ કારણને લીધે જ નારીના અન્ય રૂપોમાંથી ઝરનારી ભાવ સંવેદનાઓના હજારો રંગોથી તે વ્યવસ્થા અલિપ્ત જ રહે છે. માનવીના ભાવ જગતના હજારો પડળો પશ્ચિમની કુટુંબ વ્યવસ્થામાં સૂના, ઉજ્જડ અને પ્રકાશહીન રહી જાય છે. ત્યાં ભાવ સંવેદનાઓના મેઘધનુષ્યરૂપી સપ્તરંગોની છટાઓ ત્યાં કદી પણ પ્રગટતી નથી. માબાપ અને વૃદ્ધો પ્રત્યે ગાઢ શ્રદ્ધા, ભાઈબહેનો વચ્ચેનો અનોખો પ્રેમ, આત્માનુશાસિત મર્યાદા અને આંતરિક સ્નેહ ત્યાં દેખાતાં નથી. નણંદભોજાઈ, જેઠાણીદેરાણી, ફોઈભત્રીજા વગેરે વચ્ચેના સંબંધોના બહુરંગી દૃશ્યો, પરિમાણો અને દેદિપ્યમાન ભાવનાઓથી ત્યાંના લોકો અજ્ઞાત અને અપરિચિત છે. દુનિયામાં કંઈ પણ એટલું એકાંગી, સીમિત અને સંકુચિત નથી જેટલું નારીને ફક્ત પત્નીના રૂપમાં માન્યતા આપનારી કુટુંબ વ્યવસ્થા સાથે જોડાયેલી ભાવ સંવેદનાઓ છે.

આ દુનિયામાં દરેક ક્ષેત્ર વિવિધ રંગી છે. પહાડો, નદીઓ, ઝરણાં, વૃક્ષો, ફળફૂલો, પ્રકાશ, પડછાયા, વાદળો બધા હજાર હજાર રૂપરંગો અને હજારો પ્રકારના દૃશ્યોમાં જોવા મળે છે. મનુષ્ય તો પ્રકૃતિનો લાડકો પુત્ર છે. તેના ચિંતન અને અનુભવ જગતનું સામર્થ્ય તો ખૂબ જ વિશાળ અને અગાધ છે. છતાં તે કૌટુંબિક સંવેદનાના નામ પર બે ચાર પ્રકારની જ સંવેદનાઓથી પરિચિત છે. તેની સંવેદના નરનારીના યૌન આકર્ષણ અને વૃદ્ધો પ્રત્યેની સામાન્ય ઔપચારિક્તા પૂરતી મર્યાદિત રહે તો એ તેના વિરાટ વ્યક્તિત્વને અનુરૂપ શોભા ગણાય નહીં. જો આટલા સીમિત સંબંધો અને ભાવનાત્મક રંગથી તે પરિચિત રહે તો એનાથી તેના વ્યક્તિત્વમાં એકલતા જ આવશે.

વિલક્ષણ પ્રતિભાયુક્ત અને વિશિષ્ટ સંવેદનશીલ મનુષ્યો કૌટુંબિક શિક્ષણ સિવાય પણ આત્મીયતાના વિસ્તારને વિશ્વ બ્રહ્માંડ સુધી વિકસિત કરી લે છે. પરંતુ સામાન્ય મનુષ્યો મોટેભાગે પ્રશિક્ષણથી મેળવેલ સંવેદનાઓ સુધી


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મર્યાદિત રહે છે. જે સમયમાં નારીની સંવેદનશીલતા ચારેતરફથી સંયુક્ત કુટુંબ પ્રત્યે પ્રગટ થતી હતી, તે સમયે આ દેશના સાધારણ નાગરિકોમાં પણ વ્યાવહારિક બંધુત્વ, આત્મીયતા, મૈત્રી તથા સામાજિક્તાના ગુણો હયાત હતા. જોકે પશ્ચિમના આધુનિક સભ્ય યુગમાં સભામંચ પરની ગોષ્ઠિઓમાં તેનો જોરશોરથી પ્રચાર થાય છે. પરંતુ ત્યાંના વ્યાવહારિક જીવનમાં તો અલગતા, દુષ્ભાવ, સંકુચિતતા અને એકલતાનું જ પ્રાધાન્ય છે.

એટલા માટે કૌટુંબિક જીવનમાં નારીની વિવિધ રૂપોથી વિકસેલી બહુરંગી ભાવ સંવેદનાઓનો સીધો સંબંધ અને મૂળ આધાર જીવન મૂલ્યોના વિકાસ અને પ્રશિક્ષણ સાથે છે. જ્યાં આ મૂળ આધારની ઉપેક્ષા થાય ત્યાં આ વ્યવસ્થાનું મૂલ્ય ઘટવા લાગે છે. આ વાસ્તવમાં મનુષ્યના જીવનદર્શનનું એક અંગ છે. જ્યાં આત્મીયતા અને મમતાનું આ જીવનદર્શન નથી, ત્યાં આ વ્યવસ્થા કાયમી બનવી મુશ્કેલ છે. જ્યાં પાયો જ ડગમગવા લાગે ત્યાં ઉપર ઉપરની મરામત ક્યાં સુધી કામ આપી શકશે.

સ્ત્રીઓ દ્વારા કુટુંબનું વાતાવરણ પ્રભાવિત થવાનું એક મુખ્ય કારણ એ પણ છે કે પુરુષ સભ્યો મોટાભાગનો સમય બહાર રહે છે. વૃદ્ધો અને અશક્ત પુરુષ સભ્યો ઘરમાં રહેતાં હોવા છતાં પણ તેઓ સ્ત્રીની માફક ત્યાંના વાતાવરણને પ્રભાવિત કરી શકતાં નથી. તેનું કારણ એ છે કે સ્ત્રીઓમાં કોમળતા, સંવેદના, કરુણા, સ્નેહ અને મમતાની જે વિશેષતાઓ હોય છે તેના કરતાં પુરુષોમાં મોટાભાગે તેનો અભાવ જ રહે છે. સ્ત્રીઓ ઘરના સભ્યોની વધુ નિકટ રહે છે અને તેમને જાણેઅજાણ્યે પાયાના મૂલ્યોથી પ્રશિક્ષિત કરતી રહે છે. નારીઓમાં કોમળતા અને દયાની કોઈ સીમા હોતી નથી. ઘરના કોઈ સભ્યમાં જો એકતરફી દુર્ગુણ હોય તો પણ માતા, મોટી બહેન, કાકી, દાદી વગેરે તેને માફ કરી દે છે. આ ઉપરાંત તે તેને અપેક્ષિત ઢાચાંમાં ઢાળી દેવા માટે કોઈ પણ દુઃખ સરળતાથી વેઠી લે છે.

ઐતિહાસિક ઉદાહરણ છે કે શિવાજીના પિતા મુસલમાન રાજાના દરબારમાં નોકરી કરતા હતા અને તેની તાબેદારી માનતા હતા. પરંતુ જીજાબાઈ પોતાના પુત્રને સ્વતંત્રતાનો યોદ્ધો બનાવવા ઇચ્છતી હતી. આના માટે તેમણે જરૂરી બધી તકેદારી રાખીને પોતાના પતિના પ્રભાવથી બચાવીને શિવાજીને અપેક્ષિત ઢાંચામાં ઢાળી દીધો. એ આશ્ચર્યજનક છે કે પિતા જેનું અન્ન ખાતા હોય, જેમનાથી કૃતજ્ઞ હોય, સંતાનને પણ પોતાના જેવો બનાવવાની ઇચ્છા હોય, તે પુત્ર વિપરિત દિશામાં જ વિકસિત થઈ જાય, પિતા કરતાં અલગ મનોદશાવાળો જ બની જાય, તે ઘટનાનું આશ્ચર્ય માના મહત્ત્વને જોતાં અસ્વાભાવિક નથી.

નારીની ભૂમિકા માત્ર સંતાન પ્રત્યે જ નહીં, બલ્કે સમગ્ર કુટુંબના નિર્માણમાં પુરુષના બદલે હજાર ગણી મહત્ત્વપૂર્ણ હોય છે. સુપ્રસિદ્ધ ફ્રેંચ સાહિત્યકાર નોબલ પુરસ્કાર વિજેતા રોમ્યા રોલાંની સિદ્ધિઓની પાછળ તેમની બહેનની સ્નેહયુક્ત સેવા અને ત્યાગભાવ હતો. હિન્દુસ્તાનના બાદશાહ શાહજહાંની વિલાસી પ્રવૃત્તિઓને ઈશ્વર પ્રત્યે વાળવાનું શ્રેય તેની પુત્રી જહાંનઆરાને ફાળે જાય છે. મેવાડના રાણા ઉદયસિંહના વ્યક્તિત્વનું નિર્માણ પન્નાધાય (દૂધ માતા)ને હાથે થયું હતું. એટલા માટે કુટુંબ સંસ્થાના મહત્ત્વની સાથે નારીનું મહત્ત્વ અવિભક્ત રૂપથી જોડાયેલું છે. આથી જ નારીને ગૃહિણી અને ગૃહલક્ષ્મીનું સન્માનીય વિશેષણ આપીને સંબોધિત કરવામાં આવી છે. તેનું કારણ એ છે કે પ્રકૃતિએ તેને નૈતિક દૃષ્ટિથી સુદૃઢ અને


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સ્વભાવની દૃષ્ટિથી દૈવી ગુણોથી ભરપુર બનાવી દીધી છે. તેનામાં મધુરતા તથા સદ્ભાવનું અમૃત વહેતું રહે છે. ત્યારે જ મેવાડની મહારાણી કર્મવતીએ ભિન્ન ધર્મવાળા હુમાયુને રાખડી બાંધીને પોતાના કુટુંબનો ગાઢ સભ્ય બનાવી દીધો હતો. તેના પ્રેમથી વિવશ બનીને બાદશાહ હુમાયુએ સગા ભાઈની ભૂમિકા નિભાવી હતી. પોતાના આવા પ્રેમ દ્વારા મહિલાઓ ઘરના અશાંત સભ્યોને ધીરજ આપતી રહી છે તથા કુટુંબ રૂપી સંસ્થાનો પાયો મજબૂત કરતી રહી છે.

કુટુંબની સુખશાંતિનો આધાર કુટુંબમાં રહેલ સ્નેહ, સહયોગ અને સદ્ભાવ જ અનિવાર્ય છે. ઘરમાં એનાથી સ્વર્ગીય વાતાવરણનું સર્જન થાય છે અને ગૃહિણી આ વાતાવરણનું નિર્માણ કરે છે, કારણ કે કુટુંબની આંતરિક વ્યવસ્થાની નિયંત્રણકર્તા તે જ છે. કુટુંબમાં સુસંસ્કારિતાભર્યું વાતાવરણ જાળવી રાખવાની જવાબદારી પણ તેની જ છે. સુસંસ્કૃત કુટુંબના બધા સભ્યો એકબીજાની સગવડોનું ધ્યાન રાખે, પરસ્પર આદર સન્માન કરે, એકબીજાને સહકાર આપે અને સ્નેહ, સદ્ભાવ તથા ઉદારતાભર્યો વ્યવહાર કરે એ ખૂબ જ જરૂરી છે. આ બધા વ્યવહારો માટેની પ્રેરણા પૂરી પાડવાનું કાર્ય મહિલાઓ વધુ કુશળતાપૂર્વક કરી શકે છે.

આ માટે નારીઓ પોતાના સ્વયંના વ્યવહારો પણ સંસ્કારપૂર્ણ આચરે તે જરૂરી છે. કુટુંબના નાના સભ્યો પ્રત્યે અસીમ મમતા, પ્યાર અને સ્નેહ દાખવે અને બરાબરીના સભ્યો સાથે પ્રેમપૂર્ણ સ્નેહાળ સ્વભાવ જાળવે તથા વડીલો પ્રત્યે શ્રદ્ધા અને સન્માનભર્યું વર્તન કરે. વ્યવહાર પણ વિવેકયુક્ત હોવો જોઈએ. આમ, કુટુંબની ભાવનાત્મક અને વૈચારિક જરૂરિયાતો તથા કુટુંબના સભ્યોના નિર્માણ સંબંધી જવાબદારીઓ મહિલાઓ ઘણી સરળતાપૂર્વક પૂરી કરી શકે છે. તેમની આ જવાબદારીનાં વહનથી તૂટી રહેલી અને વેરવિખેર થઈ રહેલી કુટુંબ રૂપી સંસ્થા ફરીથી પોતાનું ગુમાવેલું સૌંદર્ય મેળવી શકે છે. આ રીતે તેઓ કુટુંબની ધરી બનીને સમાજ માટે સાચા અર્થમાં દેવી બની શકે છે.

❀ ❀ ❀

તે જમીનદારે વિધવા વૃદ્ધાનું ખેતર બળજબરીથી પડાવી લીધું. વૃદ્ધાએ ગામના બધા લોકો પાસે આ અત્યાચારથી બચાવવાની વિનંતી કરી, પરંતુ જમીનદારની સામે જઈને તેની રજૂઆત કરવાની કોઈની હિંમત ન હતી. દુઃખી વૃદ્ધાએ સ્વયં સાહસ કરીને જમીનદાર પાસે જઈને કહ્યું કે ખેતર પાછું ન આપો તો કંઈ નહીં, પરંતુ તેમાંથી એક ટોપલી માટી ખોદી લેવા દો, જેથી કંઈક તો મળ્યાનો સંતોષ થઈ જાય. જમીનદારે પરવાનગી આપી અને વૃદ્ધાને ખેતરમાં સાથે લઈને ગયો. તેણે રડતાં જઈને એક મોટી ટોપલી માટીથી ભરી લીધી અને કહ્યું તેને ઉપડાવીને મારા માથા પર મૂકાવી દો.

ટોપલી ઘણી ભારે થઈ ગઈ હતી. જમીનદારે અકડાઈને કહ્યું, "વૃદ્ધા, આટલી બધી માટી માથા પર મૂકીશ તો દબાઈને મરી જઈશ." વૃદ્ધાએ વળતો જવાબ આપ્યો, "જો આટલી સરખી માટીથી હું દબાઈને મરી જઈશ તો તું સંપૂર્ણ ખેતરની માટી લઈને કેવી રીતે જીવતો રહીશ."

જમીનદારે કંઈક વિચાર કર્યો, તેનું માથું શરમથી નમી ગયું અને વૃદ્ધાને ખેતર પાછું આપી દીધું.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સત્યમ્ શિવમ્ સુન્દરમ્

મહામનીષીઓ, ઋષિઓ અને તત્ત્વજ્ઞાનીઓએ માનવજીવનનો જે સાર શોધ્યો છે તે સત્યં, શિવંમ, સુંદરમની ત્રિપુટીમાં સમાયેલ છે. જે માનવીના જીવનમાં સત્ય, શિવ અને સુંદરના ગુણો સમાઈ ગયા તેને દરેક પ્રકારથી ધન્ય માની શકાય. તેના માટે શું લોક કે પરલોક, દરેક રીતથી સાર્થક તથા સુખદાયક બની જાય છે.

સત્યં, શિવં, સુંદરમની અનુભૂતિ પ્રાપ્ત કર્યા પછી બીજું કંઈ જ પ્રાપ્ત કરવાનું બાકી રહેતું નથી. જીવાત્મા જે અનંત અને અક્ષય આનંદ માટે તડપે છે તે આ ત્રિતત્ત્વોમાં સમાવિષ્ટ છે. એને પામવાનો અર્થ છે આનંદ પ્રાપ્ત થવો.

ધર્મ, અર્થ, કામ, મોક્ષના ક્રમમાં જે રીતે ધર્મ પ્રથમ છે તે રીતે સત્યં, શિવં, સુંદરમ્માં સત્યનું પ્રથમ સ્થાન છે. આ ક્રમમાં પ્રાથમિક્તાનો અર્થ છે અગ્રીમતા. ધર્મ વગર અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ અસંભવ છે અને સત્ય વિના શિવં અને સુંદરમનું કોઈ અસ્તિત્વ નથી. જે સત્ય છે તે જ શિવ અને સુંદર છે અને જે શિવ તથા સુંદર છે એ સત્ય હોવું જ જોઈએ. શિવં અને સુંદરમને સત્યનું જ પરિણામ માનવું જોઈએ. જે સત્યનો ઉપાસક છે તેને શિવં અને સુંદરની પ્રાપ્તિ સ્વયં થઈ જાય છે. તેથી જ જીવનની સફળતા તથા સાર્થક્તા માટે મનુષ્યને સત્યની શોધ અને ઉપાસનામાં જ સંલગ્ન થવું જોઈએ.

સત્ય શું છે ? તે ક્યાં રહે છે ? અને તેને કેવી રીતે પ્રાપ્ત કરી શકાય છે. આ બધા પ્રશ્નોના જવાબ છે કે સત્ય કોઈપણ વસ્તુનું અંતિમ સ્વરૂપ છે જેમાં કોઈ વિકાર અથવા પરિવર્તનનો અવસર જ ન હોય. સત્યનું નિવાસસ્થાન સંસારના પ્રત્યેક અણુમાં છે અને તે વિશ્વાસ સંપૂર્ણ જીજ્ઞાસાના બળ પર પ્રાપ્ત કરી શકાય છે.

જે આ સમગ્ર સૃષ્ટિમાં નજરે પ્રત્યક્ષરૂપમાં દેખાય છે તે ચિરંતન સત્ય નથી. કારણ કે તે કોઈ પણ વિષયનું પરિવર્તિત સ્વરૂપ છે અને પ્રત્યેક ક્ષણ પરિવર્તનશીલ છે. સત્યની શોધ માટે કોઈપણ વિષયના બાહ્યસ્વરૂપથી અલગ થઈને અંતઃરૂપ પર દૃષ્ટિ નાખવી પડશે. તેના આદિ અને અંતિમરૂપની જાણકારી કરવી પડશે. આપણે જે જડ ચેતન એટલે ચર, અચર જોઈએ છે તે માત્ર સર્જન છે, નિર્માણ છે, જે કોઈ વિશેષ તત્ત્વ મારફતે નિર્મિત થયેલ છે. કોઈપણ વસ્તુનું આદિ (મૂળ) સ્વરૂપ જ શાશ્વત સત્ય છે, જે અંતમાં પણ પાછું પોતાના મૂળ સ્વરૂપમાં જ ફેરવાંઈ જાય છે. જો આ રીતે સૂક્ષ્મ દૃષ્ટિથી જોવા જઈએ તો શું મનુષ્ય, શું વનસ્પતિ, શું પશુ, પક્ષી, પોતાના વર્તમાન સ્વરૂપમાં સત્ય નથી. એમનું સત્ય સ્વરૂપ એ તત્ત્વમાં છે જેની સહાયતાથી આ સર્વનું સર્જન થયું છે અને એ એક જ તત્ત્વ છે પરમાત્મા. પરમાત્માની ઉપાસના એટલે સત્યની ઉપાસના અને સત્યની ઉપાસના એ પરમાત્માની ઉપાસના છે.

ઉપરોક્ત સત્યની જે ચર્ચા કરી તે તાત્ત્વિક દૃષ્ટિથી પરમ સત્યની ચર્ચા છે. પરંતુ આ પરમ સત્યને સંસારમાં જ્યારે વ્યાવહારિક રૂપે ધારણ કરીએ છીએ ત્યારે તેનું સ્વરૂપ થોડુંક બદલાઈ જાય છે. જેમકે ઈશ્વરનું રૂપ હોવા છતાં મનુષ્યના વિગ્રહમાં મનુષ્ય જ ઉપાધિનું કારણ છે. મનુષ્ય ઈશ્વરનું વ્યાવહારિક રૂપ છે જે સૃષ્ટિની સહાયતાથી આત્મસ્વરૂપની અભિવ્યક્તિ માટે બધા વ્યવહાર કરે છે. મનુષ્યનું સમગ્ર કાર્ય પોતાના સત્ય સ્વરૂપને પ્રાપ્ત કરવાનો કાર્યક્રમ માત્ર છે.

આ વૈવિધ્ય પૂર્ણ સંસારમાં સત્યના વિવિધ રૂપો છે, જેમની સાથે યોગ્ય વહેવાર કરીને



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મનુષ્ય એકબીજાના આત્મસ્વરૂપ તરફ વધવામાં સહયોગ આપે છે.

સંસારમાં જે કંઈ પણ આચાર, વિચાર, વ્યવહાર કરીએ તે સત્ય જ હોવો જોઈએ. કારણ કે સત્ય વિના કોઈપણ આચાર વ્યવહાર મનુષ્યને પ્રતિકૂળ દિશામાં લઈ જાય છે જેથી આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાને બદલે આત્મવિસ્મૃતના અંધકારમાં ફસાઈ જાય છે. એ જ કારણ છે કે તત્ત્વચિંતન કરનારે મિથ્યાચારને દરેક પરિસ્થિતિમાં સર્વથા વર્જીત બતાવ્યા છે.

મનુષ્યનું પ્રત્યેક કાર્ય મિથ્યાચાર છે જેનાથી કોઈપણ સમયે પોતાને અથવા બીજા કોઈને દુઃખમય બનાવે છે. વ્યાવહારિક જગતમાં એવા અનેક અવસરો આવી જાય છે જ્યારે સત્ય અસત્યના અને અસત્ય સત્યના રૂપમાં અર્થ માની લેવાય છે. માની લઈએ કે કોઈ દુષ્ટ કોઈને મારવા માટે પીછો કરતો આવે છે અને તે જ આદમી આપણા દેખતા એક સ્થાન પર છુપાઈ જાય છે, દુષ્ટ આવીને આપણને પૂછે કે એ આદમી ક્યાં છુપાયો છે. તમે ખરેખર જાણો છો કે તે આદમી ક્યાં છુપાયો છે, શું તમે તે દુષ્ટને શું જવાબ આપશો ? જો તમે સાચે સાચ બતાવી દો કે એ આદમી ત્યાં છુપાયો છે તો તે આદમી માર્યો જશે, જેથી આપ પણ તે હત્યાના ભાગીદાર બનશો. જો તમે સાચે સાચ જગ્યા નહીં બતાવો તો જૂઠું બોલ્યા છો એમ કહેવાય. આવા સમયે શું ઈચ્છનીય શું અનિચ્છનીયની ગડમથલમાં પડી જવાય છે.

આવા સમયે આપે નિર્ણય કરતાં પહેલાં વિચાર કરી લેવો જોઈએ કે આપ વ્યવહાર જગતમાં વર્તી રહ્યા છે કે આત્મજગતમાં. જો અધ્યાત્મ જગતમાં વર્તી રહ્યા હોય તો નિર્લિપ્ત ભાવ હોવાથી 'હા' અથવા 'ના' બંને સ્થિતિઓમાં આપ પાપના ભાગીદાર નહીં બનો. આ સમયે આપનો સત્ય ઉત્તર એ હશે જે તમારા અંતઃકરણમાં પ્રથમ પ્રતિધ્વનિન થયો હશે. 'હા' અથવા 'ના' કોઈ પણ ઉત્તર આપ્યા પછી જો તમારા અંતઃકરણમાં કોઈ દ્વંદ્વ ન ઉઠે અને તરત જ એ ઘટનાને ભૂલી જઈને આત્મસ્થ થઈ જાવ તો આપનો ઉત્તર નિષ્ફળ હશે, જેનું પરિણામ ન પાપ કે પુણ્ય હશે.

જો આપ તે સમયે વ્યાવહારિક જગતમાં ક્રિયાશીલ હશો તો આપે આપના કથનની ઉપયોગિતાનું પરિણામ સમજી ઉત્તર આપવો જોઈએ, જેનાથી વધારેમાં વધારે માનવીય હિતનો સમાવેશ હોય તે આપનો સાચો ઉચિત ઉત્તર હશે.

ઉપરોક્ત પરિસ્થિતિમાં આપનો નકારાત્મક ઉત્તર જ ઠીક રહે, કારણ કે તેથી એક નિરપરાધીના જીવનનું રક્ષણ થશે અને દુષ્ટ તાત્કાલિક હત્યાના પાપથી બચી જશે અને આ પ્રમાણે આપ પ્રાસંગિક સત્યનું રક્ષણ કરશો.

એના બદલે દુષ્ટથી ભયભીત થઈ છુપાયેલા વ્યક્તિની જગ્યા બતાવી દેશો અને માનશો કે એ વ્યક્તિ માર્યો જાય તો માર્યો જાય. મેં તો સત્ય જ કહી દીધું. પરંતુ આવા સમયે તમારું સત્ય એ ઘોર અસત્ય જ છે, જેના લીધે આપ પાપના ભાગીદાર બનો છો.

આ જ પ્રકારે કોઈ અપરાધી તમારી જાણમાં છુપાયો છે અને તેની તપાસમાં પોલીસ આપને આવીને પૂછે ત્યારે આપ એમ ન વિચારશો કે બિચારો પોલીસના ફંદામા ફસાઈ જશે અને દંડ પામશે, તમારી આવી દયા એક ઘોર અસત્ય છે. નિરપરાધી અને અપરાધીની રક્ષામાં સમાનતા ન હોય. જેમાં આપે એકમાં અસત્ય અને બીજામાં સત્ય કથનનો સહારો લેવો ન પડે.

જે વ્યવહાર જગતમાં આપણે વર્તીએ છીએ એમાં કથનની હિતકારીતા જ સત્યનું સ્વરૂપ છે અને એ જ સત્યની સાથે શિવનો સમાવેશ છે. પરંતુ કથનની હિતકારીતામાં કોઈ સ્વાર્થ, ભય, ક્રોધ અથવા મોહનો ભાવ ન હોવો જોઈએ.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જે પ્રકારે 'સત્ય'ની સાથે હિતકારિતાના રૂપમાં 'શિવ'ની આવશ્યક્તા છે તેજ પ્રકારે 'સુંદરમ્' અર્થાત્ મૃદુતા એટલે મધુરતા પણ સત્યનું એક અભિન્ન અંગ છે. સત્યના આ અંશ 'સુંદરમ્'નો સંબંધ ભાષા તથા અભિવ્યક્તિથી છે. કોઈ સત્યને વિકૃતિ, અતિરેક્તા, આવેશ, કટુતા અથવા ઉપહાસાત્મક વ્યંગની સાથે રાખવું અથવા સ્વયં સમજવું પણ એક પ્રકારની અસત્યની સેવા છે. કોઈ નગ્ન સત્યને શિષ્ટતાના વાઘા પહેરાવી પ્રદર્શિત કરવું યોગ્ય છે, નહીંતર કડવાશના કારણે કોઈને અનાવશ્યક કષ્ટ આપવા જેવું સત્ય પણ અસત્યનું રૂપ ગણાય છે. આ પ્રકારે સત્યનું સ્વરૂપ ત્યારે જ પૂર્ણ થાય છે જ્યારે તે શિવં અને સુંદરમ્ની સાથે જ હોય.

❀❀❀

ચિતોડનો રાજકુમાર એક ચિત્તાની પાછળ દોડી રહ્યો હતો. તે ઈજાગ્રસ્ત થઈને ઝાડીમાં સંતાઈ ગયો હતો. રાજકુમાર ઘોડાને ઝાડીની આજુબાજુ દોડાવી રહ્યો હતો, પરંતુ સંતાયેલા ચીત્તાને બહાર કાઢવામાં સફળ થઈ રહ્યો ન હતો.

ખેડૂતની છોકરી આ દૃશ્ય જોઈ રહી હતી. તેણે રાજકુમારને કહ્યુ, "ઘોડાને દોડાવવાથી અમારા ખેતરો ખરાબ થાય છે. તમે તો વૃક્ષની છાયામાં બેઠા છો. ચીત્તાને મારીને હું લાવી દઉ છું." તે એક મોટો દંડો લઈને ઝાડીમાં ઘુસી ગઈ અને મલ્લયુદ્ધમાં ચીત્તાને પછાડી દીધો. તેને ઘસડીને બહાર લઈ આવી અને રાજકુમારની સામે પછાડયો.

આ પરાક્રમ પર રાજકુમાર આશ્ચર્યચકિત થઈ ગયો. તેણે ખેડૂતને વિનંતી કરીને તે છોકરીની સાથે લગ્ન કરી લીધા. પ્રખ્યાત યોદ્ધા હમીરે તે છોકરીના પેટે જન્મ લીધો હતો. માતાઓને અનુરૂપ સંતાનોનું નિર્માણ થાય છે.

સુભદ્રાના પેટે અભિમન્યુ જન્મ્યો હતો. અંજનીએ હનુમાનને જન્મ આપ્યો હતો. શ્રેષ્ઠ સ્તરની માતાઓ પોતાના ગુણ કર્મ, સ્વભાવને અનુરૂપ જ શ્રેષ્ઠ સંતાનોને જન્મ આપે છે, હિરણ્યકશ્યપના ઘેર પ્રહલાદ જેવા ભક્તનો જન્મ થયો, તેમની ધર્મપ્રિય માતા કયાધૂની યોગ્યતાનું પ્રમાણ છે.

જે દેશમાં નારીપૂજા થતી નથી, તે દેશ કદી મહાન કે ઉન્નત બની શકતો નથી. નારી જાતિની શક્તિની અવગણના કરવાથી જ આજે આપણું અધઃપતન થયું છે. સ્ત્રીઓ માતાની પ્રતિમા છે. જ્યાં સુધી તેમનો ઉદ્ધાર થશે નહીં ત્યાં સુધી આપણા દેશનો ઉદ્ધાર થવો અશક્ય છે,

- સ્વામી વિવેકાનંદ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પત્ની ગુરુ બની

દરવાજા સામેથી પસાર થતી પશુઓની હાર જોઈને તે બૂમ પાડી ઉઠ્યો, 'ઉટ્ર-ઉટ્ર' પતિની બૂમ સાંભળીને અંદરથી ગૃહિણી બહાર આવી. તેના કાનમાં આ શબ્દો અક્ષરસઃ ઘૂસી ગયા. વ્યાકરણની મહાન પંડિતાઈન અને દર્શનનું રહસ્ય જાણનારી પત્ની નાગરી અને દેવભાષાની આ વિચિત્ર ખિચડી (મિશ્રણ) જોઈને અવાક્ બની ગઈ. લગ્ન થયાનો આજે આઠમો દિવસ હતો. જોકે આ એક અઠવાડિયામાં ઘણુંબધું ખુલ્લું થઈ ગયું હતું. જેને પરમ વિદ્વાન સમજીને દામ્પત્ય બંધન સ્વીકાર્યું હતું તે પરમ મૂર્ખ છે તેમ જણાવા લાગ્યું હતું. આજે ઊંટને સંસ્કૃતમાં બોલવાના દંભી પ્રયત્ને અનુમાન પર પ્રામાણિક્તાની મહોર મારી દીધી.

હાય ! આટલું મોટું કપટ ! આવી છેતરપીંડિ ! તે દુઃખી થઈ ગઈ. દુઃખને ગળી જવાનાં પ્રયત્નમાં તેણે નીચેના હોઠના જમણા છેડાને દાંત વડે દબાવ્યો. ઓહ ! નારી તું કેટલું સહન કરીશ ? તારા નસીબમાં કેટલી બધી પીડાં છે ? આંસુઓની ધારાથી તારો પાલવ ક્યાં સુધી ભીનો થતો રહેશે ? આવા વિચારોના ખ્યાલમાં તેને ખબર પડી કે તે તેમને જમવા માટે બોલવવા આવી હતી. વિચારધારાને એક બાજુ ધકેલી દઈને તેણે પતિના ખભા ઉપર હાથ મૂકતાં કહ્યું, "આર્ય ભોજન તૈયાર છે."

"સારું", આમ કહીને તે ચાલી નીકળ્યો. ભોજન કરતાં સુધી બંને મૌન રહ્યા. હાથ ધોવડાવ્યા પછી ગૃહિણીએ બોલવાની શરૂઆત કરી કે, "સ્વામી ! "

"બોલો" અવાજમાં અધિકાર હતો. "જો તમે આજ્ઞા કરો તો હું તમારી જ્ઞાનવૃદ્ધિમાં સહાયક બની શકું છું."

"તમે જ્ઞાનવૃદ્ધિમાં" આશ્ચર્યથી પુરુષે તેની તરફ આંખ ઊંચી કરી.

"હા". અવાજને ખૂબ જ વિનમ્ર બનાવતા તેણે કહ્યું, "અજ્ઞાન પોતાના સહજ રૂપમાં એટલું બધું ખતરનાક હોતું નથી, જ્યાં સુધી તેના પર જ્ઞાનનું ઢોંગી આવરણ ચઢેલું ના હોય.

"તો.... તો હું અજ્ઞાની છું." અચકાતા શબ્દોમાં ભેદ ખુલી જવાની શરમ દેખાઈ આવતી હતી.

"ના-ના તમે અજ્ઞાની નથી." અવાજને સન્માનીય બનાવતા તે બોલી, "પરંતુ જ્ઞાન અનંત છે અને હું ઇચ્છું છું કે તમારામાં જ્ઞાન પ્રત્યે તાલાવેલી જાગે. જ્ઞાનને ઉંમર સાથે કોઈ લેવાદેવા નથી. આપણે ત્યાં આર્ય પરંપરામાં વાનપ્રસ્થ અને સંન્યાસ આશ્રમમાં પણ વિદ્યા પ્રાપ્ત કરવાની પ્રથા ચાલુ છે. કેટલાય ઋષિઓએ અને સ્વજનોએ જીવનની એક લાંબી અવધિ વીતી ગયા પછી પણ વિદ્યામાં નિપુણતા મેળવી છે.

"એ વાત તો બરાબર છે, પરંતુ...." પતિની માનસિક સ્થિતિમાં પરિવર્તન થતું જોઈને તેનો ઉલ્લાસયુક્ત અવાજ નીકળ્યો, "હું તમારી સહાયિકા બનીશ."

"તું મારી શિક્ષિકા બનીશ ? પત્ની અને ગુરુ" કહીને તે હી-હો-હી કહીને હસી પડ્યો. હાસ્યમાં મૂર્ખતા અને દંભ સિવાય બીજું શું હતું ?

પતિના આ કથનને સાંભળીને ચંદ્રગ્રહણની જેમ તેના મનમાં ઉમડતું ઉત્સાહનું પૂર અટકી ગયું. તે વિચારવા લાગી. આહ ! પુરુષનો દંભ. નારી નીચી છે, જે જન્મ આપે છે તે નીચી છે, જે પાલન કરે છે તે નીચી છે. જેણે પુરુષને બોલવા-ચાલવાનું અને રીતભાતની પદ્ધતિ શીખવાડી તે નીચી છે અને પુરુષ શું ઊંચો છે ? સૃષ્ટિના આ આદિ ગુરુની અવગણના કેમ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કરે છે ? કારણ કે તેને ભોગી હોવાનું અભિમાન છે. નારીની સર્જનશક્તિની મહાનતા અને ગરિમાથી અજાણ છે.

શું વિચારવા લાગી ? પતિએ પૂછ્યું. પોતાને ઠીક કરતાં તેણે કહ્યું, "કંઈ ખાસ નથી. પછી કહેવાથી લાભ પણ શો ?"

"ના, કહો તો ખરા ?" અવાજમાં આગ્રહ હતો.

આ શબ્દો સાંભળીને એક વખત ફરી સમજાવવાનો પ્રયત્ન કરતા કહ્યું, "આપણે પરણેલા છીએ. દામ્પત્ય જીવનની ગરિમા પરસ્પરના સુખદુઃખ, લાભગેરલાભ, વૈભવ સગવડો, ધનયશને હળીમળીને ઉપયોગ કરવામાં છે. પતિપત્ની પૈકી કોઈ એક એકલો સુખ ભોગવે અને બીજું કોઈ દુઃખની ધારામાં પડીને હિબકાં ભરતું રહે, તો શું એ યોગ્ય છે ?"

"તો, શું કહેવું છે ?" પતિ કંઈ સમજવાનો પ્રયત્ન કરતા બોલ્યા.

"તો તમો એ વાતથી સંમત છો કે દામ્પત્યની સફળતાનું રહસ્ય સ્નેહની તે આપલેની પ્રક્રિયામાં છે, જેના દ્વારા એકના ગુણોની તેજસ્વિતા બીજાને પ્રાપ્ત થાય છે. બીજાનો વિવેક પહેલાના દોષોનું નિવારણ અને શુદ્ધિકરણ કરે છે."

"વાત બરાબર છે." નારીની ઉન્નત ગરિમાની સામે પુરુષનો દંભ તાબે થઈ રહ્યો હતો.

"તો પછી વિદ્યા પણ ધન છે, શક્તિ છે, ઉર્જા છે, જીવનનું સૌંદર્ય છે. તો પછી આપણે કેમ હળીમળીને વહેંચીને તેનો ઉપયોગ ન કરવો ?"

"હા, આ સાચું છે."

"તો તમોને મારી સહાયિકા બનવામાં શી તકલીફ છે ?"

"કંઈ નથી ?" અવાજ ધીમો હતો. કદાચ નારીની સર્જન શક્તિની સામે પુરુષનો અહમ્ હારી ગયો હતો.

"તો શુભસ્યશીઘ્રં" અને તે પતિને ભણાવવા લાગી. પહેલો પાઠ અક્ષરજ્ઞાનથી શરૂ થયો. શરૂઆતમાં થોડી અરુચિ હતી, પરંતુ પ્રેમની મધુરતાની સામે એની કડવાશ ટકી નહીં. ક્રમશઃ વ્યાકરણ, છંદશાસ્ત્ર, નિરૂક્ત, જ્યોતિષ આદિ છ વેદાંગ, ષટ્દર્શન, જ્ઞાનની સરિતા ઉભરાઈ રહી હતી. બીજાના અંતરની કામનાનો મહાસાગર તેને નિઃસંકોચ ધારણ કરી રહ્યો હતો.

વર્ષોના સતત પ્રયત્નો પછી પતિ હવે વિદ્વાન બની ગયો હતો. જ્ઞાનની ગરિમા રૂપી નારી (પત્ની) અને સર્જનશિલ્પીની સામે તેઓ માથું નમાવીને ઊભા હતા.

સરસ્વતીની સતત ઉપાસના તેના અંતરમાં કવિત્વની અનોખી શક્તિના રૂપમાં પ્રગટી ચૂકી હતી. એક વખતનો તે મૂર્ખ હવે મહાકવિ બની ગયો. દેશવિદેશના લોકો તેને આશ્ચર્યથી જોતા, પ્રશંસા કરતા અને તેમની પાસે શિક્ષણ લેવાનો પ્રયત્ન કરતા. તે બધાને એક જ સ્વાનુભવની હકીકત કહેતા, "ઓળખો, નારીની ગરિમા, તે કુશળ શિલ્પીની સર્જનશક્તિ, જે આદિથી આજ સુધી મનુષ્યને પશુતાથી મુક્ત કરીને સુસંસ્કારોની થાપણ સોંપતી આવી છે."

મહારાજ વિક્રમાદિત્યે તેમને દરબારમાં રાખ્યા. હવે તેઓ વિદ્વાન કુલરત્ન હતા. દામ્પત્યનું રહસ્ય સૂત્ર તેમને સર્વ કંઈ આપી રહેલ હતું, જે એક સાચા માનવીને પ્રાપ્ત થવું જોઈએ. સ્વયંના જીવનથી લોકજીવનને દિશા આપનાર આ દંપતિ હતા મહાવિદુષી વિદ્યોત્તમા અને કુળકવિ ચૂડામણિ કાલિદાસ, જેમનો જીવનદિપક હજુ પણ આપણા અધુરા રહેલા પરિવાર નિર્માણના કાર્યને પૂરું કરવાનું માર્ગદર્શન આપી રહેલ છે.

❀ ❀ ❀



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# નારી જાગૃતિનું સ્વરૂપ ઓળખો

'નારી જાગૃતિ' આ બે શબ્દોમાં પીડા, દુઃખ, સંવેદના, સહાનુભૂતિ અને આક્રોશના અસંખ્ય ભાવ સમાયેલા છે. આ શબ્દોમાં અડધી દુનિયાનું સત્ય છે. એને જ્યારે અભિયાનનો દરજ્જો આપવામાં આવે છે ત્યારે સચ્ચાઈ વિશેષ બોલી ઉઠે છે અને ભાવ વધુ વ્યાપક બની જાય છે. આની અંદર તે પ્રયાસોની ગણતરી કરવામાં આવે છે, જેમનો ઉદ્દેશ મહિલાઓની દશામાં સુધારો લાવવાનો, તેમને ઊંચા ઉઠાવવાનો, તેમની સામાજિક સ્થિતિ ઠીક કરવાનો છે. પશ્ચિમના દેશોમાં આ પ્રકારના પ્રયાસોની શરૂઆત ૧૮મી સદીમાં થઈ અને પૂર્વના દેશોમાં વિશેષ કરીને ભારતમાં આ પ્રક્રિયા ૧૯મી સદીના પૂર્વાર્દ્ધથી શરૂ થઈ. આ પ્રયાસો ભલે છુટાછવાયા થયા હોય, પણ એક પૂર્ણ સદીનો સમય વીતી જવા છતાં પણ મહિલા જાગૃતિનું સ્પષ્ટ સ્વરૂપ સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્ર પર પ્રગટ થઈ શક્યું નથી. શબ્દોમાં સમાયેલ ભાવ અને સચ્ચાઈ સાચા અર્થમાં અમલમાં આવી નથી.

નારી જાગૃતિ ત્યારે સંભવ છે, જ્યારે આપણે એના માટે સંદર્ભિત દેશ અને સમાજની ઐતિહાસિક, સાંસ્કૃતિક, મનોવૈજ્ઞાનિક પૃષ્ઠભૂમિને જાણવા અને સમજાવવાની કોશિશ કરીએ.

જેમ એક રોગીની દવા બીજા રોગીના માટે ઝેર સાબિત થઈ શકે છે, તે જ રીતે એક દેશ અને સમાજમાં અસરકારક સાબિત થનારા ઉપાયો બીજા દેશ અને સમાજમાં સામાજિક અને સાંસ્કૃતિક પતનના કારણો સાબિત થઈ શકે છે. આ વાત પશ્ચિમ અને ભારતના સંબંધ અને સંદર્ભમાં કહેવામાં આવી રહી છે. ભારતમાં કાર્ય કરવા માટે આપણે એ જાણવું પડશે કે ભારતમાં મહિલાઓની ગઈગુજરી સ્થિતિના કારણો શા છે ? આ કારણો કેમ જન્મ્યા ? અને તેમના નિવારણની રણનીતિ શી હોય ? વગેરે સવાલો પર ગંભીરતાથી વિચાર કરવામાં આવે, ત્યારે આપણા દેશમાં નારી જાગૃતિ માટે થનારી કોશિશો સાર્થક બની શકે છે.

વર્તમાન સામાજિક સંરચનાનું વિવેચનાત્મક અધ્યયન કરવાથી એ સ્પષ્ટ થાય છે કે કેટલીય પ્રખર બુદ્ધિશાળી નારીઓને છોડીને મોટાભાગની નારીઓની સ્થિતિ કોઈને કોઈ રીતે કેદી જેવી છે. એના પાયાના બે કારણો છે, અનિશ્ચિતતા અને અસુરક્ષા. અનિશ્ચિતતાનો સંબંધ આર્થિક ક્ષેત્ર સાથે છે. આજના સમયમાં આ ક્ષેત્રમાં મોટેભાગે પુરુષોનું વર્ચસ્વ છે અને અર્થશક્તિ યુગશક્તિના રૂપમાં પૂજાઈ રહી છે. પરિણામ સ્વરૂપે પુરુષ વર્ગ સરળતાથી તેના પર શાસન કરવામાં સક્ષમ બની જાય છે. તેમણે પણ અનિશ્ચિતતાના નિવારણ માટે લાચારીથી તાબા હેઠળ રહેવું પડે છે.

અસુરક્ષાની પાછળ સાહસને દબાવી દેવાનો ભાવ છે. સૈકાઓથી તેમના માનસમાં એ ભાવ ભરાયેલો છે કે તમે અક્ષમ છો, દુર્બળ છો, એટલે સુધી કે અબળા શબ્દ નારીનો પર્યાય બની ગયો છે. કહેવાય છે કે સતત સો વખત કહેવાયેલું જૂઠ પણ સત્ય જણાવા લાગે છે. સ્થિતિ એવી બની કે આ સમગ્ર વર્ગ પોતાને અબળા માની પણ લીધી. આ માન્યતાના કારણે સુરક્ષાની દૃષ્ટિથી તેમને પુરુષોનો આશ્રય જરૂરી બની ગયો. એક યુગમાં તો એવી નીતિ જ બની ગઈ કે બચપણમાં તેમની રક્ષા પિતા, યુવાવસ્થામાં પતિ અને વૃદ્ધાવસ્થામાં પુત્ર કરે. નારી પ્રત્યેક સ્થિતિમાં રક્ષણીય છે. જેમજેમ ઉપરોક્ત બંને કારણોના



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મૂળિયા ઊંડા જતાં ગયાં તેમતેમ મહિલાઓની સ્થિતિ કેદી અને આશ્રિત જેવી બની ગઈ. આ સ્થિતિ એટલી વધી ગઈ કે તેનું સ્વતંત્ર અસ્તિત્વ જ ન રહ્યું. પતિ, પિતા, અને પુત્ર દ્વારા જ તેનો પરિચય થવા લાગ્યો.

જે વેળાએ સામાજિક સંરચના થઈ રહી હતી ત્યારની સભ્યતાના ઉષાકાળની તરફ પાછા વળીએ અને સામાજિક સ્થિતિ પર નજર ફેરવીએ તો એ સ્પષ્ટ થઈ જાય છે કે માનવીય સભ્યતાના માર્ગમાં કાંટા ક્યાંથી પથરાવવા લાગ્યા. નૃવંશશાસ્ત્રી ઈ. બૌરગ્યૂનન પોતાના અભ્યાસ 'સાઈકોલોજિકલ એન્થ્રોપોલાજી'માં બતાવે છે કે શરૂઆતમાં નર અને નારી બંને વૈચારિક, બૌદ્ધિક અને માનસિક ક્ષમતાઓની દૃષ્ટિથી સમાન હતા. એચ. કોચેટેવાનું પૈલિયો એનેટોમીમાં કહેવું છે કે તેમની પારસ્પરિક શારીરિક ક્ષમતાઓ પણ સમાન હતી. બંને શિકાર કરવાનું, ઝૂંપડી બનાવવાનું વગેરે અનેક કાર્યોમાં સરખી ભાગીદારી પૂરી પાડતા હતા. નાનામોટાનો કોઈ ભાવ જ ન હતો.

એ. મારશાકે 'રૂટ્સ ઑફ સિવિલ સિવિલિજેશન'માં સામાજિક સંરચનાના શરૂઆતના સ્વરૂપને સ્પષ્ટ કર્યું છે. ધીરધીરે આ સંરચના જટિલ બની, કુટુંબ સંસ્થા બની અને પરિપક્વ થઈ. આવી સ્થિતિ અને ગૂઢ વાતોનો અભ્યાસ ગુણો અને મૌલિક્તાને આધાર બનાવીને શરૂ કર્યો. પુરુષમાં વીરતા અને કર્મઠતા તેમજ નારીઓમાં કરુણા અને મમતા જેવા ગુણોનું પ્રાધાન્ય જોવા મળ્યું. સામાજિક સંરચનાની વ્યવસ્થા વિશે વિચાર કરતાં શ્રમ કાર્યનું વિભાજન કરવું જરૂરી જણાયું.

આ વિભાજનમાં પ્રત્યેકને તેના મૌલિક ગુણોને અનુરૂપ કાર્ય મળે તેનું ધ્યાન રાખવામાં આવ્યું. આમ કરવાની પાછળ બે લાભ હતા. પ્રથમ તો વ્યક્તિની પોતાની મૌલિક ક્ષમતા શ્રેષ્ઠ દરજ્જો મેળવે અને બીજું સમાજને તેનો સર્વશ્રેષ્ઠ લાભ મળે. આ કાર્ય વિભાજનમાં નારીને કૌટુંબિક જવાબદારી સંભાળવાનો અવસર મળ્યો, કારણ કે બાળઉછેર, પ્રશિક્ષણ, કૌટુંબિક સંગઠન, મમતા વગેરેને લગતી તેનામાં વિશેષતા હતી. પુરુષને કૌટુંબિક જવાબદારી નિભાવવા માટે સુવિધાના અને સુરક્ષાના સાધનોનો ભાર ઉપાડવાની જવાબદારી મળી.

તે સમયે નાનામોટાની ભાવના ન હતી. સમાજ માતૃપ્રધાન હતો. વૈદિક યુગ સુધી આ જ વાત હતી. નારીના બે સ્વરૂપ હતા, એક સદ્યોવધૂ અને બીજું બ્રહ્મવાદિનીનું હતું. સદ્યોવધૂની જવાબદારી કુટુંબને સુદૃઢ બનાવવાનું તેમજ સમાજને સુયોગ્ય અને સંસ્કારવાન સંતતિ આપવાનું હતું. બ્રહ્મવાદિનીની જવાબદારી તે નારીઓને જાગૃત રાખવાની હતી. તેમને કર્તવ્ય માર્ગ પર આગળ વધવા માટે પ્રોત્સાહિત કરતી રહેતી હતી. આજ સંદર્ભમાં મહાભારતમાં એક સુલભા નામની સંન્યાસીની વાત આવે છે, જે ફરીફરીને પોતાની જવાબદારીને નિભાવતી હતી. માતૃપ્રધાન સમાજ હોવાને લીધે સંતાનનો પરિચય મોટેભાગે માના નામ સાથે તેનું નામ જોડીને આપવામાં આવતો હતો. ઈતરાનો પુત્ર હોવાના કારણે ઐતરેય નામ પડ્યું, જે પાછળથી ઉપનિષદ્કાર બન્યા. સત્યકામ જાબાલાનો પુત્ર હોવાના કારણે સત્યકામ જાબાલના રૂપમાં પ્રખ્યાત થયા.

બદલાતાં મૂલ્યોને અનુરૂપ સમાજનું સ્વરૂપ પણ બદલાયું. આક્રમણોમાં સક્રિય ભાગીદારી અને કુટુંબ તેમજ સમાજની સુરક્ષા કરતાં રહેવાને કારણે પુરુષોનું ગૌરવ વધતું ગયું. ધીરેધીરે એવી સ્થિતિ આવી કે સુવિધા અને સુરક્ષા વ્યવસ્થા કરતાં


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

હોવાને કારણે પુરુષોએ પોતાનું વર્ચસ્વ સ્થાપી દીધું. કોઈ કાર્ય સતત થતું રહેતું હોય અને તેની ભાવનાનો સ્વીકાર થતો હોય તો મનની સંરચના પણ તેને અનુરૂપ થવા લાગે છે. શરીર પણ તેને અનુરૂપ જ બની જાય છે.

બન્યું પણ તેમજ, કોમળતા સ્ત્રીઓનું આભૂષણ બની ગઈ અને ભીરૂતા તેનો શ્રૃંગાર મનાવવા લાગ્યો. મધ્યયુગના અંધકારે આ છાપ સુદૃઢ બનાવી દીધી. વિકૃત થતી પરંપરાઓ આજે રૂઢિઓ બની ગઈ છે. જ્યાં સુધી નારી ફરીથી અસુરક્ષા અને અનિશ્ચિતતાના બંધનો તોડશે નહીં ત્યાં સુધી આ રૂઢિઓ તોડી શકાશે નહીં. અર્થાત્ એ માટે નારીઓનું સાહસ પ્રગટે અને આર્થિક ક્ષેત્રમાં તેઓ સમાનતા સાબિત કરે તે જરૂરી છે.

નારી જાગરણ માટે આ જ ક્રિયાપદ્ધતિને અપનાવવી પડશે. આના માટે બંને મોરચા પર લડવું પડશે, પરંતુ એમાંથી આર્થિક ક્ષેત્રને પ્રધાનતા આપવી પડશે. કારણ કે સામાન્ય માન્યતા છે કે પરાવલંબી કદી સાહસિક બની શકતો નથી. સાહસ સિવાય સુરક્ષાનો ભાવ પેદા થશે નહીં. આર્થિક ક્ષેત્રમાં પ્રગતિ કરવા માટે નોકરી જ કરવી જરૂરી નથી. ગૃહઉદ્યોગોના સંચાલનમાં નિષ્ઠાપૂર્વક જોડાઈ જવાથી સફળતા નિશ્ચિત પ્રાપ્ત થઈ જશે.

ગૃહઉદ્યોગો અને કુટિર ઉદ્યોગોની પરંપરા જો નારી સમુદાયમાં શરૂ થઈ જાય તો ઉત્પાદક શ્રમની પ્રક્રિયા સ્વાભિમાન જગાડ્યા સિવાય રહેશે નહીં. આજની સ્થિતિમાં અર્થાત્ મશીનો, મિલો અને ફેક્ટરીઓના યંત્ર યુગમાં આ વાતો હાસ્યાપદ લાગે છે. નારી જાગરણ સાથે આનો શો સંબંધ છે તે પણ વિચારવામાં આવે. પરંતુ આ પ્રકારનો વિચાર એમનો જ હશે કે જેઓ માનવ મનની સંરચનાથી અપરિચિત છે. નમકનો સત્યાગ્રહ, દાંડીકૂચ અને ચરખાનો સ્વરાજ્ય સાથે કોઈ લાંબો સંબંધ ન હતો. પરંતુ એનાથી પ્રત્યેકે જે જનક્રાંતિ પ્રગટાવી, તેનાથી જવલ્લે જ કોઈ અપરિચિત હશે.

આવો જ એક પ્રયાસ ગૃહઉદ્યોગોનો છે. ભલે તેનાથી બેત્રણ રૂપિયા રોજ કેમ ન મળે, પરંતુ ફુરસદનો સમય એમ જ નિરર્થક પસાર કરનારી મહિલાઓ એમાં જોડાઈ જાય તો શ્રમશીલતાની સાથે તેમનું મહત્ત્વ પણ વધી જશે. તેમને એ સ્પષ્ટ અનુભવ થશે કે અમે પણ કંઈ કરી શકીએ છીએ. આ પ્રગટેલું સાહસ, શિક્ષણ અને શ્રેષ્ઠ વિચારોની સાથે ભળી જઈને અસુરક્ષાના ભાવને પણ હટાવી દેશે, પરંતુ આ બાબતે મહિલાઓમાં રુચિ જગાડવી મહત્ત્વપૂર્ણ છે. આ કોઈ ઓછું મુશ્કેલ કામ નથી. સદીઓથી તેમના મનમાં ભાવ જામી ગયો છે કે આ બધાં કામ અમારા લાયક નથી. પાળેલો પોપટ પણ પાંજરુ ખોલી દેતાં ઉડી જતો નથી. આમતેમ ફરીને તે પાછો આવી જાય છે. તેની મુક્તિ માટે માત્ર પાંજરુ ખોલી દેવું પૂરતું નથી. કાર્ય તો ત્યારે સફળ થાય કે જ્યારે તેને ઉડવાનું શીખવાડવામાં આવે.

ઇન્ડોનેશિયામાં 'રેડન એડજંગ કાર્તિની' આ પ્રકારનું કાર્ય કરવામાં અગ્રેસર રહ્યાં. તે દિવસોમાં ઇન્ડોનેશિયામાં નારી જાતિની સ્થિતિ અત્યંત દયાજનક હતી. તેમનું કોઈ સન્માન અને હક્ક ન હતો. ઘરમાં તેમની સ્થિતિ દાસીઓ જેવી હતી. પ્રતિષ્ઠિત કુટુંબમાં જન્મ લેવા છતાં પણ કાર્તિની બાળપણથી જ નારીની આ દયાજનક દશા પ્રત્યે દુઃખી રહેતી હતી. આનું એક કારણ એ હતું કે નારી હોવાને લીધે બાર વર્ષની નાની ઉંમરમાં તેને સ્કૂલ છોડવી પડી હતી. રેડન મોટી થતાં પોતાની બે બહેનોને સાથે લઈને નારી જાગરણમાં જોડાઈ ગઈ. કલમ, વાણી અને કર્તવ્યપરાયણતાની



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ત્રણે વિધિઓને તેણે અપનાવી. નારીની પ્રગતિ માટેના લેખો લખીને સમાજના અગ્રેસરો અને બુદ્ધિજીવીઓનું ધ્યાન એના પ્રત્યે આકર્ષિત કર્યું. ઘરેઘર જઈને શિલ્પ અને ગૃહઉદ્યોગો દ્વારા આર્થિક સ્વાવલંબન માટે મહિલાઓનું ધ્યાન આકર્ષિત કર્યું. આ બાબતમાં તેમને સારી સફળતા મળી. આ કારણે ૨૧ એપ્રિલનો તેમનો જન્મદિવસ 'નારી વિકાસનો માઈલ સ્ટોન'ના રૂપમાં આજે ઇન્ડોનેશિયામાં ઘણી ધામધૂમ તથા સન્માનપૂર્વક મનાવવામાં આવે છે.

ભારતમાં શ્રીમતિ ઉર્મિલા શાસ્ત્રીએ આવો જ પ્રયાસ કર્યો. આમ તો તેમનો જન્મ કાશ્મીરમાં થયો હતો. જન્મ પછી ગાંધીજીના સંપર્કમાં આવ્યા. આ ગાળામાં ધર્મેન્દ્ર શાસ્ત્રી સાથે તેમના લગ્ન થયા. તે સમયમાં પુરુષોના સંમેલનો અને સભાઓ થતી હતી, પરંતુ મહિલાઓની ન થતી. મહિલાઓ જાગી ઉઠી છે એની સમજ આપવા માટે ૩૦ જાન્યુઆરી, ૧૯૩૦ના રોજ મેરઠમાં એક વિશાળ મહિલા સંમેલનનું આયોજન કર્યું અને તેના અધ્યક્ષ તરીકે ઉત્તેજક વિચારો દર્શાવતું ભાષણ કર્યું. એ ભાષણમાં મહિલાઓની જાગૃતિ માટેની રજૂઆત હતી. સને ૧૯૩૭માં તેમણે મેરઠમાં મહિલાઓ માટે એક હુન્નર શાળાની સ્થાપના કરી. શાળાનું શરૂઆતનું ખર્ચ પોતાના ખિસ્સામાંથી કાઢ્યું. આ ઉર્મિલા હુન્નરશાળા આજે પણ તેમના કાર્યના જીવંત ઉદાહરણના પ્રતીકના રૂપમાં ચાલે છે.

નારી જાગરણ માટેના આજ સુધી થયેલા પ્રયાસો પ્રશંસનીય અને પ્રેરક તો છે, પરંતુ છુટાછવાયા હોવાને લીધે વધુ વ્યાપક બની શક્યા નથી. મહિલા જાગરણના પ્રયાસો એક આંદોલનના રૂપમાં વ્યવસ્થિત અને સુનિયોજિત બને તે જરૂરી છે. શાંતિકુંજ અને તેના સંસ્થાપકે સમયના આ પડકારને સાહસપૂર્વક ઝીલ્યો છે અને તેના દ્વારા થયેલા વ્યાપક પ્રયાસો અને તેની સિદ્ધિઓથી લોકમાનસ પરિચિત છે. ભારતીય નારીની વ્યથાને સમજીને મિશને વિશુદ્ધ ભારતીય પરિવેશમાં આ આંદોલન મૌલિકતાથી ચલાવ્યું છે. આ આંદોલનને વધુ વ્યાપક બનાવવા માટે બુદ્ધિજીવી પુરુષો અને મહિલાઓને ક્રિયાશીલ બનવા આવાહન છે.

અનુકરણ મનુષ્યની સહજવૃત્તિ છે. કોઈ પણ ચીજ સૈદ્ધાંતિક રૂપમાં સમજમાં આવતી નથી, પરંતુ તેના વ્યાવહારિક પરિણામો અને સ્વરૂપને જોતાં જ તેને સહજ અપનાવવાનું મન થાય છે. વિજ્ઞાન તેની આ જ વિશેષતાને કારણે સફળ થયું છે અને લોકોની સમજમાં આવી ગયું છે. જેમજેમ આ પ્રયાસોમાં વેગ આવશે તેમ સંતોષજનક પરિણામો પણ જોવા મળશે. "નર ઔર નારી એક સમાન"નું સૂત્ર એક હકીકત બનીને પ્રગટ થશે. શાંતિકુંજ દ્વારા સંચાલિત નારી જાગરણ અભિયાન સાથે જોડાઈને નારીઓ નારી જાગૃતિના બે શબ્દોમાં છુપાયેલી પીડા, વ્યથા, સંવેદના, સહાનુભૂતિ અને આક્રોશનો સાચો ભાવ સમજી શકશે. પશ્ચિમના નારી મુક્તિ આંદોલન કરતાં શાંતિકુંજના આંદોલનનો ભાવ એકદમ અલગ છે. આ ભાવને સમજીને નારીઓ આગળના દિવસોમાં ભારે જવાબદારીઓ ઉપાડશે અને પોતાની ગરિમા અને વર્ચસ્વને મેળવશે.

લગ્ન એ કોઈ બાળકોની રમત નથી, એ પ્રેમની તે વ્યવસ્થા છે જે આપણી માનસિક, શારીરિક અને આધ્યાત્મિક ઈન્દ્રિયોનો વિકાસ કરે છે. જ્યાં આ જરૂરિયાત પૂરી ના થાય ત્યાં લગ્ન એક રમત બને છે.

**- સ્વામી વિવેકાનંદ**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સ્વતંત્રતાની શોધમાં દિશા ન ચૂકીએ

સ્વતંત્રતાની શોધમાં નારી કઈ દિશામાં નીકળી ગઈ છે ? આશ્ચર્ય પમાડે તેવા આ પ્રશ્નનો ઉકેલ કઠિન છે. સ્વતંત્રતાનો વાસ્તવિક અર્થ શોધવાની અને વર્તમાન ગેરસમજથી બચવાની જરૂરિયાત છે. સમયની પ્રગતિની સાથે સામાજિક ક્રૂર બંધનોથી મહિલાઓ ધીરેધીરે મુક્તિ મેળવી રહી છે. પરંતુ ઘણા પછાત, અશિક્ષિત, અહંકારી, અનુદાર લોકોમાં લાજ અને પડદાપ્રથાની કઠોરતા આજે પણ હયાત જણાય છે. કેટલાક સમજદાર લોકો હવે પોતાની પુત્રીઓને શિક્ષિત કરી રહી છે અને તેમના પરના ઘરની બહાર જઈને કામ કરવા માટેના પ્રતિબંધો પણ હટાવી રહ્યા છે. મહિલાઓનો ઉત્સાહ અને લગની પણ આ દિશામાં છે. યોગ્યતા અને ન્યાયની દૃષ્ટિએ પણ જરૂરી છે. પ્રગતિશીલ વિચારધારા પણ એ જ બાબતને સ્વીકારે છે. સ્વતંત્રતા અને સમાનતાનું સન્માન અને યોગ્યતાનું જે વ્યાપક સમર્થન થઈ રહ્યું છે તેને લીધે નારી ઉપર લદાયેલાં અગાઉના સામંતશાહી બંધનો ઘટી રહ્યાં છે. આ બધા અનેક કારણોને લીધે નારીની સ્વતંત્રતાનો એક નવો યુગ શરૂ થયો છે. માનવવસ્તીનો અડધો સમુદાય નારી સમાજને પરતંત્રતાના અનિચ્છનીય બંધનોથી આ રીતે મુક્તિ મેળવતો જોઈને સર્વત્ર પ્રસન્નતા અને સંતોષ દેખાવવો જોઈએ.

પરંતુ દુર્ભાગ્ય એ વાતનું છે કે નારીને છેતરીને તેના પર પરાધીનતાના નવા નુસખા દ્વારા જાળમાં ફસાવવામાં આવી રહી છે. મજાની વાત એ છે કે આ પરાધીનતા સ્વતંત્રતાનો નકલી પહેરવેશ ઓઢીને આવી છે. બધા લોકો ભ્રમમાં પડીને અસલિયત સમજ્યા વિના તેને ઉત્સાહપૂર્વક સ્વીકારી રહ્યા છે. પહેલાં લોખંડની બેડીઓથી કેદીઓને બાંધવામાં આવતા હતા, હવે તેમને સોનાની બેડીઓ કે રેશમની દોરીથી બાંધવામાં આવે, તો એને કોઈ ભલે પ્રગતિ સમજે, પરંતુ વાસ્તવમાં આ બંધનો પણ લોખંડ જેટલા જ દુઃખદ જણાશે.

નારીને પુરુષના જેટલો જ વ્યક્તિત્વના વિકાસ અને લોકનિર્માણમાં પોતાની પ્રતિભાનો ઉપયોગ કરવાની તક મળે ત્યારે જ તેની સ્વતંત્રતા સાચી અને સાર્થક કહી શકાય છે. નારીને મળેલી સ્વતંત્રતાને સાચી દિશા મળે તો માનવજાતિનું એક ઘણું મોટું સૌભાગ્ય ગણાય. એનાથી ઉજ્જવળ ભવિષ્યની સંભાવનાઓ ફળીભૂત થતી જણાત અને સંતોષ દર્શાવી શકત, પરંતુ એના કરતાં ઊલટું બન્યું છે.

પત્રકારો, કલાકારો, સાહિત્યકારો, ચિત્રકારો, કવિઓ, અભિનેતાઓ, ગાયકો, વાદકો વગેરે સર્વ મળીને નારીને ભ્રમિત કરી રહ્યા છે. તેમણે અમીરો અને વિલાસીઓની કામુક અને નીચ મનોકામનાઓ પૂર્ણ કરવા માટે કલ્પવૃક્ષની જેમ ફૂલ અને ફળ આપવાનું શરૂ કરી દીધું છે. તેમની સંપૂર્ણ બુદ્ધિ, કૌશલ્ય અને કાર્યો નારીને સામંતશાહી યુગની જેમ રમણી અને કામિનીના રૂપમાં બતાવવાની દિશામાં થઈ રહ્યાં છે. આમાં ફરક એટલો જ છે કે ત્યારે તેને બળપૂર્વક બંધનમાં રાખવામાં આવતી હતી, હવે આ બધું નારીની સ્વતંત્રતાના નામ પર થઈ રહ્યું છે. આ કાર્યને એટલી ચાલાકીથી પૂર્ણ કરવામાં આવે છે કે નારી તેના પૂર્વવત થતાં શોષણની જેમ આજે પણ તે જ રીતે શોષાઈ રહી છે.

સમકાલિન સામાજિક પરિપ્રેક્ષ્યમાં એને નારીની પ્રતિભાના વિકાસની કસોટી માનવામાં



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આવી છે. જે જેટલી નિમ્ન રીતે પોતાના દેહનું પ્રદર્શન કરી શકે, તે તેટલી જ પ્રતિભાવાન છે. એને એટલી મોહક રીતે પ્રચારિત અને સિદ્ધ કરવામાં આવે છે કે દરેક યુવાન છોકરીની તમન્ના મિસ ઈન્ડિયાથી મિસ યૂનીવર્સ પર સ્થિર થાય છે. આમાં પ્રલોભનો પણ ઘણા હોય છે. આપણા દેશમાં આ સૌંદર્ય સ્પર્ધામાં પચાસથી સાઠ હજાર રૂપિયાનો એક હરિફ પાછળ ખર્ચ કરવામાં આવે છે પ્રતિભાના આ નવા માપદંડની વિરુદ્ધ ઝુંબેશ જગાડનાર નાઝોમી વુલ્ફના કથન અનુસાર, "નારીની સમગ્ર ક્ષમતાઓને શરીર સુધી સીમિત કરવાવાળું આ ખતરનાક ષડયંત્ર છે." તેમના મત મુજબ નારીને દેખાતો મુક્તિનો આ માર્ગ તેના માટે છેવટે સર્વનાશી સાબિત થાય છે. આ એક રાજનૈતિક લડાઈ છે, જે સંપૂર્ણપણે તેના વિરુદ્ધની છે.

નારીની વિરુદ્ધ ચાલી રહેલી આ રાજનૈતિક ચાલાકીએ અંગપ્રદર્શનને કાયદેસરના ઉદ્યોગનો દરજ્જો આપ્યો છે. અમેરિકામાં આ ઉદ્યોગ ૩૩ બિલિયન ડોલરનો લાભ કરી આપે છે. આપણા દેશમાં પણ આ માધ્યમ દ્વારા મોટો લાભ મેળવનારા ઉદ્યોગપતિઓ ઘણા છે. ચારેતરફ મૉડલિંગ એજન્સિઓની ઘણી જ સંખ્યા છે, જેમાં આધુનિકતા અને સ્વતંત્રતતાના નામ પર નારીના અંગો જાહેરાતની વસ્તુ બની ગયાં છે. સિનેમાની જાહેરાતોથી લઈને કેલેન્ડર, સાબુ, શેમ્પુ, દંતમંજન, બૂટ-ચંપલ વગેરેની જાહેરાતોમાં નારીના અંગોનું પ્રદર્શન કરવામાં આવે છે. સિગારેટ અને શરાબની બોટલો પર તેમના ફોટા પ્રદર્શિત કરવામાં આવે છે. બજારની દરેક વસ્તુના વેચાણનો ઈજારો માનો કે નારીના અંગપ્રદર્શને જ લીધો હોય તેમ જણાય છે. દૂરદર્શન અને સિનેમા જેવા માધ્યમો દ્વારા રજૂ થતી જાહેરાતોમાં એક જ સંદેશો હોય છે, જો તમે અમુક વસ્તુનો ઉપયોગ કરશો તો સુંદર નારીનો પણ ઉપભોગ કરી શકો છો. સૌથી વધુ આશ્ચર્યની અને દુઃખની વાત એ છે કે આ સંદેશો આપનારી નારીઓ જે હોય છે, જેઓ આ કાર્યની સફળતાને પોતાની પ્રતિભાની કસોટી સમજી બેઠી હોય છે.

સમાજશાસ્ત્રી જોન વિલકિન્સે પોતાના સંશોધન, 'સોશિયલ વિક્ટિમ્સ ઈન મૉર્ડન એજ'માં આ પ્રકારના અંગપ્રદર્શન ઉદ્યોગને ગુન્હાઈત ઉદ્યોગનું નામ આપ્યું છે. તેમના મત અનુસાર આ ઉદ્યોગની ભાગીદાર યુવતીઓ અને દર્શકો પણ માનસિક રોગોના શિકાર બન્યા છે. જોન કીનેથ ગાલ્બેથના મત મુજબ, "આ ઉદ્યોગનો વિકાસ થવાથી નાની ઉંમરની છોકરીઓ પૈકી વિશેષ કરીને કૉલેજની વિદ્યાર્થિનીઓ માનસિક અને બૌદ્ધિક યોગ્યતામાં વિકાસ કરવાના બદલે અંગપ્રદર્શનના નિત્ય નવા ઉપાયો શોધવામાં વ્યસ્ત છે. આમ કરીને તેઓ સરળતાથી રૂપિયા કમાઈ શકે છે."

ફિલ્મ હોય કે દૂરદર્શન, મૉડલિંગ હોય કે પત્રકારિત્વનું ક્ષેત્ર, દરેક જગ્યાએ નારીના ખુલ્લા શરીરનું બિભત્સ પ્રદર્શન જોવા મળે છે. જેનાથી સમાજમાં વૈયક્તિક આઝાદીને પ્રોત્સાહન મળે છે. પ્રખ્યાત પત્રપત્રિકાઓ ફેશન પરેડના અર્ધનગ્ન ચિત્રોથી ભરેલી હોય છે. આમાં પ્રકાશિત સામગ્રીનું સ્તર પણ ચિત્રોની માફક બહેકાવનારું હોય છે. સ્વતંત્રતાના ભ્રામક અર્થે 'માતૃ દેવો ભવ'ની ઘોષણા કરનારા દેશનો પાયો હચમચાવી દીધો છે. એક સર્વેક્ષણ મુજબ દિલ્હી જેવા અનેક મોટા શહેરોમાં અંગપ્રદર્શનના નવા નવા કીમિયા શીખવનારા કેન્દ્રોની સંખ્યા પણ વધી રહી છે. આ પ્રકારનું પ્રદર્શન માત્ર વેપારધંધાની હરીફાઈ સમજી શકાય છે, જેનું આયોજન સૌંદર્ય પ્રસાધનો


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તથા અન્ય ફેશનેબલ ડ્રેસ અને આભૂષણ બનાવનારી કંપનીઓ કરતી હોય છે. આમ કંપનીની પ્રતિષ્ઠા અને માન્યતામાં અસાધારણ વૃદ્ધિ થઈ છે.

વેપાર-ધંધાની આ વૃદ્ધિ સ્વતંત્રતાની શોધમાં જોડાયેલી આધુનિક નારીની અભિરુચિ અને તેની ભ્રમિત મનોદશાને પણ પ્રદર્શિત કરે છે. 'પ્રેસ એશિયા ઈન્ટરનેશનલ' દ્વારા દિલ્હીમાં યોજાયેલી મનોવૈજ્ઞાનિકોની ગોષ્ઠિમાં હમણાં થોડા દિવસો પહેલા એ વાતનો સ્વીકાર થયો છે કે યુવતીઓમાં માનસિક બીમારીઓનું કારણ સૌંદર્ય સ્પર્ધાઓ અને મૉડલ બનવાનો શોખ છે. વાત આટલેથી અટકી ગઈ હોત તો સારું ગણાત. સ્વતંત્રતા મેળવવાની વ્યાકુળતાને લીધે જે સ્વચ્છંદ મનોવૃત્તિ વિકસી છે તેના પરિણામો પર પ્રકાશ પાડતા વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને ઉલ્લેખ કર્યો છે, કે સ્ત્રીઓમાં એઈડ્સની ટકાવારી પુરુષો કરતાં ઝડપથી વધી રહી છે. તેમનું અનુમાન છે કે આ શતાબ્દીના અંત સુધીમાં ૪૦ લાખ મહિલાઓ આ બીમારીના સકંજામાં ફસાઈને મૃત્યુના હવાલે જશે. સંગઠનના આંકડા મુજબ એકલા ૧૯૯૩-૯૪ના વર્ષમાં લગભગ ૧૨ લાખ મહિલાઓ આ ભયંકર એઈડ્સનો શિકાર બનીને જીવન અને મૃત્યુ વચ્ચે ઝૂલી રહી છે.

આ ઉપરાંત સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમના સંશોધન મારફત જાણવા મળે છે કે સ્ત્રીઓમાં એઈડ્સનું સંક્રમણ તીવ્ર ગતિથી ચિંતાજનક રૂપ ધારણ કરી રહેલ છે. એઈડ્સના વિષાણુ કિશોરીઓ અને યુવતીઓમાં વધુ ઝડપથી ફેલાઈ રહ્યા છે, જોકે પ્રૌઢ ઉંમરવાળી સ્ત્રીઓમાં એની ટકાવારી ઘણી ઓછી છે. આ વાસ્તવમાં સૌથી ચિંતાજનક પાસું છે, કારણકે યુવતીઓમાં એઈડ્સના ફેલાવાનો સીધો સંબંધ અને પ્રભાવ નવી પેઢી સાથે સંકળાયેલ છે. ગર્ભધારણ કરી શકવાની ઉંમરવાળી મહિલાઓમાં એઈડ્સનું સંક્રમણ થાય તો એનાથી નવજાત શિશુઓમાં એઈડ્સની સંખ્યા વધુ માત્રામાં જોવા મળશે. અર્થાત્ નવી પેઢીનું ભવિષ્ય એઈડ્સના રોગથી અંધકારમય બની જશે.

આજે વિશ્વના લગભગ દરેક દેશમાં એઈડ્સના રોગનું પ્રમાણ ઝડપથી વધી રહ્યું છે. ભારત પણ આ બાબતમાં પાછળ નથી. સમગ્ર વિશ્વમાં પ્રત્યેક વર્ષે ૩૦,૦૦૦ સ્ત્રીઓ એઈડ્સના વિષાણુઓનો શિકાર બને છે આ પૈકી લગભગ ૩૫ ટકા કૉલેજમાં ભણનારી કિશોરીઓ અને યુવતીઓ હોય છે કે જે સ્વતંત્રતાની શોધમાં દિશા ચૂકી ગઈ છે.

સ્વતંત્રતાની શોધ ખોટી નથી. પ્રત્યેક મનુષ્ય સ્વતંત્ર રહેવા ઈચ્છે છે. તો પછી સદીઓથી બંધનમાં રહેલી નારી સ્વતંત્ર થવા ઇચ્છે તે સ્વાભાવિક છે. આમાં જો આજે તે સફળ બની નથી, તો એનું કારણ એ છે કે તેણે સ્વતંત્રતાને બાહ્ય તત્ત્વ માની લીધું છે. પ્રખ્યાત વિચારક જોન ડીવી પોતાની પુસ્તક 'ફ્રીડમ એન્ડ કલ્ચર'માં લખે છે, "સ્વતંત્રતા અને સક્ષમતા એકબીજા સાથે ઘનિષ્ઠતાપૂર્વક જોડાયેલ છે. શારીરિક, માનસિક, અને બૌદ્ધિક શક્તિનો સાચો ઉપયોગ, આત્માના સંચાલનથી થઈ શકે છે શક્તિ પર આત્માનું સંચાલન ન હોય તો મનુષ્યનું સામર્થ્ય પશુતામાં બદલાઈ જાય છે, જે બીજાઓની બરબાદીની સાથે સ્વયંને પણ બરબાદ કરે છે."

પરંતુ આધુનિક નારી જીવનમાં ફક્ત બાહ્ય પરિવર્તન કરીને સુખશાંતિ અને સ્વતંત્રતાની શોધમાં જોડાઈ ગઈ છે. આને લીધે તેની સ્વતંત્રતાની શોધ સ્વચ્છંદતા બની ગઈ છે. આથી તેની સક્ષમતા નિર્માણને બદલે વિનાશ કરી રહી છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સ્વતંત્રતા અને સ્વચ્છંદતા એક સરખી લાગતી હોવા છતાં પણ સંપૂર્ણરીતે વિરોધી છે. સ્વતંત્રતામાં મનુષ્ય અને સમાજ આત્માને જીવનનું કેન્દ્ર માનીને ઊંચા ઉદ્દેશો અને આદર્શોના માટે જીવે છે, સ્વચ્છંદતામાં જીવનનો આધાર સુખનો ઉપભોગ રહે છે. આમાં કોઈ પ્રકારનું વિઘ્ન સહન થતું નથી. આવી દશામાં મનુષ્ય અને સમાજ બંને સાધનસગવડોની વૃદ્ધિને સર્વ કંઈ માની લે છે.

સ્વતંત્રતાના નામ પર સ્વચ્છંદતા માટે થઇ રહેલા પ્રયાસોને લીધે માત્ર સ્ત્રીઓમાં જ નહીં, બલ્કે સંપૂર્ણ સમાજમાં અસુરક્ષા અને અનિશ્ચિતતાનું વાતાવરણ પેદા થઈ ગયું છે. આ માનસિકતા વ્યાવહારિક જગતમાં હિંસા અને ગુનાના રૂપમાં જોવા મળે છે. સાચા અર્થમાં તો આ પશુઓનો ગુણધર્મ છે. તેમને સ્વતંત્રતા પર વિચાર કરવાની રુચિ અથવા સમય નથી. તેમને શારીરિક જરૂરિયાતની વસ્તુઓ અને સાધનસામગ્રીઓ જ દેખાય છે. તેમનામાં સર્જનની કે ભાવિ કલ્યાણની ચિંતા જણાતી નથી.

સ્વતંત્રતાના વાસ્તવિક અર્થની બાબતમાં આજની આધુનિક નારીઓ પણ અજાણ છે. આ બાબતમાં શારીરિક સ્વતંત્રતાથી આગળ વધવાનું છે. તેમણે એ સમજવું જરૂરી છે કે પ્રતિભાનો અર્થ માત્ર અંગપ્રદર્શન નથી. શારીરિક સામર્થ્યનો ઉપયોગ માત્ર વેપારધંધા માટે કરવાનો નથી. માનસિક અને બૌદ્ધિક સામર્થ્યનો વિકાસ કરીને લોકમંગળના કાર્યો કરવામાં તેનું નિયોજન કરવાનું છે.

આ વાસ્તવિક સ્વતંત્રતા પ્રાપ્તિ માટેની ક્રાંતિ લાવનારું ક્ષેત્ર છે આપણું મન અને સાધન છે સદ્વિચાર. આ કલ્યાણકારી ક્રાંતિની શરૂઆત વ્યક્તિગત અને સામૂહિક બંને સ્તર પર કરવી પડશે. એમાં જોડાઈ જવાનો અર્થ છે આદર્શપરાયણ જીવન જીવવાની શરૂઆત કરવી. આદર્શવાદી જીવન શૈલીનું તાત્પર્ય છે, શારીરિક, અને માનસિક શક્તિઓનો સદુપયોગ સેવા, સહાયતા અને કર્તવ્યપરાયણતાના નિભાવ માટે કરવો, નહીં કે સુખના ઉપભોગમાં કરવો. જીવન સાચા અર્થમાં આત્માનું યંત્ર બની શકે. એના વિવિધ કામકાજમાં પવિત્રતા, પ્રખરતા, સદાશયતા વગેરે ગુણોને સ્થાન મળી શકે. આ માટે સતત પ્રયત્નશીલ રહેવું પડશે. જેમ જેમ માનસિકતામાં ઉચ્ચ ચિંતનનું શાસન સ્થપાતું જશે તે મુજબ ક્રાંતિની ગતિમાં વધારો થશે. ગતિ વધતાં એનું પ્રભાવ ક્ષેત્ર પણ વધશે. જેનાથી એકલી નારી નહીં, બલ્કે સંપૂર્ણ નારી જાતિ પોતાની તે ગુમાવેલી સ્વતંત્રતાને મેળવી શકશે, જેને તે વ્યાકુળતાપૂર્વક શોધી રહી છે.

સૂફી સંત રાબિયા બીબીની ઈશ્વર ભક્તિ ઘણે દૂર સુધી પ્રખ્યાત હતી. તે રાતદિવસ પ્રભુના ધ્યાનમાં ડૂબેલી રહેતી હતી. ઇબલીસ તે સમયમાં ઘણો નાસ્તિક હતો. એક દિવસે કોઇએ તેને પૂછ્યું, "તમે ઇબલીસની નિંદા કરો છો કે નહીં". રાબિયા બીબીએ વિનમ્ર ભાવે કહ્યું,"મને ઉપાસનામાંથી નવરાશ મળતી નથી, વધુમાં મારામાં પણ સેંકડો બુરાઈઓ ભરેલી છે. તેને સુધારું કે બીજાના દોષદર્શનમાં મારો સમય વ્યર્થ બગાડું." તે સજ્જન રાબિયા બીબીના ભક્તિભાવથી ખૂબ જ પ્રભાવિત થયા અને બીજાઓની કદી પણ બુરાઈ ન કરવાની પ્રેરણા લઇને ઘેર ગયા.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# અધ્યાત્મ તત્ત્વજ્ઞાનનું રહસ્ય જીવનસાધના

માનવીનો સહજ સ્વભાવ છે કે તે ઘણી નજીકની અને ઘણી દૂરની ઉપેક્ષા કરે છે. આ વાત જીવન સમૃદ્ધિના દરેક ક્ષેત્ર સાથે લાગુ પડે છે. જીવન તો બધા જ હર પળ જીવે છે પરંતુ તેનું ગૌરવ કોઈ સમજતું નથી અને તેના સદ્‌ઉપયોગથી કઈ કઈ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે એ વિચારી શકતાં નથી. પ્રાણી જન્મ લઈને માત્ર પેટ અને પ્રજનની પ્રાકૃતિક ઉત્તેજનાઓથી અશાંત બની જઈને, માત્ર જીવન નિર્વાહની જરૂરિયાતો પૂરી કરવામાં જીવન પૂરું કરે છે. વિચારની એવી ક્ષણો ક્યારેક જ આવે છે કે જ્યારે તેને મનુષ્ય જીવન એ સૃષ્ટિકર્તાનું અમૂલ્ય નજરાણું દેખાય છે. જેને કૃપા કરીને આ જીવન આપવામાં આવ્યું છે તેની પાસે આશા રાખવામાં આવેલ છે કે તે તેનો શ્રેષ્ઠ ઉપયોગ કરશે. પોતાની અધૂરપ દૂર કરીને તુચ્છમાંથી મહાન બનશે. સાથેસાથે પરમાત્મના આ વિશ્વ બગીચાને કુશળ માળીની જેમ સિંચન અને જનત કરીને બતાવશે કે તેને સ્વાર્થ અને પરમાર્થના સાચા પાસાંઓનો ખ્યાલ છે. જે થાપણ તેને સદુપયોગ કરવા માટે મળેલી છે તેનો પશુ પ્રવૃત્તિઓના કુસંસ્કારોથી પીછો છોડાવવામાં કરીને સત્પ્રવૃત્તિઓની જરૂરિયાત પ્રમાણે વૃદ્ધિ કરવાની પરીક્ષામાં ઉત્તીર્ણ થવું એમાં સ્વાર્થ છે, જે એમાં સફળ થાય છે તે દેવમાનવની કક્ષામાં પ્રવેશ કરે છે. તે પોતાનું એકલાનું ભલું નથી કરતો પરંતુ અસંખ્ય માનવીઓને પોતાની નાવમાં બેસાડી સંસાર પાર કરાવે છે. એવા મનુષ્યો અભિનંદનને પાત્ર અને અનુકરણ કરવા લાયક મહામાનવ કહેવાય છે. જીવનની તૃપ્તિ, તુષ્ટિ, શાંતિનો ત્રિવિધ આનંદ એવા જ મનુષ્યોને પ્રાપ્ત થાય છે.

મનુષ્ય જીવન દિવ્યસત્તાની એક બહુમૂલ્ય થાપણ છે જેને આપતી વખતે તેની સત્પાત્રતા પર વિશ્વાસ મૂકવામાં આવે છે. મનુષ્ય સાથે આ પક્ષપાત નથી, પરંતુ ઉચ્ચ અનુદાન આપવાનો એક પ્રયોગ છે. બીજા જીવધારી શરીર પૂરતી વાતો વિચારો છે, પરંતુ મનુષ્યને સર્જનહારના ઉત્તરાધિકારી યુવરાજના સંબંધે ઘણા કર્તવ્યો અને જવાબદારીઓ નિભાવવાની હોય છે. તેમાં જ તેની ગરિમા અને સાર્થકતા છે. જો તેની પ્રવૃત્તિઓ માત્ર પેટ-પ્રજનન, લોભ, મોહ સુધી જ સીમિત રહે તો તેને નરપશુથી વધુ શું ઉપનામ આપી શકાય ? લોભ અને મોહની સાથે અહંકાર જો જોડાઈ જાય ત્યારે વાત ઘણી જ બગડે છે. મહત્ત્વાકાંક્ષાઓની પૂર્તિ માટે અનેક કુચક્ર રચવાની તમન્ના થાય છે, જે પતન અને પરાજયના ખાડામાં દોરી જાય છે. અહંકારથી ભરેલ વ્યક્તિ અનાચારી બને છે અને આક્રમક પણ બને છે. એવી દશામાં એનું સ્વરૂપ ખૂબ જ ભયંકર બને છે. દુષ્ટ દુરાત્મા અને નરપિશાચ સ્તરની આસુરી પ્રવૃત્તિઓ અપનાવે છે. આ રીતે જ્યાં મનુષ્ય જીવન શ્રેષ્ઠ સૌભાગ્યનું પ્રતીક હતું ત્યાં તે દુર્ભાગ્ય અને દુર્ગતિનું કારણ બને છે. તેને જ વરદાનને અભિશાપ બનાવી દેવો તેમ કહેવાય છે. બંને રસ્તા દરેક માટે ખુલ્લા છે. જે જેને ઈચ્છે તે પસંદ કરી લે છે. મનુષ્ય પોતે પોતાના ભાગ્યનો નિર્માતા છે.

સાધકોમાં વિવિધતા જોવા મળે છે. તેમના જુદા જુદા ઈષ્ટ આરાધ્ય દેવ હોય છે. તેમની પાસેથી મનની કામનાઓ પૂરી કરવાની આશા રાખે છે. એમાંથી કેટલી સફળતા થાય છે તે વિશે કંઈ જ કહી શકાય નહીં. કેમકે પરાધીનતાની



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સ્થિતિમાં પરમાત્માની ઇચ્છા પર જ બધું નિર્ભર હોય છે. સેવક તો માત્ર પ્રાર્થના અને વિનય જ કરી શકે છે પરંતુ જીવનદેવતા માટે એ વાત નથી. એના પ્રત્યેની પ્રાર્થના અભ્યર્થના સાચા રૂપમાં જો થાય તો તેની કલ્પવૃક્ષની છાયામાંથી બધું જ પ્રાપ્ત કરી શકે છે, જેની આશા બીજી જ રીતે કરવામાં આવે છે.

બ્રહ્માંડનું નાનામાં નાનું રૂપ પિંડ પરમાણુ છે. જે બ્રહ્માંડમાં છે તે દરેક પદાર્થમાં નાના પરમાણુના રૂપમાં હોય છે અને સૌરમંડળની બધી જ ક્રિયા પ્રક્રિયા ધારણ કરેલ હોય છે. એનો સ્વીકાર વૈજ્ઞાનિકોએ કરેલ છે. એ જ ધારણા પ્રમાણે બીજી રીતે પરમસત્તા બ્રહ્માંડીય ચેતનાનું નાનું પરંતુ સમગ્ર પ્રતીક જીવ છે. વેદાંત દર્શનના આધાર પર શુદ્ધ આત્મા જ પરમાત્મા છે. તત્ત્વદર્શનના આધાર પર આ કાયા કલેવર બધા જ દેવતાઓનું નિવાસસ્થાન છે. પરબ્રહ્મની દિવ્ય ક્ષમતાઓનો બધો જ વૈભવ જીવબ્રહ્મના પ્રસુપ્ત સંસ્થાનોમાં સમગ્ર રૂપે ઉપસ્થિત છે. જો એને જાગૃત કરી શકાય તો જ્ઞાત અતીન્દ્રિય ક્ષમતાઓ અને અજ્ઞાત દિવ્ય વિભૂતિઓ જાગૃત, સક્ષમ અને ક્રિયાશીલ થઈ શકે છે. તપસ્વી, યોગી, ઋષિ, મનીષી, મહામાનવ સિદ્ધપુરુષોએ આવી જ વિભૂતિઓ પ્રાપ્ત કરેલ હોય છે. હકીકત શાશ્વત અને સનાતન છે. જે પહેલાં ક્યારેક થઈ ચૂક્યું હતું તે આજે પણ થઈ શકે છે. જીવન દેવતાની સાધનાથી જ મહાન સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. હરણની કસ્તુરી જેવી વાત છે, જેને બહાર શોધવામાં થાક અને કંટાળો જ હાથ લાગે છે. શાંતિ ત્યારે જ થાય જ્યારે ખબર પડે કે સુગંધ તો પોતાની નાભિમાંથી જ આવે છે. તેવી જ રીતે પરમાત્માની સાથે સંપર્ક કરવા બીજે શોધવાની યોજના વ્યર્થ છે. તે એક દેશકાળ તક સીમિત નથી, કે કોઈ સ્વરૂપધારી પણ નથી. જો તેને પોતાની નજીક જ જોવો હોય તો તે પોતાનું અંતઃકરણ જ જોઈ શકે છે. સમગ્ર જીવન એની જ પ્રત્યક્ષ અભિવ્યક્તિ છે. ગીતાના રચના કરનારે એ પરબ્રહ્મને શ્રદ્ધાના રૂપમાં જ સમાયેલ બતાવ્યું છે અને કહ્યું છે કે જેની જેવી શ્રદ્ધા તેવો જ બને છે, જે જેવો પોતાને માને છે તે તેવો જ બની જાય છે. જો આપણે પોતાને તુચ્છ અને નીચ સમજીએ તો એ જ ઢાંચામાં આપણા વ્યક્તિત્વને ઢાળી દઈશું. જેણે પોતાની અંદર મહાનતા સ્થાપિત કરી છે તેને પોતાનું અસ્તિત્વ માનવી ગરિમાથી ઓતપ્રોત થયેલ જણાય છે.

પરમાત્મા બધું જ કરવા સમર્થ છે. તેનામાં બધી જ વિભૂતિઓ સમાયેલ છે. આ શાસ્ત્રવચનને એમ પણ કહી શકાય કે એના પ્રતીક પ્રતિનિધિ વારસદાર યુવરાજ પણ આપણા સર્જનહારની વિશેષતાઓથી પરિપૂર્ણ છે. મુશ્કેલી ત્યાં પડે છે જ્યારે પોતાની આત્માની વિસ્મૃતિનું અજ્ઞાન અને અંધકાર વસ્તુસ્થિતિ પર છવાઈ જાય છે. અંધારામાં ઝાડીને ભૂત અને દોરડાને સાપના રૂપમાં દેખાય છે. જે બાજુ ચાલીએ ત્યાં ઠોકર જ વાગે છે, પરંતુ પ્રકાશની વ્યવસ્થા થાય તો બધો જ માર્ગ યથાવત્ દેખાય છે. આવા જ પ્રકાશને આત્મબોધનો ઉદય મનાય છે જેનાથી આપણા સાચા સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થાય અને સાચા રસ્તા પર ચાલવા માટે કોઈ વિલંબ થાય નહીં.

ઘેટાંબકરાંના ટોળામાં ઉછરેલ સિંહની કથાવાર્તા દરેકને ખબર છે. આપણી આજુબાજુનું વાતાવરણ અને રિવાજ મનુષ્યને પોતાના સમૂહમાં ખેંચી જાય છે. પરંતુ જ્યારે આત્મબોધ થાય છે ત્યારે ખબર પડે છે કે આત્મસત્તા "શુદ્ધોઽસ્મિ-બુદ્ધોઽસ્મિ નિરંજનોઽસ્મિ"ના સિદ્ધાંતને અક્ષરક્ષઃ ચરિતાર્થ કરે છે. "મનુષ્ય ભટકેલ દેવતા


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છે", આ કથનમાં એનું સાચું વિશ્લેષણ દેખાય છે. જો ભટકાવ દૂર થઈ જાય તો સમજી જવું જોઈએ કે બધી જ સમસ્યાઓનો માર્ગ સરળ થઈ ગયો. બધા જ ભવબંધનોથી મુક્તિ પ્રાપ્ત થઈ ગઈ. મોક્ષ બીજું કંઈ નથી પરંતુ પોતાના વિશે ચિંતનવશ જે નિરર્થક ભૂલ થઈ છે, તેના પર અંકુશ લગાવવાનો પ્રખર પુરુષાર્થ છે. કરોળિયો તેના માટે પોતાની અંદરનું દ્રાવ્ય કાઢીને જ જાળું બનાવે છે, જેમાં પોતે જ ફસાય છે, તરફડે છે, પરંતુ જ્યારે તેનામાં ઉમંગ ઉભરાય છે ત્યારે એ જાળાને સમેટી લઈ પોતે જ ગળી જાય છે. નીચ જીવન સ્વકર્મની પ્રાપ્તિ છે, જેવું ચિંતન હોય તેવી જ પરિસ્થિતિઓ બને છે. જો તેને બદલવાની ઇચ્છા હોય તો માન્યતાઓ, આકાંક્ષાઓ અને પ્રવૃત્તિઓને પરિવર્તિત કરવાની જરૂર છે. કનિષ્ટને શ્રેષ્ઠ બનાવી શકાય છે. ક્ષુદ્રમાંથી મહાન બની શકાય છે.

"સાધનાથી સિદ્ધિ"નો સિદ્ધાંત સર્વમાન્ય છે. જોવાનું એટલું જ સાધના કોની કરી શકાય. બધા જ ઇષ્ટ દેવો માટે કહી ન શકાય કે તેમનું નિર્ધારીત સ્વરૂપ, સ્વભાવ જેવો વિચારેલ અને માનેલ તેવો છે કે નહીં. એમાં સંદેહ થવાનું કારણ પણ સ્પષ્ટ છે. સમગ્ર વિશ્વ વ્યવસ્થા એક છે. સૂર્ય, ચંદ્ર, પવન આદિ સાર્વભૌમ છે. ઈશ્વર પણ સર્વજનીન, સર્વવ્યાપી છે. તો તેના અનેક રૂપ કેવી રીતે બન્યા ? તેના અનેક આકાર, પ્રકાર અને ગુણ સ્વભાવ કોણે જોયા ? માન્યતા જો સાચી હોય તો તેનું સ્વરૂપ સાર્વભૌમ હોવું જોઈએ. આ જ મતમતાંતરોના કારણો અનેક પ્રકારના હોય તો સમજવું જોઈએ કે માન્યતાઓની અભિવ્યક્તિ જ ચિત્ર વિચિત્ર છે. આવી દશામાં સત્ય સુધી કેવી રીતે પહોંચી શકાય ? પ્રશ્નનો સાચો જવાબ એ છે કે જીવનને જ જીવીત જાગૃત દેવતા માનવો જોઈએ. એના પર ચઢેલ મનોવિકારોનું શુદ્ધિકરણ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. અંગારા પર પડેલી રાખના પડથી તે કાળો કુબડો દેખાય છે, પરંતુ પડ હટાવી લેવામાં આવે તો અંદર છુપાયેલી અગ્નિ સ્પષ્ટ દેખાય છે. સાધનાનો ઉદ્દેશ આવા આવરણોને હટાવી દેવાં તે છે. એને સુસુપ્તને જાગૃત અવસ્થામાં બદલી નાખવાનું કહી શકાય.

અધ્યાત્મ વિજ્ઞાનના તત્ત્વવેત્તાઓએ વિવિધ સાધનાના અનેક ઉપાયો બતાવ્યા છે. જો તેમનું ગંભીરતાપૂર્વક વિશ્લેષણ કરીએ તો જણાય છે કે આ પ્રતીક પૂજા એ બીજું કંઈ નથી, પરંતુ માત્ર આત્મશુદ્ધિકરણની બાળક સ્તરની સમજણ છે. પાત્રતા અને શ્રેષ્ઠતામાં વૃદ્ધિ જ યોગ અને તપનું લક્ષ્ય છે. પાત્રતા એ એક ચુંબક છે જે પોતાની ઉપયોગી વસ્તુ શક્તિઓને પોતાની તરફ સહજ જ આકર્ષિત કરે છે. મનુષ્યોમાં વિકસિત થયેલ દેવત્વનું ચુંબક સંસારમાં વ્યાપેલ શક્તિઓ અને પરિસ્થિતિઓને પોતાની તરફ આકર્ષિત કરતા રહે છે. જળાશયો ઊંડા હોય છે. બધી બાજુથી પાણી ભેગું થઈને તેમાં જાય છે. સમુદ્રમાં બધી નદીઓ મળે છે. આ એમની મહાનતાનું પ્રતિફળ છે. પર્વતની ટોચ પર ઠંડકને લઈને બરફ જામી પણ જાય પરંતુ ગરમી પડતાંની સાથે જ બરફ ઓગળી જઈ પાણી બનને નદીઓ દ્વારા સમુદ્રમાં પહોંચે છે. આને જ કહે છે 'પાત્રતા'. પાત્રતાની વૃદ્ધિ જ સાધનાનો મૂળભૂત ઉદ્દેશ છે. ઈશ્વરને કોઈના કાલાવાલા અથવા ઉપહારની જરૂર નથી. તે નાની મોટી ભેટ, પૂજાઅર્ચન, સ્તવન, ગુણગાનથી પ્રસન્ન નથી થતા. આવી પ્રકૃતિ તો ક્ષુદ્ર લોકોની હોય છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ભગવાનનું માનસ એવું નથી. તે ન્યાયનિષ્ઠ અને વિવેકવાન છે. વ્યક્તિત્વમાં શ્રેષ્ઠ આદર્શવાદિતાનો સમાવેશ થઈ જે ગરિમા પ્રગટે છે એના આધાર પર તે પ્રસન્ન થાય છે અને કૃપા વરસાવે છે. એને ફોસલાવવાની બાળક્રિડાથી નિરાશા જ મળે છે.

ઋષિએ પૂછ્યું, **"કસ્મૈ દેવાય હવિષા વિધેમ"** એટલે કે 'અમે કયા દેવોનું પૂજન કરીએ" તેનો સુનિશ્ચિત જવાબ છે આત્મદેવની. આપણે સ્વયંને ચિંતન, ચરિત્ર અને વ્યવહારની કસોટીમાંથી પાર ઉતારી સાચા સાબિત કરી શકીએ તે સ્થિતિને સો ટચનું સોનું કહી શકાય. વૃક્ષ ઉપર ફળફૂલ ઉપરથી નથી લદાતાં, પરંતુ તેના મૂળ જમીનમાંથી રસ ખેંચે છે તેનાથી વૃક્ષ ફૂલે ફાલે છે. મૂળ આપણી અંદર છે. જે સમગ્ર વ્યક્તિત્વને પ્રભાવિત કરે છે. આ જ પ્રખરતાના આધાર પર સિદ્ધિઓ, વિભૂતિઓ પ્રાપ્ત થાય છે જેના આધાર પર આધ્યાત્મિક મહાનતા અને ભૌતિક સિદ્ધિઓ અને સફળતા સુનિશ્ચિત બને છે. બીજાની પાસે હાથ લંબાવીને ભીખ માગવા માત્રથી પાત્રતાના અભાવમાં કંઈ જ પ્રાપ્ત થતું નથી. પછી ભલેને એ દાની પરમેશ્વર કેમ ન હોય ? કહેવાય છે કે ઈશ્વર તેની જ સહાયતા કરે છે જે પોતાની સહાયતા કરવા તત્પર હોય છે. આત્મશુદ્ધિ અને આત્મશોધન એ જ જીવન સાધના છે. એને જ પરમ પુરુષાર્થ કહેવાય છે. જેણે આ લક્ષ્યને જાણ્યું તો સમજવું કે તેને અધ્યાત્મ તત્ત્વજ્ઞાનનું રહસ્ય અને માર્ગ પ્રાપ્ત થઈ ગયો છે અને પરમ લક્ષ્ય સુધી પહોંચવાનો રાજમાર્ગ પ્રાપ્ત થઇ ગયો છે.

એક ગરીબ ઘરની છોકરી અસાધારણ સુંદર હતી. તે દેશનો રાજકુમાર એના પર મોહિત હતો. જ્યારે છોકરીના પિતા પર ઘણું જ દબાણ થવા લાગ્યું અને ન માનવાથી સંકટની શક્યતા જણાવા લાગી ત્યારે છોકરીએ સ્વયં જ રાજકુમારના વિચારો બદલવાની જવાબદારી લીધી.

આ વખતે રાજકુમાર આવ્યો ત્યારે છોકરીએ તેને એક અઠવાડિયા પછી આવવાનું નિમંત્રણ આપ્યું. આ દરમિયાન તેને પેટ સાફ કરવાની દવા લેવાની શરૂઆત કરી. મળને એક ઘડામાં ભરતી ગઈ. એક અઠવાડિયામાં તે હાડપિંજર જેવી બની ગઈ.

રાજકુમાર આવ્યો. જોયું તો છોકરી માત્ર હાડપિંજર હતી. સંપૂર્ણ યૌવન હવામાં ઊડી ગયું હતું. તેણે આશ્ચર્યથી પૂછ્યું, "આ શું થયું ?"

છોકરીએ આંગળીનો ઈશારો કરીને ઘડો બતાવ્યો અને કહ્યું, "રૂપયૌવન એમાં કેદ છે. ખાટલા પર મારું અસલી રૂપ પડયું છે."

રાજકુમારે ઘડાને ખોલીને જોયો તો તેમાં એક અઠવાડિયા દરમિયાન એકત્ર કરેલ મળમૂત્ર ભરેલું હતું. રાજકુમારને સમજવામાં વાર ન લાગી. જે ચમકતું હતું તે આ જ મિથ્યા જંજાળમાયા હતી. કુરૂપ હાડપિંજર ખાટલા પર પડેલું હતું. તેણે રૂપ પ્રત્યેની આસક્તિ છોડી દીધી અને છોકરીને ગુરુ માનીને જ પ્રણામ કરીને ઘર પર પાછો જતો રહ્યો.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# દામ્પત્ય જીવનમાં મધુરતાનું રહસ્ય

લગ્નના સમયે વર અને વહુ બંનેના મનમાં પોતાના દામ્પત્ય જીવન વિશે કેટલાય મીઠા સ્વપ્નાઓ જાગતાં હોય છે અને હૃદયમાં અસંખ્ય કોમળ ભાવનાઓ ઉભરાતી હોય છે. આ સ્વપ્નાઓ, સંકલ્પો અને ભાવનાઓને લીધે લાંબા સમય સુધી મનમાં પ્રસન્નતા છવાયેલી રહે છે. આ સંકલ્પો અને સ્વપ્નાઓ જુદા જુદા સમય પર દોહરાવવામાં આવે છે. પત્નીના રૂપમાં પતિને જે સાથી મળે છે, તેને તે પોતાનો સૌથી નજીકનો અને સર્વશ્રેષ્ઠ ઘનિષ્ટ સાથી સમજે છે. પતિના રૂપમાં સ્ત્રીને જે સાથી મળે છે, તેનામાં તે પોતાની કેટલીય અપેક્ષાઓની પૂર્તિનો આધાર શોધે છે.

લગ્ન જીવનની શરૂઆતમાં પતિપત્ની એકબીજાને જે સ્નેહ, સંરક્ષણ, સહયોગ, પ્રેમ, માર્ગદર્શન અને બદલો આપે છે તે દીર્ઘકાળ સુધી એકબીજાના માટે આકર્ષણનું કેન્દ્ર બની રહે છે. પરંતુ મોટેભાગે તે આકર્ષણ શીઘ્ર જ ઘટવા લાગે છે અને બંનેને અસંતોષ અને દુર્ભાવની ભાવનાનો અનુભવ થતો જણાય છે. લગ્નના થોડા જ દિવસો પછી પતિને પત્નીનું સૌંદર્ય જૂનું જણાવા લાગે છે. પત્નીને માટે પતિનો પરિચય નવો રહેતો નથી. તેમના જીવનમાં લડાઈ-ઝઘડાની અને રડવા-રડાવવાની શરૂઆત થઈ જાય છે. મનુષ્યનો સ્વભાવ ભૂલો કરવાવાળો હોય છે. દામ્પત્ય જીવનમાં પણ થતી ભૂલો સમસ્યા બની જાય છે, તેમની સ્વાભાવિક કમજોરીઓની વાત ઝગડાનું સ્વરૂપ ધારણ કરે છે. આના બદલે જો ભૂલો અને ખામીઓને સહજ માનવીય કમજોરીઓ માનીને ચાલવામાં આવે તો પ્રેમ અને આકર્ષણમાં ઉણપ ન આવે. લગ્ન સમયે ભૂલો પ્રત્યેનો દૃષ્ટિકોણ જુદા જ પ્રકારનો હોય છે.

દમ્પતિએ પોતાના જીવનસાથી પ્રત્યે સંપૂર્ણ હૃદયથી પ્રેમ કરતા રહીને એકબીજાને સંતુષ્ટ રાખવા જોઈએ. કોઈ વખત ભૂલ પણ થઈ જાય તો તેને સ્વાભાવિક સમજવી જોઇએ. સાથીના ગુણ અને દોષોને સ્વાભાવિક માનીને ચાલવામાં આવે, વધુમાં દોષોને સુધારવાનો અને ગુણોને વિકસાવવાનો પ્રયત્ન કરવામાં આવે તો તેનાથી એકબીજા પ્રત્યે ઊંડી સમજ અને ગાઢ એક્તાની ભાવના પેદા થઈને વધતી જાય છે, જે દામ્પત્ય જીવનની સફળતા માટે જરૂરી સોપાન છે.

એકબીજા પ્રત્યે સમજપૂર્વકનો વ્યવહાર તથા સહનશીલતાનો ભાવ રાખવો ખૂબ જરૂરી છે. ભગવાને એક કાંકરાને પણ બીજા કાંકરાની સમાન બનાવ્યો નથી, તો બે વ્યક્તિઓની મનોભૂમિ અને વિચારધારા એકબીજાને સમાન ક્યાંથી હોઈ શકે ? આ વૈવિધ્યમાં જ સૃષ્ટિનું સૌંદર્ય છે. આથી એ સમજી શકાય છે કે પતિપત્નીની વિચારધારાઓ અને મનોભૂમિઓ એક સમાન હોવી સંભવ નથી. બંનેનો વૈચારિક દૃષ્ટિકોણ, માન્યતા અને વિચારવાની રીત એકસરખી હોય એ સંયોગ ઓછો જોવા મળે છે. જો આ હકીકત પ્રત્યે સમજપૂર્ણ વ્યવહાર કરવામાં ન આવે તો પતિપત્ની બે ભિન્ન ધ્રુવ બની જાય છે અને તેમના જીવનમાં જરૂરી તાલમેળ જળવાતો નથી.

વિચારોની સાથે પસંદગીમાં પણ વિવિધતા હોય છે. પતિપત્નીએ એકબીજાના વિચારોની માફક પસંદગીની બાબતમાં પણ આક્રમણ ન કરવું. એકબીજાના વિચારો અને પસંદગીની ઇજ્જત કરવી જોઈએ, તેને સ્વીકારવા જોઈએ અને આમ કરીને પોતાના સાથીને પ્રસન્ન રાખવા માટે તત્પર રહેવું જોઈએ. આ સહનશીલતા પરસ્પર ઉપયોગી નીવડે છે અને



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પારસ્પરિક પ્રેમને વધુ ગાઢ બનાવે છે.

પારસ્પરિક પ્રેમની તાજગી જાળવી રાખવા માટે થોડા સમય માટે અલગ-અલગ રહેવું જરૂરી છે. થોડા સમય માટેનો વિયોગ પતિપત્નીને ભાવનાત્મક દૃષ્ટિથી વધુ નજદીક લાવે છે. અલગ-અલગ રહેવાથી એકબીજાની ભાવનાઓ અને ઉપયોગિતા જેટલા પ્રમાણમાં સમજી શકાય છે તેટલા અંશે સાથે રહેવાથી ઓછી સમજાય છે. પત્ની વિચારે છે કે તે હોત તો આમ કરત, અમુક કઠિનાઈઓ અમારા સુધી આવવા ન દેત અથવા તેમના સિવાય કેટલું સૂનું લાગત ? પત્ની સાથે રહેતી હોવા છતાં પણ તેના દરેક કામમાં કોઈને કોઈ ઉણપ દેખાઈ આવે છે. પરંતુ જ્યારે પત્ની પિયર જતી રહે છે ત્યારે તેને અનુભવ થાય છે, કે તેની હાજરીમાં તેને કેટલો બધો આરામ અને સુખ મળતું હતું. આ થોડા સમયનો વિયોગ એકબીજાને સમજવાનો મહત્ત્વપૂર્ણ અવસર આપે છે, જેમાં તેમને એકબીજાની જરૂરિયાત સમજાય છે.

કોઈ કોઈ વાર પતિને એવું લાગે છે કે પત્ની તેની ઉપેક્ષા કરી રહી છે. અથવા પત્નીને એવો અનુભવ થાય છે કે પતિ તેની ઉપેક્ષા કરી રહ્યો છે. ઘણી વાર તો ગેરસમજ પણ જન્મે છે. ઉપેક્ષા પાછળનું કારણ શારીરિક નાદુરસ્તી કે માનસિક સમસ્યાઓ પણ હોય છે. કારણોને સમજ્યા સિવાય ગેરસમજ પેદા કરવાથી દામ્પત્ય જીવનમાં કડવાશ જન્મે છે. અસલી કારણો સમજાતાં ઉપેક્ષાની વાતો બેકાર જણાય છે.

દંપતિએ એકબીજાની પ્રશંસા દ્વારા પરસ્પરના સંબંધોમાં પ્રસન્નતાનું વાતાવરણ પેદા કરવું અને મધુરતાનો રસ પ્રગટાવતાં રહેવું જોઈએ. પ્રશંસાની ચમત્કારી શક્તિથી બધા પરિચિત છે અને આ એક કળા પણ છે. પ્રશંસાની કળાનો મૂળ સિદ્ધાંત એ છે કે પ્રશંસા કરતી વેળાએ ગુણો અને સત્કાર્યોને મહત્ત્વ આપવું જોઈએ. વ્યક્તિત્વ તથા વ્યવહારને વિકસાવવા માટે સત્કાર્યોની કામના કરવી જોઈએ. અહંકારનો વૈભવ પ્રદર્શિત ન કરવામાં આવે. પત્નીએ પોતાની સૂઝબૂઝથી પતિને નુકસાનમાંથી બચાવ્યા હોય અથવા કોઈ કાર્ય સારું કર્યું હોય તો તેની મુક્ત કંઠે પ્રશંસા કરવી જોઈએ. એમ ન વિચારવું કે એ તો તેની જવાબદારી હતી, એમાં પ્રશંસા કરવાની શું જરૂરિયાત છે ? પત્ની પણ જો પોતાના પતિની પ્રશંસા કરવામાં કંજુસાઈ બતાવે છે, તો તે પોતાના પતિના હૃદયમાં કાયમી સ્થાન જાળવી રાખવામાં અસફળ રહે છે.

પોતાના દામ્પત્ય જીવનને સફળ અને મધુરતાયુક્ત બનાવવાનું રહસ્ય એ છે કે વિવેકપૂર્ણ રીતિનીતિ અપનાવવામાં આવે અને વિચાર્યા-સમજ્યા સિવાય કોઈ પગલું ન ઉપાડવામાં આવે અને આશંકાઓ ન કરવામાં આવે. પારસ્પરિક પ્રેમ અને સમર્પણના આદર્શનું પાલન કરતા રહીને કઠિન પરિસ્થિતિઓમાં પણ દામ્પત્ય જીવનની મધુરતા યથાવત્ રાખી શકાય છે.

**મા દરેક સ્થિતિમાં મા છે. બાળકને તકલીફ આપીને પણ શિક્ષણ આપવું તેનું કર્તવ્ય છે. માળામાં બેઠેલા નાના પક્ષીએ પગ ફફડાવ્યા અને ગભરાઈને જ્યાં હતું ત્યાં ચીપકીને બેસી ગયું. નાના પક્ષીને ભયભીત જોઈને માએ તેને માળામાંથી ધકેલીને કહ્યું, "જ્યાં સુધી તું ભય છોડીશ નહીં ત્યાં સુધી ઉડવાનું કેવી રીતે આવડશે ?" બીજી જ ક્ષણે પક્ષી હવામાં ઉડી રહ્યું હતું.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# નારી અભ્યુદયનો સૂર્યોદય

સૂર્ય નાની ઓરડીમાં કેદ રહી શકે નહીં. તેના કિરણો બળપૂર્વક અંધારાને દૂર ભગાડી શકે છે અને પ્રત્યેક ખૂણાનો અંધકાર પ્રકાશથી ભરાઇ જાય છે. હવે પછીના દિવસોમાં નારી અભ્યુદયનો સૂર્યોદય થનાર છે. હવે નારીનું સામર્થ્ય અને પ્રતિભા ઘરની ચાર દિવાલોમાં કેદ રહેશે નહીં. જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં, દુનિયાના દરેક દેશમાં, વિશ્વના પ્રત્યેક ખૂણામાં તેની પ્રતિભાના ચમત્કાર જોવા મળશે. સમયની પ્રત્યેક પળ તેના વિકાસનું એક નવું કિરણ બનીને પ્રગટ થશે. એકવીસમી સદીના ઉજ્જવળ ભવિષ્યની આભા આજના વર્તમાન સમયમાં અને પાછળના થોડા ભૂતકાળમાં જોઈ શકાય છે. આ સૂર્યોદયનું અરૂણ પ્રભાત ઓગણીસમી સદીની શરૂઆતમાં ઉગતું દેખાયું, જ્યારે રાજા રામમોહનરાય અને ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર જેવા નેતાઓએ પોતાના સુધારકાર્યના આંદોલનોમાં નારીશિક્ષા અને ઉત્થાનને મુખ્ય સ્થાન આપ્યું.

આ પ્રયાસોના પરિણામ સ્વરૂપે કલકત્તામાં પ્રથમ મહિલા કૉલેજની સ્થાપના થઈ. સને ૧૮૭૦-૮૦ની વચ્ચે પ્રથમ મહિલા સ્નાતક બની. ત્યારબાદ સને ૧૮૮૨માં પ્રથમ મહિલા કાયદાશાસ્ત્રનું શિક્ષણ લેવા ઓક્સફર્ડ વિશ્વવિદ્યાલયમાં ગઈ. સને ૧૮૮૩માં પ્રથમ મહિલા ડૉક્ટરી વિદ્યા ભણવા વિદેશમાં ગઈ. આની વચ્ચેના સમયમાં અનેક મહિલા શિક્ષણ સંસ્થાઓ ખુલી. સ્ત્રીશિક્ષણના ક્ષેત્રમાં અગ્રણી મહિલા સુધારકોમાં શ્રીમતિ રમાબાઈ રાનાડે, પંડિતા રમાબાઈ, સરલાદેવી ચૌધરી, લઠી અબલા બોસ, શ્રીમતિ પી. કે. રે. આદિ પ્રમુખ તરીકે રહી. ડૉ. કર્વેનું યોગદાન પણ પ્રશંસનીય ગણાય છે. સત્ય અને જ્ઞાનની શોધમાં ભારત આવેલી વિદેશી મહિલાઓએ ભારતમાં નારી અભ્યુદયનું પ્રભાત પ્રગટાવવા માટે અથાગ પ્રયત્નો કર્યા. એમાં થિયોસોફિકલ સોસાયટીની સંસ્થાપક મેડમ બ્લાવતસ્કી, શ્રીમતિ એનીબેસન્ટ, સિસ્ટર નિવેદિતા અને મીરાબેનના પ્રયાસોને પ્રેરણા સ્રોત માનવામાં આવશે.

સને ૧૯૧૭માં શ્રીમતિ માર્ગરેટ કર્જિંસ, શ્રીમતિ બેસન્ટ અને શ્રીમતિ સરોજની નાયડુના અથાગ પરિશ્રમ પછી સને ૧૯૨૦માં સ્ત્રીઓએ ચૂંટણીમાં ભાગ લીધો. સને ૧૯૨૯માં ઘોષિત બાલવિવાહ અધિનિયમ મહિલાઓની સ્થિતિ સુધારવામાં એક નવો વળાંક હતો. રાજનીતિના ક્ષેત્રમાં મહિલાઓનું વાસ્તવિક પદાર્પણ વીસમી સદીની શરૂઆતથી થયું. પ્રથમ દસકામાં મહિલાઓ પ્રત્યક્ષ રાજનીતિમાં પ્રવેશી. સને ૧૯૧૭માં શ્રીમતિ બેસન્ટની અધ્યક્ષતા નીચે કૉંગ્રેસે એક પ્રસ્તાવ જાહેર કર્યો અને સ્ત્રીઓને પણ પુરુષોની સમાન જ મતાધિકાર મળે તેની માગણી કરી. સને ૧૯૧૭માં માર્ગરેટ કર્જિંસે મદ્રાસમાં 'વૂમેન્સ ઈન્ડિયન એસોશિએશન' નામની અખિલ ભારતીય સ્તરની પ્રથમ મહિલા સંગઠનની સ્થાપના કરી.

આ પ્રયાસોના કારણે સને ૧૯૧૯માં મહિલાઓને સીમિત મતાધિકાર આપવામાં આવ્યા. સને ૧૯૨૬ સુધીમાં મહિલાઓને પુરુષોની સમાન મત આપવાનો અધિકાર મળી ગયો. એપ્રિલ ૧૯૨૬માં સ્ત્રીઓને પ્રાંતીય વિધાનસભાઓમાં ચૂંટણી લડવાનો અધિકાર પણ મળી ગયો. ડૉ. મધુલક્ષ્મી રેડ્ડી પ્રથમ મહિલા વિધાયકના રૂપમાં વિધાનસભાની ઉપાધ્યક્ષ બની. સને ૧૯૨૫માં શ્રીમતિ સરોજીની નાયડુ કૉંગ્રેસના અધ્યક્ષ પદ પર બિરાજમાન થઈ. સને ૧૯૨૭માં ઑલ ઈન્ડિયા વુમેન્સ કૉંગ્રેસની સ્થાપના થઈ. જેનો નારો હતો, "સમાન અધિકાર સમાન દાયિત્વ." આ સંગઠન આજે પણ મહિલાઓની ઉન્નતિ માટે સક્રિય અને સૌથી મોટું સશક્ત સંગઠન છે.

સને ૧૯૩૦માં ગાંધીજીના આવાહન પર હજારો મહિલાઓ નમક આંદોલનમાં કૂદી પડી હતી. એમાં ૧૭૦૦૦ મહિલાઓની ધરપકડ થઈ.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સને ૧૯૩૨ના સવિનય કાનૂન ભંગ આંદોલન અને ૧૯૪૨ના ભારત છોડો આંદોલનમાં હજારો મહિલાઓ જેલમાં ગઈ. આંદોલનની સાથે મહિલાઓએ વૈધાનિક ક્ષેત્રમાં પણ પ્રતિનિધિત્વ કર્યું. રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ અને કમિટીઓમાં બેગમ શાહનવાજ, શ્રીમતિ રાધાબાઈ, સુબ્રાયન, શ્રીમતિ સરોજીની નાયડુ, રાજકુમારી અમૃત કૌર, શ્રીમતિ લક્ષ્મી મેનન, શ્રીમતિ રામમૂર્તિ, શ્રીમતિ માણિકલાલ જેવી વિદ્વાન મહિલાઓએ સક્રિયતાપૂર્વક ભાગ લીધો.

સને ૧૯૩૭માં પ્રાંતોમાં કૉંગ્રેસ મંત્રીમંડળો બન્યા ત્યારે ૮૦ મહિલાઓ વિધાનસભામાં ચૂંટાઈ આવી. ઉત્તરપ્રદેશ મંત્રીમંડળમાં શ્રીમતિ વિજ્યાલક્ષ્મી પંડિત પહેલા મહિલા મંત્રી બન્યા. ભારત પાકિસ્તાનના વિભાજન સમયના તોફાનોમાં શાંતિ સ્થાપવા અને પાકિસ્તાનથી અપહરણ થયેલી સ્ત્રીઓને સુરક્ષિત બચાવવાના પ્રયાસોમાં મહિલાઓએ પોતાના શૌર્ય અને સાહસનો પરિચય આપ્યો. આ કાર્યમાં શ્રીમતિ રામેશ્વરી નહેરૂ, શ્રીમતિ અવમ્મા મથાઈ, શ્રીમતિ સુચેતા કૃપલાની અને કમલાદેવી ચટ્ટોપાધ્યાય મુખ્ય હતી. ભારતના સંવિધાન નિર્માણમાં મહિલાઓનું યોગદાન પુરુષો કરતાં સહેજ પણ ઓછું ન હતું. આ ઐતિહાસિક કાર્યમાં પોતાનું યોગદાન આપનારી મહિલાઓ પૈકી લીલા રે, કમલા ચૌધરી, અમ્મૂસ્વામી નાથન, માલતી ચૌધરી, પૂર્ણિમા બેનર્જી વગેરે હતી. સંવિધાનમાં સ્ત્રીપુરુષોને સમાન અધિકાર મળવાનું કારણ કદાચ એમની ભાગીદારી ગણાય છે. આને લીધે ભારતીય નારીની પ્રગતિના ઇતિહાસમાં એક મહત્ત્વપૂર્ણ વળાંક સાબિત થયો.

આના પરિણામ સ્વરૂપે સને ૧૯૫૨થી લઈને આજ સુધી મહિલાઓનું ભારતીય રાજનીતિમાં મહત્ત્વપૂર્ણ સ્થાન રહ્યું છે. ૧૯૫૨માં ૪૮૧ સીટોમાંથી ૨૨ મહિલાઓ સાંસદ તરીકે ચૂંટાઈ આવી. ૧૯૫૭માં આ સ્થિતિ ૪૯૪માંથી ૨૭ થઈ. ૧૯૬૨માં ૪૯૪માંથી ૩૪, ૧૯૬૭માં ૫૨૦માંથી ૩૧, ૧૯૭૧માં ૫૧૮માંથી ૨૨, ૧૯૭૭માં ૫૪૨માંથી ૧૯, ૧૯૮૦માં ૫૪૨માંથી ૨૮, ૧૯૮૪માં ૫૪૨માંથી ૪૪, ૧૯૮૯માં ૫૪૩માંથી ૨૭, ૧૯૯૧માં ૫૪૩માંથી ૩૯ અને ૧૯૯૬માં ૫૪૩માંથી ૩૬ મહિલાઓ સાંસદ બની છે. આજે આપણા દેશમાં ૭ રાષ્ટ્રીય દળ, ૩૮ રાજ્યસ્તરીય દળ તથા કુલ ૪૩૬ પાર્ટીઓ છે. આ પાર્ટીઓમાં અનેક વિવશતાઓ હોવા છતાં ચાર હજાર ઉમેદવારો પૈકી આ વેળા ચૂંટણીના ક્ષેત્રમાં ૧૦૨ મહિલાઓએ ભાગ લીધો હતો. જેમાંથી ૩૬ મહિલાઓ લોકસભામાં ચૂંટાઈ આવી છે.

વહીવટના ક્ષેત્રમાં પણ મહિલાઓની ભાગીદારી સક્રિય રહી છે. કુ. અન્નામર્જા પ્રથમ આઈ. એ. એસ. યુવતી હતી. આજે ઉચ્ચપદ પર બિરાજમાન આઈ. એ. એસ. મહિલાઓ સેંકડો છે. કેટલીક મહિલાઓએ આઈ. પી. એસ., આઈ. એફ. પરીક્ષા પાસ કરેલ છે. કિરણ બેદી આઈ. પી. એસ. ની એક ઘણી ચર્ચાસ્પદ બહાદુર મહિલા ઑફિસર છે. વહીવટના ક્ષેત્રમાં દરેક વર્ષે મહિલાઓ પ્રગતિના નવા પરિમાણો સ્થાપી રહી છે.

સામૂહિક સ્તર પર મહિલાઓની પ્રગતિએ ૭૦ના દસકમાં જોર પકડ્યું છે. આંતરરાષ્ટ્રીય સ્તર પર એને માન્યતા મળી છે. સને ૧૯૭૫માં મેક્સિકોમાં એક બૃહદ સંમેલન ભરાયું હતું. ત્યારની તાત્કાલિક સિદ્ધિઓ ભલે નગણ્ય રહી હોય, પરંતુ એના દસ વર્ષીય કાર્યક્રમોએ આગળ નિશ્ચિત જ મહિલાઓની સ્થિતિ પર પોતાનો પ્રભાવ પાડ્યો. એ પછી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તર પર વિવિધ ગોષ્ઠીઓ અને સેમિનારો દ્વારા વિચારવિમર્શોમાં ગતિ આવી. પ્રગતિ અને વિકાસની નવી યોજનાઓ બનાવાઈ અને અમલમાં મૂકાઈ. આનું મૂલ્યાંકન પહેલા દેશોના ક્ષેત્રીય સંમેલનોમાં થયું અને પછી ૧૯૮૦માં કોપેનહેગનના વિશ્વ મહિલા સંમેલનમાં રજૂ કરવામાં આવ્યું. આ સંમેલનમાં કુલ ૧૪૫ દેશોએ ભાગ લીધો અને એમાં શિક્ષણ, સ્વાસ્થ્ય અને રોજગારને લગતાં કુલ ૪૮ પ્રસ્તાવો પસાર થયા.

સને ૧૯૪૫માં સંયુક્ત રાષ્ટ્રસંઘની


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સ્થાપનાના સમયે કુલ ૩૨ દેશોની મહિલાઓને વોટ આપવાનો અધિકાર હતો. સને ૧૯૭૫માં આ અધિકાર ૧૨૪ દેશોને મળી ગયો. ૧૯૮૫માં વિશ્વ સંમેલન નૈરોબીમાં ભરાયું. ચોથું વિશ્વ સંમેલન ગયા વર્ષે ૧૯૯૫ના સપ્ટેમ્બર મહિનામાં ચીન દેશની રાજધાની પેકિંગમાં ભરાયું. આમાં ૧૮૨ દેશોની કુલ ૩૦,૦૦૦ મહિલાઓએ ભાગ લીધો. આ સંમેલનની સૌથી મોટી સિદ્ધિ રૂપે મહિલાને એક સામાન્ય મનુષ્યના રૂપમાં માન્યતા મળી. પુરુષ જેટલો જ તેને દરજ્જો આપવામાં આવ્યો. આ સંમેલનનું સૌથી મહત્ત્વપૂર્ણ પાસું એ રહ્યું કે તેમાં ભાગ લેનારા દેશોમાંથી ૮૯ દેશોએ નક્કર વાયદો કર્યો અને ૬૭ દેશોએ સમયબદ્ધ કાર્યક્રમ અમલમાં મૂક્યો. આ સંમેલનમાં મહિલાઓના કેટલાક અધિકારો વિશે ચર્ચા થઈ, જેને મહિલાઓના અધિકાર માનવામાં આવતા નહીં. મહિલાઓના સામર્થ્યને પણ સ્વીકારવામાં આવ્યું.

જોકે આ બૃહદ સંમેલનોમાં થયેલા વિચારવિમર્શનું કોઈ તાત્કાલિક પરિણામ જોવા મળતું નથી, છતાં પણ રાષ્ટ્રસંઘના મહાસચિવ બુતરસનું કથન છે કે, "આ વિચારવિમર્શથી સમસ્યાઓ પ્રત્યે એક વિશ્વ લોકમત જાગૃત થાય છે. સર્વ મોટા રાષ્ટ્રોમાં આ સમસ્યાઓના નિદાન માટે ભલે કોઈ તાત્કાલિક સંમતિ ન થઈ શકી હોય, પરંતુ સમસ્યાઓ અને તેના નિદાન પર ચિંતા કરીને એક સમજદારી પર એકમતિ સધાય છે. આ કોઈ નાની સરખી સિદ્ધિ ન ગણાય.

નારી અભ્યુદયના આ વિશ્વવ્યાપી પ્રયાસોને કારણે દરેક ક્ષેત્રમાં મહિલાઓની ભાગીદારી વધી રહી છે. એકલા અમેરિકાની ૪૨ ટકા પત્રિકાઓ અને સમાચારપત્રોમાં ૩૩ ટકા મહિલાઓ કાર્યરત છે. જોકે ૧૯૭૧માં ત્યાં માત્ર ૩ ટકા મહિલાઓ વકીલ હતી, ૧૯૮૫માં તેમની સંખ્યા ૧૩ ટકા સુધી વધી છે. ગયા વર્ષે વકીલાતના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરનારી છોકરીઓની સંખ્યા ૪૪ ટકા હતી. અહીં સુરક્ષા જેવા પુરુષ કેન્દ્રી મુખ્ય ક્ષેત્રમાં પણ મહિલાઓની ભાગીદારી પૂરતી છે. ૧૯૯૪માં વાયુસેનામાં ૨૪ ટકા, ભૂમિસેનામાં ૧૯ ટકા અને નૌકાદળમાં ૧૭ ટકા મહિલાઓ ભરતી થઈ હતી. ૧૯૯૪માં ઓફિસરના પદો પર સેનામાં ૧૬ ટકા જૂનિયર મહિલા અધિકારી, વાયુસેનામાં ૧૮ ટકા અને નૌકાદળમાં ૧૪ ટકા મહિલા અધિકારી હતી.

ઈરાન જેવા કટ્ટરવાદી મુસ્લિમ દેશમાં નારી વર્ગ નવજાગરણના આલોકથી અસ્પૃશ્ય રહ્યો નથી. ત્યાં શિક્ષણના ક્ષેત્રમાં ૭૪ ટકા મહિલાઓ શિક્ષિત થઈ ગઈ છે. વિશ્વવિદ્યાલયોમાં દાક્તરી વિદ્યા જેવા જટિલ વિષયમાં પણ ૪૫ ટકા વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરી રહી છે. પત્રકારિત્વમાં ૧૩ ટકા મહિલાઓ છે. સમાચારપત્રોમાં ૨૨ ટકા મહિલાઓ રિપોર્ટિંગનું કામ કરે છે. આ ઉપરાંત સંસદમાં ૨૫ ટકા સીટો મહિલાઓ માટે અનામત રાખવાની માગણી વધી રહી છે.

જાપનના ટોકિયો શહેરમાં ૧૫૮ ટેક્ષી ડ્રાઈવરો પૈકી ૧૭ મહિલાઓ ટેક્ષી ડ્રાઈવર છે. આ મહિલાઓ પુરુષો કરતાં વધુ કુશળ અને સમર્થ જણાઈ છે.

ભારતીય સમાજમાં મહિલાઓએ પ્રગતિના સોપાનો સર કરવા માંડ્યાં છે. પુરુષ પ્રધાન ક્ષેત્રમાં પણ મહિલાઓનું વર્ચસ્વ જણાવવા લાગ્યું છે. સરકારે સેનામાં, વાયુસેનામાં અને સુરક્ષા વ્યવસ્થામાં સ્ત્રીઓને સામેલ કરીને એક ક્રાંતિકારી પરિવર્તન કર્યું છે. હરિતા દેઓલ વાયુસેનામાં પગલું ભરનારી પ્રથમ મહિલા પાયલોટ બની ગઈ છે. કેટલીય બીજી મહિલાઓ પણ વાયુસેનામાં દાખલ થઈ ગઈ છે. આના પહેલા સેના, નૌસેના અને મર્ચેન્ટ નેવીમાં પણ મહિલાઓને પ્રવેશ મળી ગયો છે. અલ્કા ખુરાના પ્રથમ મહિલા લેફ્ટીનેણ્ટ બની છે.

માઉન્ટ એવરેસ્ટ પર ચઢનારી પ્રથમ ભારતીય મહિલા બછેન્દ્રી પાલની નેતાગીરીમાં એક સંપૂર્ણ મહિલા જૂથ માઉન્ટ એવરેસ્ટ પર ચઢવામાં સફળ રહ્યું છે. પર્વતારોહણ ઉપરાંત પુરુષકેન્દ્રી રમતોમાં પણ ભારતીય મહિલાઓએ ભારતનું ગૌરવ વધાર્યું છે. વેઈટલિફટીંગના ક્ષેત્રમાં


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કુંવરાની દેવી, મલ્લેશ્વરીદેવી, નીલમ લક્ષ્મી, ભારતી સિંહની પ્રતિભાની પ્રશંસા દરેક જણે કરી છે.

આ ઉપરાંત આ વેળાએ અટલાંટા ઓલિમ્પિકમાં મહિલા ખેલાડીઓની સંખ્યા ગયા વખતની તુલનામાં ૪૦ ટકાની વૃદ્ધિ થઈ છે. આંતરરાષ્ટ્રીય ઓલમ્પિક કમિટીના આંકડા મુજબ આ વેળા ઓલમ્પિકમાં કુલ ૩૭૮૦ મહિલા ખેલાડીઓએ ભાગ લીધો. જોકે એથેન્સમાં આજથી સો વર્ષ પહેલા જ્યારે ઓલમ્પિક રમતોની શરૂઆત થઇ હતી ત્યારે આ મહાન રમતોત્સવમાં મહિલાઓને પ્રવેશ માટે મંજૂરી આપવામાં આવી ન હતી. પરંતુ આ વેળાએ મહિલા ખેલાડીઓની ભાગીદારીમાં આશ્ચર્યકારક વધારો થયો અને તેમણે બધાને આશ્ચર્ય પમાડીને પોતપોતાના રાષ્ટ્રો માટે સુવર્ણ, રજત અને કાંસ્ય ચંદ્રકો પણ મેળવ્યા.

રમતો ઉપરાંત પ્રતિભાના અન્ય કોઈ પણ ક્ષેત્રમાં નારીઓ પાછળ રહી નથી. વિશ્વના સર્વશ્રેષ્ઠ પ્રતિષ્ઠિત નોબલ પુરસ્કારથી આજ સુધીમાં ૨૫ મહિલાઓ સન્માનિત થઈ ગઈ છે. જોકે આ સંખ્યા નોંધપાત્ર નથી, છતાં પણ નારીની પ્રતિભાને પ્રકાશમાં લાવનારી આ સંખ્યા પૂરતી કહેવાશે. આ પૈકી ૯ મહિલાઓને શાંતિના ક્ષેત્રમાં, ૮ને સાહિત્ય રચનાના ક્ષેત્રમાં અને બાકીની આઠને અન્ય શ્રેષ્ઠ કાર્યોમાં યોગદાન અર્થે આ પુરસ્કાર આપવામાં આવ્યો છે. આ ઉપરાંત સાર્વજનિક કાર્યોના ક્ષેત્રોમાં મહિલાઓ હિંમતપૂર્વક આગળ વધી રહી છે. આનાથી મહિલામુક્તિ, સ્વતંત્રતા અને આત્મનિર્ભરતાનો એક નવો માર્ગ ખુલ્લો થયો છે.

તામિલનાડુના પુદદુ કોટ્ટઈ જિલ્લાની ૨૦,૦૦૦થી વધુ મહિલાઓએ ટ્રાઈસન સ્કીમ હેઠળ સાઈકલ ચલાવવાનું શીખી લીધું છે. આ જ જિલ્લામાં પથ્થરની ૧૭૦ ખાણોનું ખોદકામ મહિલા કોન્ટ્રાક્ટરો દ્વારા સફળતાપૂર્વક ચાલી રહ્યું છે. અન્ય લોકોની જેમ એમના પતિ પણ એમના અંકુશ નીચે નોકરી કરે છે. એમાંથી કેટલીક ભણેલી મહિલાઓ અહીંનો સંપૂર્ણ હિસાબ સંભાળે છે. મદ્રાસમાં બે બાળકોની એક ૨૪ વર્ષની માતા બાસન્તી તિપહિયા ઓટોરિક્ષા ચલાવીને પોતાનો રોજગાર કમાય છે. બેંગલોરમાં પણ એક મહિલા ઓટોરિક્ષા ચલાવીને ઘરખર્ચ કમાય છે.

આંધ્રપ્રદેશના નેલ્લોર જિલ્લાના દોવાગુટા ગામની સ્ત્રીઓએ ૧૯૯૧માં નશાવિરોધી આંદોલન ચલાવ્યું હતું જેના પરિણામ સ્વરૂપે ૧૯૯૫માં આંધ્રપ્રદેશમાં દારૂબંધી દાખલ કરી દીધી. દારૂબંધી દાખલ કર્યા પછી નેલ્લોર જિલ્લામાં મહિલાઓએ એક વર્ષની અંદર ૭ કરોડ રૂપિયા બચાવીને એકત્ર કર્યા, આ રકમનો ઉપયોગ સ્ત્રીઓ અને બાળકોના શિક્ષણ, સ્વાસ્થ્ય, ભોજન વગેરેની વ્યવસ્થા પાછળ કરવામાં આવી રહ્યો છે.

છેલ્લા ૧૫ વર્ષમાં નારી આંદોલનોને કારણે કેટલાય કાયદાઓમાં સુધારો થયો છે. મહિલાઓ માટે નીતિઓ ઘડાઇ છે અને એક રાષ્ટ્રીય પરિષદનું નિર્માણ પણ થયું છે. આમાં પંચાયતી રાજ્ય કાયદા હેઠળ પંચાયતો અને નગરપાલિકાઓમાં ૩૦ ટકા સ્તરો અનામત રાખીને એક મહત્ત્વનું અને ક્રાંતિકારી પગલું ભર્યું છે. આનાથી ગ્રામીણ ક્ષેત્રોમાં ૮,૦૦,૦૦૦ ગરીબ મહિલાઓ સાર્વજનિક સ્થાનો પર કાર્ય કરશે. એનાથી ગ્રામીણ મહિલાઓમાં શિક્ષણ, સ્વાસ્થ્ય, સામાજિક અને રાજનૈતિક કાર્યો પ્રત્યે જાગૃતિ પેદા થશે, જે નારીના અભ્યુદય માટેનું મોટું શુભ લક્ષણ છે.

મહિલાઓના સંપત્તિ સંબંધી અધિકારમાં કાયદાકીય સુધારા થયા છે. ૧૯૮૫ના પ્રતિભા રાની કેસની મારફત સ્ત્રીધન પર મહિલાના સંપૂર્ણ અધિકારની જાહેરાત થઈ છે. ૧૯૮૭ના શોભા રાની કેસ પછી દહેજની માગણી ક્રૂરતા જાહેર થઈ છે. આ ચૂકાદા મુજબ ફક્ત દહેજની માગણીને આધારે લગ્ન રદ કરવાની માગણી કાયદેસર બની છે. લગ્નમાં મહિલાને મળેલી સંપત્તિ પર તેનો સંપૂર્ણ અધિકાર છે. ગુજરાતમાં ખરોંચ (કપડામાં કાંટો ભરાવો) લગાડનારી સ્ત્રીઓએ કાયદાકીય લડાઈ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જીતી લીધી છે. તેમને ફુટપાથ પર સામાન વેચવાની મંજુરી મળી ગઈ છે.

હિંસાઓની વધતી જતી સંખ્યાને કારણે મહિલા પોલીસ થાણાની વ્યવસ્થા થઈ રહી છે. જયપુરમાં સર્વ પ્રથમ સંપૂર્ણ મહિલા થાણાની શરૂઆત થઈ. દિલ્હીમાં મહિલાઓની હિંસા અટકાવવા માટેની વ્યવસ્થાના કેન્દ્રોની શરૂઆત છેલ્લા દસ વર્ષથી થઈ ગઈ છે. આ રીતે પશ્ચિમ બંગાળામાં સરકાર સાત મહિલા પોલીસ થાણા ખોલશે. આ બધાનો મુખ્ય વહીવટ સ્ત્રીઓ કરશે.

હાલમાં હરિયાણા એવું પ્રથમ રાજ્ય છે કે જેણે મહિલાઓના કલ્યાણ માટે અલગ મહિલા તથા શિશુ વિકાસ નિગમની સ્થાપના કરી છે. પંચાયતી અને નગરપાલિકાના અધિનિયમ હેઠળ મહિલાઓને યોગ્ય પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું છે. પ્રદેશના કુલ ૫૯૫૮ સરપંચોમાં ૧૯૯૪ મહિલાઓ છે અને ૫૪,૧૫૯ પંચોમાં ૧૭,૯૨૦ સ્ત્રીઓ છે. અહીં ટેકનિકલ સંસ્થાઓમાં તથા સ્નાતક સ્તર સુધી છોકરીઓનું શિક્ષણ મફત બનાવવામાં આવ્યું છે.

પશ્ચિમ ઉત્તરપ્રદેશના હરિયાણાની હદ સાથે જોડાયેલાં જિલ્લાઓ મુજફ્ફનગર, સહારનપુર, મેરઠમાં દારૂની વિરુદ્ધ મહિલાઓએ જેહાદ જગાડી છે અને મુજફ્ફનગર તથા સહારનપુરમાં એક ડઝનથી વધુ પશ્ચિમી ઉત્તરપ્રદેશમાં દારૂબંધી હેઠળ શરાબના મથકો પર તાળા લગાડી દીધા. આ આંદોલનની શરૂઆત મહિલાઓએ કરી છે અને એના માટે પ્રદેશ મહિલા સમિતિની રચના કરવામાં આવી છે. આ સમિતિની પ્રદેશ અધ્યક્ષા હુસ્નદેઈ સૈનીને બનાવવામાં આવી છે. હુસ્નદેઈએ આજ સુધીમાં જિલ્લાના એક ડઝનથી વધુ શરાબના મથકોની વિરુદ્ધ કાર્યવાહી કરીને તેમને બંધ કરાવવામાં સફળતા મેળવી છે.

હરિયાણા અને રાજસ્થાનમાં મહિલાઓએ અસરકારક પ્રયાસો કરીને ભ્રૂણ લિંગ પરીક્ષણને કાનૂની ગુનો જાહેર કરીને કન્યાઓની હત્યા પર પ્રતિબંધ લગાડી દીધો છે. રાજસ્થાનમાં ભરાયેલા સાતમા રાષ્ટ્રીય મહિલા સંમેલનમાં નારીઓની પરેશાની વિરુદ્ધ એક સંગઠિત અવાજની જરૂરિયાતને સમજીને ૧૯૯૬નું વર્ષ નારી જાગરણ વર્ષના રૂપમાં મનાવવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે.

ગામડું હોય કે દેશ હોય અથવા સમગ્ર વિશ્વનું વ્યાપક ક્ષેત્ર હોય, દરેક જગ્યાએ નારી અભ્યુદયના સૂર્યોદયના કિરણો પોતાનો પ્રકાશ ફેલાવી રહ્યા છે. થોડા જ સમયમાં દુનિયાનો પ્રત્યેક ખૂણો અને જીવનનું દરેક ક્ષેત્ર એના આલોકથી પ્રભાવિત-થયા વિના રહેશે નહીં. હવે પછીના ચાર વર્ષમાં નારીનું વર્ચસ્વ પોતાની પ્રખરતા સ્વયં જ સિદ્ધ કરી દેશે. સ્વયંને ઓળખવામાં આવે અને નારી અભ્યુદયનો સૂર્યોદય પોતાની ગરમીથી પુરુષોના ઉદ્ધત અહંને સળગાવીને રાખ બનાવી દે, તેના પહેલાં જ તેને આવકારવામાં જ બુદ્ધિમત્તા છે.

---

**ધર્મ શું અમુક વંશ, અમુક પરિવેશવાળાઓનો લૂંટમાર કરવાનો ખુલ્લો મળેલો ઈજારા પત્ર છે ? ધર્મ શું કુરિવાજો અને મૂઢતાઓનું જાળું છે ? અધ્યાત્મ શું થોડીસરખી પૂજાપાઠની તકલીફ ઉપાડીને દેવતાઓ સહિત ઈશ્વરને આપણા સકંજામાં લેવાનો અને તેમના મારફત સાચી-ખોટી મનોકામનાઓ પૂરી કરવા માટે વાનરની જેમ નચાવવાનું દુઃસ્વપ્ન છે ? આજનું અધ્યાત્મ લગભગ જાદુ-મંતર જેવું બની ગયું છે. જેના દ્વારા કંઈક અણઘડ શબ્દોનું ઉચ્ચારણ અને કંઈક વસ્તુઓની આડી-અવળી ઉથલ-પાથલ કરવી. આજના કહેવાતા અધ્યાત્મવાદીઓની આવી નગ્ન છબી જોઈને અમારું માથું શરમથી નમી પડે છે અને રડી પડાય છે. આટલા બધા લોકોનો આટલો શ્રમ, સમય, ધન તેમજ મન જો સાચા અધ્યાત્મ માટે નિયોજિત થયું હોય તો તેઓ સ્વયં ધન્ય બની શકતા હતા અને પોતાના પ્રકાશથી સમગ્ર વાતાવરણ ભરી શકતાં હતાં.**

***



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સ્નેહ સરિતા વંદનીય માતાજી

(સન ૧૯૨૬ થી ૧૯૯૪)

જૂન ૧૯૭૧થી ગુરુદેવે યુગનિર્માણ યોજના અને ગાયત્રી પરિવારના કાર્યક્રમોમાંથી પોતાની જાતને અલિપ્ત કરી લીધી. મથુરાના વિદાય પ્રવચનમાં ગુરુદેવે કહ્યું હતું કે તેઓ વાતાવરણને ગરમ કરવા, એને યુગ પરિવર્તનને અનુકૂળ બનાવવા માટે પ્રચંડ તપ કરશે. યજ્ઞીય કાર્યક્રમોમાં અત્યાર સુધી જેવી રીતે જતા હતા એવો પ્રવાસ નહીં કરે. એમનો પોતાનો સમય અને ધ્યાન મેધાવી સાધકોને આગળ વધારવામાં લગાવશે અને આસુરી પ્રવૃત્તિઓનો નાશ કરવામાં પોતાની શક્તિ ખર્ચશે. ત્યારે પરિજનોને સંદેહ થયો હતો કે ગાયત્રી પરિવાર અને યુગનિર્માણ યોજનાનું કામ અટકી જશે. ગુરુદેવે એ વખતે કહ્યું હતું કે મારા પછી માતાજી સંગઠનને અને આંદોલનને એવું જ માર્ગદર્શન આપશે, જેવું અત્યાર સુધી હું આપતો હતો. કાર્યકર્તાઓને પહેલાં કરતાં વધારે પ્રેમ અને લાડ મળશે. ગુરુદેવનો સ્નેહ અને આશીર્વાદ તો મળશે જ. સાથે વંદનીય માતાજીની મમતા અને વાત્સલ્ય પરિજનોને ન્યાલ કરી દેશે. ગુરુદેવના આ આશ્વાસનથી ઘણા પરિજનો નિશ્ચિત થયા અને ઘણાની બીક એવીને એવી જ રહી, પરંતુ માતાજીએ આંદોલનની સાથે સાથે સાધકોને માર્ગદર્શન આપવાની જવાબદારી સંભાળી લીધી. આમ તો ગુરુદેવ અને માતાજી અલગ નથી. ગુરુદેવની કૃપા પહેલાંની જેમ જ બધા માટે વરસતી રહી છે. પ્રત્યક્ષ રીતે માતાજી જોડે જ કામ પડતું હતું.

બહારના લોકો માટે અથવા ૧૯૭૧ પછી યુગનિર્માણમાં જોડાયેલા માટે માતાજી અપરિચિત હશે, પરંતુ પહેલેથી જોડાયેલા પરિજનો તો માતાજીના સ્નેહરૂપી અમૃતથી સારી રીતે પરિચિત છે. તેઓ સારી રીતે અનુભવતા કે માતાજી અને ગુરુદેવનું અવતરણ એક જ પ્રયોજન માટે થયું છે. વંદનીય માતાજી એ વર્ષે આ પૃથ્વી પર અવતર્યાં કે જે વર્ષે ગુરુદેવ પોતાની માર્ગદર્શક સત્તા સાથે જોડાયા અને મહાપુરશ્ચરણ સાધનાનો આરંભ કર્યો. વંદનીય માતાજી ભગવતીદેવીનો જન્મ સપ્ટેમ્બર ૧૯૨૬માં આગરામાં થયો હતો. ભારતીય પંચાગ પ્રમાણે કૃષ્ણ ચોથ હતી.

આગરાના પ્રતિષ્ઠિત પુરોહિત પરિવારમાં જન્મેલાં માતા ભગવતીદેવીનું બાળપણ વિલક્ષણ અને અસામાન્ય હતું. બીજાં બાળકોની જેમ એમને રમવામાં અને ખાવામાં રસ ન હતો. એમને ઈશ્વરની પૂજાઉપાસના અને ઘેર આવનાર મહેમાનોની મહેમાનગતિ કરવામાં ખૂબ આનંદ આવતો હતો. એમના પિતાજીને મળવા આવતા માણસોને અને જરૂરિયાતવાળાને આત્મીયતાથી પૂછપરછ કરતાં હતાં. એમના માટે આસન પાથરતાં, પાણી આપતાં અને ભોજન માટે પૂછતાં. એ બધાં કામ એમને ખૂબ ગમતાં હતાં. એમના પિતા જશવંતરાવને ત્યાં આવનાર મહેમાનોની માતાજી જે દિવ્યભાવથી મહેમાનગતિ કરતાં એ ખૂબ મધુર લાગતું હતું.

ઈશ્વરની આરાધના એમના આત્મિક અને આંતરિક જીવનનો પ્રિય વિષય હતો. મોટાભાગનો સમય તેઓ ભગવાનના ભજનમાં અને નામસ્મરણમાં વિતાવતાં હતાં. શિવલિંગ ઉપર બીલીપત્ર ચઢાવવાં એ એમનો પ્રિય વિષય હતો. એમાં એ નવી નવી વિશેષતા દ્વારા બીલીપત્રથી નવા આકાર બનાવતાં ૐ નમઃ શિવાય લખતાં. મંત્રજપ કરતાં કરતાં એ શિવની પૂજા કરતાં. વિદ્યારંભ કર્યા પછી સૌપ્રથમ તેમણે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

'ભગવદ્‌ગીતા'નું અધ્યયન કર્યું. 'રામચરિતમાનસ' એમના સ્વાધ્યાયમાં આવેલું બીજું પુસ્તક હતું. 'ગાયત્રી સહસ્રનામ' એમને કંઠસ્થ થઈ ગયું હતું અને 'દેવી ભાગવત્' પુરાણનો પણ નિયમિત પાઠ કરતાં હતાં. આ પુસ્તકોનું અધ્યયન કરતાં હતાં, તેથી ઉપલા ધોરણમાં ભણવા જવાની જરૂર ન લાગી. માતાપિતાએ એમની દીકરીના ભક્તિભાવની વિશિષ્ટ રુચિનું સન્માન કર્યું. ભજન, ધ્યાન અને સ્વાધ્યાય સાથે માતાજીની રહેણીકરણી સાદી હતી. છોકરીઓ જે ઉંમરે સાજશણગારમાં વધારે ધ્યાન આપે છે એ ઉંમરે માતાજી સામાન્ય વસ્ત્રો પહેરતાં અને એકદમ સાદું જીવન જીવતાં. સ્વાતંત્ર્ય આંદોલનમાં માતાજી સીધી રીતે જોડાયાં ન હતાં, પરંતુ ૧૯૪૦થી હાથવણાટનાં કપડાં પહેરવાનાં શરૂ કર્યાં હતાં. આગરામાં પણ એ સમયે સ્વતંત્રતા આંદોલનની હવા ચાલી હતી. માતાજી ત્યારે કિશોરાવસ્થામા હતાં. તેઓ આંદોલનના સરઘસને જોતાં, સત્યાગ્રહ અને પ્રદર્શન જોતાં, આંદોલનકારીઓને ખાદીનાં વસ્ત્રો પહેરેલાં જોતાં તો માતાજીને લાગતું કે એમણે પણ ખાદી પહેરવી જોઈએ. આ આભાસ, અનુભૂતિ અને નિશ્ચય પછી એમણે સાદાં વસ્ત્રો પહેરવાનાં શરૂ કર્યાં. માતાજીએ જે વર્ષે ખાદીનાં કપડાં પહેરવાનો સંકલ્પ કર્યો એ જ વર્ષે ગુરુદેવ મહાત્મા ગાંધીના આશ્રમમાં રહીને આગરા પાછા ફર્યા હતા. ત્યારે એમણે પણ ખાદીનાં કપડાં પહેરવાનો સંકલ્પ લીધો હતો.

એ સમયના રિવાજ મુજબ અગિયાર બાર વર્ષની ઉંમરે જ માતાપિતા લગ્નની ચિંતા કરતાં હતાં. માતાજીને ખબર પડી તો એમણે સાફ ના પાડી દીધી કે એમના લગ્નની ચિંતા કરવાની જરૂર નથી. એમના જીવનસાથી હમણાં તૈયારીમાં પડ્યા છે. સમય આવ્યે સહજ જ એમનું લગ્ન થઈ જશે. સ્વજનો અને સંબંધીઓએ આ વાતને ગંભીરતાથી ના લીધી. તેઓ એમની રીતે સગાઈની વાતો ચલાવવા લાગ્યા. લગ્નની વાત આગળ વધવી તો બાજુ પર, પણ સામા પક્ષવાળા એમની જાતે જ ખસી જતા હતા. આવી ઘટનાઓમાં એક સ્વપ્નના અનુભવનો ઉલ્લેખ છે. માતાજીના લગ્નની ચિંતા કરતા એમના ફુઆએ સ્વપ્નમાં શિવપાર્વતીનાં દર્શન કર્યાં. એમણે જોયું કે એ દિવ્યયુગલ ખૂબ તપ અને આરાધના પછી પ્રગટ થયું છે, એ બન્ને એમની સામે સ્મિત વેરતાં જોઈ રહ્યાં છે. ભગવતી પાર્વતી એમને કહી રહ્યાં છે કે તમે મને મારા શિવથી અલગ કરવાની ચિંતા કરી રહ્યા છો ? પછી તેઓએ જોયું કે ભગવતી અંબા જોરથી હસ્યાં અને બોલ્યાં, "તમારો પ્રયત્ન વ્યર્થ જશે. નિરર્થક શ્રમમાં સમય બગાડ્યા કરતાં સાર્થક કામોમાં તમારું ધ્યાન લગાવો." માતાજીના ફુઆ એ સંબંધમાં કહેતા કે સ્વપ્નમાં સાંભળેલો અવાજ પરિચિત લાગ્યો. સવારે ઊઠ્યા તો સ્વપ્નનો અવાજ ઓળખાઇ ગયો. ત્યાર પછી એમણે ક્યારેય દુલારી ભગવતી દેવીના લગ્નની વાત વિચારી જ નહીં.

સન ૧૯૪૩માં ગુરુદેવ જોડે વંદનીય માતાજીનો વિવાહ શિવપાર્વતીની જેમ સહજ રીત થઈ ગયો. બન્ને કુટુંબો એક સામાન્ય પ્રસંગે ભેગાં થયાં. પરિચય થયો, આત્મીયતા વધી અને બીજી કે ત્રીજી મુલાકાતે જ તાઈજીએ પોતાની વહુની પસંદગી કરી લીધી. બન્ને અવતારી આત્માઓ દાંપત્યસૂત્રોમાં બંધાઈ ગયા. માતાજીએ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યો એ વર્ષે ગુરુદેવને પોતાના કાર્યનું ચોથું વર્ષ ચાલી રહ્યું હતું. તેઓ આગરા છોડી મથુરા આવી ગયા હતા. માતાજીએ એમના પિતાને ત્યાં વૈભવ જોયો હતો એના કરતાં અહીં પરિસ્થિતિ વિપરીત હતી. ગુરુદેવે ઓછામાં ઓછા ખર્ચે ઘર ચલાવવાનું વ્રત લીધું હતું. એમનું કુટુંબ એક સામાન્ય ઘરમાં રહેતું હતું. સાધના, ઉપાસના, સાહિત્યલેખન અને મહેમાનોના સ્વાગતની વ્યવસ્થા પણ એ જ મકાનમાં થતી. ગુરુદેવ અઢળક સંપત્તિવાળા હોવા છતાં સાદગીના


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વ્રતને લીધે સામાન્ય સ્થિતિમાં રહેતા. માતાજી વૈભવશાળી પરિવારમાંથી આવ્યાં હતાં, પરંતુ એમને નવી પરિસ્થિતિઓને અનુકૂળ થઈ જતાં વાર ન લાગી. તેમણે પોતાના પિતાને ઘેર વૈભવ હોવાં છતાં સાદગી અને તપશ્ચર્યાનું વ્રત લીધું હતું.

મથુરા આવ્યા પછી માતાજીએ ગુરુદેવને મળવા આવતા મહેમાનોની મહેમાનગીરીની જવાબદારી પોતાના માથે ઉપાડી લીધી. એ વખતે ગાયત્રી પરિવારની સંખ્યા થોડી હતી, પણ ચાર-પાંચ જણ તો રોજ આવતા હતા. માતાજીએ નિયમ કર્યો કે ઘેર જે કોઈ આવે એમને જમાડીને જ મોકલવાના. આવનારા પોતાના હિસાબે તૈયારી કરીને જ આવતા હતા. એમને ખ્યાલ રહેતો કે તેઓ અપરિગ્રહી બ્રાહ્મણની પાસે થઈ રહ્યા છે. પોતાના અંગત સ્વાર્થ માટે જ જવાનું હોય એવી સ્થિતિમાં તો બ્રાહ્મણ પરિવાર પર જરા પણ બોજરૂપ બનવું જોઈએ નહીં. માતાજીએ દરેક પરિજનને ભોજન કરાવવાની પરિપાટી પાડી હતી. તેથી અતિથિઓએ પોતાનો સંકોચ છોડવો પડ્યો. અતિથિઓને પકવાન પીરસવામાં આવતાં ન હતાં. ઘરમાં જે ખાવાનું બન્યું હોય એ જમાડવામાં આવતું. દાળ, ભાત, રોટલી અને શાક એ માતાજીના રસોડાનો પ્રસાદ હતો. ઘરના સભ્યો પણ આ જ ભોજન કરતા. તહેવાર પર માતાજી કંઇક નવું બનાવતાં. બાકીના દિવસોમાં સાદો, સાત્ત્વિક અને આશ્રમજીવનનો આહાર લઈ આશ્રમના પરિજનો તૃપ્ત થતા હતા. ગુરુદેવને મળીને, સલાહ મેળવીને અને પોતાની શારીરિક, માનસિક તથા અધ્યાત્મિક મુશ્કેલીઓનું સમાધાન મેળવી સંતોષ પ્રાપ્ત કરતા અને માતાજીનો સ્નેહ તથા આતિથ્ય એમને તૃપ્તિ આપતાં હતાં. ગુરુદેવની પાસે આવનાર લોકો એ વખતે એમના શિષ્ય કે અનુયાયી જ નહીં, એમના પરિવારના સભ્યો જ બનવા લાગ્યા.

આવનારની સંખ્યા વધવા લાગી તો જૂનું મકાન છોડી માતાજી પોતાના પરિવારને મોટા મકાનમાં લઈ આવ્યાં. એ મકાનમાં પંદર ઓરડા હતા. નવા મકાનમાં પૂરતી જગ્યા હતી. ગુરુદેવનાં ચોવીસ મહાપુરશ્ચરણોનો ઉત્તરાર્ધ આ જ મકાનમાં પૂર્ણ થયો. પરિજનોનું મથુરામાં આવવાનું ધીરે ધીરે વધવા લાગ્યું. એક સમય એવો પણ આવ્યો કે પંદર ઓરડાવાળું મકાન પણ નાનું પડવા માંડ્યું, પરંતુ ત્યાં સુધી તો ગાયત્રી તપોભૂમિ બની ગઈ હતી. ગુરુદેવની આધ્યાત્મિક અને સામાજિક પ્રવૃત્તિઓના આ કેન્દ્રમાં માતાજીની ભૂમિકા સૌથી વધારે મહત્ત્વપૂર્ણ હતી. ગુરુદેવે અપરિગ્રહ અને તપસ્વી જીવન જીવવાનું વ્રત લીધું હતું. એમાં તપોભૂમિ જેવી સંસ્થાનું નિર્માણ કરવાની વાત કલ્પના બહારની હતી, પરંતુ એ નિર્માણની ઈચ્છા તો મહાકાલની હતી. તપોભૂમિ માટે સાધન અને સંપત્તિ એકઠી કરવી જરૂરી હતી. ગાયત્રી પરિવારના સભ્યોએ અંશદાન આપ્યું. ત્યારે જો કે પરિવાર આટલો મોટો ન હતો. માતાજી સંપન્ન પરિવારનાં હતાં અને જમીનદાર ઘરનાં વહુ હતાં. એટલે એમની પાસે ખૂબ ઘરેણાં હતાં. માતાજી સાદું જીવન જીવતાં. તેથી એમણે ઘરેણાંનો ક્યારેય ઉપયોગ કર્યો ન હતો. એમણે ગાયત્રી તપોભૂમિ બાંધવા માટે પોતાનાં ઘરેણાં આપવાની વાત કરી, તો સગાસંબંધીઓએ ઘરેણાં નહીં આપવાની સલાહ આપી. એમણે કહ્યું કે ઘરેણાં એ તો સ્ત્રીનું ધન છે. એ ધનને ધર્મ, સંસ્કૃતિ અને સમાજસેવા જેવા આદર્શો માટે આપી દેવું જોઈએ નહીં. માતાજીએ કહ્યું કે મારા દેવતાના અનુકરણ માટે આભૂષણો તો શું, મારું જીવન પણ સમર્પી દેવા તૈયાર છું. આમ તો આ ઘરેણાં કામમાં ક્યાં આવે છે ? આમેય પડી રહ્યાં જ છે ને ? ગાયત્રીમાતાની સેવામાં એમનો ઉપયોગ થાય એનાથી બીજું સૌભાગ્ય કયું ?

અંશદાન ભેગું કરવાની શરૂઆત થઈ તો માતાજીએ પોતાનાં આભૂષણની પેટી ગુરુદેવ પાસે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મૂકી દીધ. પેટી ઘરેણાંથી ભરેલી હતી. તપોભૂમિ બનાવવા માટે એ પૂરતાં હતાં. આ ઘરેણાં ઉપરાંત જમીન-જાગીરના દસ્તાવેજો પણ હતા. આનાથી મોટાભાગનું કામ પૂર્ણ થઈ શકે તેમ હતું. માતાજીની કેવી ઉદારતા અને સમર્પણની ભાવના હતી !

ગાયત્રી તપોભૂમિ બન્યા પછી અને ૧૯૫૮નો ઐતિહાસિક સહસ્ર કુંડીય મહાયજ્ઞ થયો એ પછી ગાયત્રી પરિવાર દિવસે દિવસે વધતો ચાલ્યો. ગાયત્રી પરિવારના વિસ્તારની સાથે સાથે મથુરા આવનારની સંખ્યા પણ વધવા લાગી. આવનાર ચારપાંચ હોય કે પંદરવીસ, એ બધાના આતિથ્યની જવાબદારી માતાજી પોતે જ ઉપાડતાં. એકવાર પરિજનોએ માતાજીને કહ્યું કે આવનારને પોતાના જમવાની વ્યવસ્થા પોતે કરી લે એવું કહેવું જોઈએ. તમારો આખો દિવસ એમના ખાવાપીવાની વ્યવસ્થામાં જ પૂરો થઈ જાય છે. માતાજીએ પરિજનોને કહ્યું કે બાળકો માને ત્યાં આવે અને મા કહે કે તમે બહાર જમીને આવો તે સારું લાગે ? તમે માને ઘેર આવો છો. ગાયત્રીમાતાને ઘેર આવો છો. તમને ભોજન માટે બહાર મોકલું તો ગાયત્રીમાતા નારાજ ના થઈ જાય ? હું એવું કરી શકું નહીં. માતાજીના જવાબથી કાર્યકર્તાઓના મનનું સમાધાન થઈ ગયું. સમાધાનથી પણ વધારે તો પરિજનોની માતાજી પ્રત્યે શ્રદ્ધાભાવના વધી ગઈ.

એક હજાર કુંડી ગાયત્રી મહાયજ્ઞ પૂરો થયા પછી બે અઢી વર્ષે ગુરુદેવ હિમાલય ગયા. આશરે એક વર્ષ સુધી તેઓ તેમની સાધનાભૂમિમાં રહ્યા. તે સમયે માતાજીને ગાયત્રી પરિવારના સભ્યોની દેખભાળની સાથે સાથે ગુરુદેવના કામની પણ જવાબદારી ઉપાડવી પડતી. એ કામોમાં પત્રિકાઓનું સંપાદન, પ્રકાશન, ગાયત્રી તપોભૂમિની વ્યવસ્થા અને યુગનિર્માણ યોજનાની પ્રવૃત્તિઓના સંચાલનની જવાબદારી મુખ્ય હતી. એક વર્ષ પછી ગુરુદેવ હિમાલયથી પાછા આવ્યા. એમના આવતાંની સાથે જ સો સૂત્રી યુગનિર્માણ યોજનાની ઘોષણા કરવામાં આવી. આખા દેશમાં ગાયત્રી મહાયજ્ઞો અને યુગનિર્માણ સંમેલનોનાં આયોજનો શરૂ થયાં. યુગનિર્માણ યોજનાને આખા દેશમાં ફેલાવવા માટે પોરબંદર, બહરાઈચ (ઉ.પ્ર.), મહાસમુંદ (મ.પ્ર.), ભીલવાડા (રાજસ્થાન) અને ટાટાનગર (બિહાર)માં એમ કુલ પાંચ જગ્યાએ એક હજાર કુંડી મહાયજ્ઞો થયા. આ મહાયજ્ઞોમાં ગુરુદેવની જોડે વંદનીયા માતાજી પણ ગયાં.

***

ચીનની એક બુદ્ધ ભિક્ષુણીની પાસે બુદ્ધની પ્રતિમા હતી. એક દિવસ મહાબુદ્ધ ઉત્સવ ઉજવાયો. અનેક બુદ્ધ પ્રતિમાઓ લાવવામાં આવી. તેમની સામૂહિક પૂજાવંદના કરવાનો કાર્યક્રમ યોજાયો. ભિક્ષુણી પૂજાની સામગ્રીથી પોતાની જ પ્રતિમાની પૂજાવંદના કરવા ઇચ્છતી હતી. સમારંભમાં ધૂપ દિપક, નૈવેદ્ય ધરાવવામાં તેને ભય હતો કે બીજી પ્રતિમા તેની સુંગધ લઈ જશે. આ નુકસાનથી બચવા માટે તેણે પોતાના ધૂપનો ધુમાડો એક વાંસની પોલી ભૂંગળી દ્વારા પોતાની પ્રતિમાના નાક સાથે જોડી દીધો. થોડી જ વારમાં પ્રતિમાનું મોં કાળુ થઈ ગયું. દર્શકોને તે કુરુપ જણાઈ અને પૂજન કરનારની તથા તેને લાવનારની ટીકા થઈ. ઉદાસ ભિક્ષુણીને સમારંભના અધ્યક્ષે કહ્યું, "જ્યાં સંકુચિતતા હોય છે ત્યાં પૂજા અને પુજારી બંનેના મોં કાળા જ થાય છે."



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પરમપૂજ્ય ગુરુદેવની અમૃતવાણી

## મહિલા જાગરણની આ ચિનગારી દાવાનળ બનશે

(આ અંકમાં રજૂ કરેલ પરમપૂજ્ય ગુરુદેવનું પ્રવચન, આજથી ઠીક એકવીસમી સદીની પૂર્વે, ૧૯ સપ્ટેમ્બર, ૧૯૭૫માં શાંતિકુંજ ક્ષેત્રમાં આપવામાં આવ્યું હતું. આ પ્રવચન અહીં 'મહિલા જાગૃતિ અભિયાન'ના નેજા હેઠળ ચાલી રહેલા કન્યા પ્રશિક્ષણ સત્રોના દૈનિક પ્રવચોનની શ્રૃંખલાની એક કડી માત્ર છે. પરંતુ એનો પ્રત્યેક શબ્દ એવો છે જે આજે પણ તેટલો જ પ્રાસંગિક છે, જેટલો તે દિવસોમાં હતો. આજે આપણે યુગ પરિવર્તનની ક્ષણોની ખૂબ નજદીક પહોંચી ગયા છીએ, જેને માતૃસત્તા પ્રધાન એકવીસમી સદીનો નારી યુગ કહેવામાં આવેલ છે, ત્યારે આ પ્રવચન વિશેષ કરીને પ્રેરણાદાયી બની શકે છે. આ અમૃતવાણી વાંચીને અને ઊંડું મનન કરીને નારી ઉત્કર્ષ માટે કંઈ કરવા આત્મંથન કરીએ.)

ગાયત્રી મંત્ર અમારી સાથોસાથ બોલો.

**ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્વિતુર્વરેણ્યં ભર્ગો**
**દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।**

દેવીઓ અને ભાઈઓ ! ભગવાન બુદ્ધે ધર્મચક્રના નામથી પોતાનું આંદોલન ચલાવ્યું હતું. એ શું હતું ? તેમાં ધર્મના ચક્રને બદલી નાખવાનું હતું. ભગવાન બુદ્ધે એનો શુભારંભ કર્યો અને સમ્રાટ અશોકે એને આગળ વધાર્યું. આપણને આપણા રાષ્ટ્રીય ધ્વજની અંદર જે અશોક ચક્ર દેખાય છે, તે ધર્મચક્ર પ્રવર્તનનું ચિહ્ન છે. એનો મતલબ એ છે કે જે પ્રવાહો અટકી ગયા હતા તેમને ભગવાન બુદ્ધે ફરીથી પ્રવાહિત કર્યા અને જાગૃત કરીને ફરીથી આગળ ધપાવ્યા. તળાવનું પાણી બંધિયાર રહેવાથી દુર્ગંધ મારે છે. નદીનું પાણી વહેતું રહે છે. નદીના પાણીનો પ્રવાહ નાનો હોય, પરંતુ તે વહેતો રહે તો દુર્ગંધ મારશે નહીં. તળાવ ગમે તેટલું મોટું હોય, પરંતુ તેનું પાણી ગંધાવા લાગે છે. તે જ રીતે મનુષ્યે પણ પ્રગતિની દિશામાં આગળ વધવું પડે છે. તેણે પોતાની ભૂલો પ્રત્યે સજાગ રહેવું પડે છે. આમ કરવાથી તેનો વિચાર પ્રવાહ ઠીક બને છે. આજે આપણે પાછળની ભૂલો પ્રત્યે સજાગ બનવું જોઈએ. તે ભૂલોને સુધારવાની જરૂરિયાત છે, આ ધર્મચક્ર ઉગતા સૂર્યનો દિવસ છે, અંધકારની સમાપ્તિનો દિવસ છે. આજે આપણે આપણી પ્રવૃત્તિઓ વિશે નવા સ્વરૂપે વિચાર કરવો પડશે.

અમોને એક વિચાર આવે છે કે ગાડીના બે પૈડામાંથી એક પૈડું નાનું થઈ ગયું છે. આ સ્થિતિમાં ગાડી આગળ કેવી રીતે ચાલશે ? ગાડી આગળ ચાલી શકે નહીં. આપણે કેટલીય વાર સાંભળીએ છીએ કે અમુક રોડ પર મોટરગાડી કે હાથલારી ઊંધી પડી ગઈ છે. આ દુર્ઘટના પર નજર નાખતા જણાય છે કે તેના એક પૈડાનું પંચર થઈ ગયું છે. આમ થવાથી એક પૈડું ઊંચું રહે છે અને હવા વિનાનું બીજું પૈડું નીચું થઈ જાય છે. આ સમયે તેમાં લદાયેલો માલ એક તરફ નીચે નમી જાય છે અને સમતોલન ગુમાવાથી ગાડી ઊંધી વળી જાય છે. કોઈ વખત તો ડ્રાઈવર, કંડક્ટરનું મૃત્યુ પણ થઈ જાય છે અને કીમતી ટ્રકનો ભૂક્કો થઈ જાય છે. આ સંપૂર્ણ ખેલ સાધારણ અસાવધાનીથી ખેલાઈ જાય છે. આને કારણે માલિકના અને ડ્રાઈવરના ઘરવાળાઓને અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે.

તે જ રીતે મનુષ્ય રૂપી ગાડી પણ બે પૈડાંની છે. એમાં એકનું નામ પુરુષ તથા બીજાનું નામ સ્ત્રી છે. આ બંને અલગ-અલગ નથી. તમે અર્ધનારીશ્વરની મૂર્તિ તો જોઈ જ હશે, અડધું અંગ શંકરનું અને અડધું અંગ પાર્વતીનું, અડધું અંગ રાધાનું અને અડધું અંગ કૃષ્ણનું હોય છે. મૂર્તિનું અડધું અંગ રામનું અને અડધું સીતાનું



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

હોય છે. આવી મૂર્તિઓ તમોને જુદા જુદા મેળામાં જોવા મળે છે. તમારા ઘરમાં પણ આવું જોવા મળે છે એનો મતલબ એ છે કે બંને અંગો સમાન છે, બંને અંગો મળેલાં છે અને બંનેનું મહત્ત્વ સરખું છે. મનુષ્યના બંને હાથ સરખા હોય છે, પરંતુ જો તે નાનામોટા થઈ જાય તો શું થાય ? ગાંધીજીનો જ્યારે જમણો હાથ થાકી જતો હતો ત્યારે તેઓ ડાબા હાથથી લખવાનું કામ કરતાં હતાં. તે જ રીતે રેંટિયો પણ વારાફરતી ડાબા કે જમણા હાથ વડે ચલાવતાં અને સૂતર કાંતતાં હતાં. આપણે મહાવરાને કારણે જ ડાબા હાથ વડે વધુ કામ કરીએ છીએ, પરંતુ જો આપણે મહાવરો કરીએ તો ખબર પડશે કે ડાબા હાથ કરતાં જમણો હાથ ઓછું કામ કરતો નથી. અમે ઘણા લોકોને ડાબા હાથની માફક જમણા હાથ વડે જલદી અને વધુ કામ કરતાં જોયાં છે. આ જ રીતે આપણી બંને આંખ સમાન છે. એમાંથી કોઈ આપણી ગુલામ નથી અને કોઈ માલિક પણ નથી. એમાં કોઈ હિન્દૂ નથી અને કોઈ મુસલમાન નથી બલ્કે એક જ વંશની છે. આપણા પગ પણ બે છે, એમાં કોઈ નાનો નથી. જો પગ નાનામોટા થઈ જાય તો આપણું ચાલવું મુશ્કેલ બની જાય છે. તો પછી સ્ત્રી અને પુરુષ વચ્ચે ભેદ શા માટે ? શરીરના બંને અંગોની માફક તેઓ સમાન છે. એટલા માટે બંનેએ સાથોસાથ, પગથી પગ મિલાવીને, ખભાથી ખભો મિલાવીને ચાલવું જોઈએ. મનુષ્યની પ્રગતિનો માર્ગ બંને દ્વારા મોકળો બને છે.

પ્રાચીનકાળના ઈતિહાસને તપાસીએ તો આપણને ક્યાંય પણ કોઈ ફરક જોવા મળતો નથી. એક સમયની વાત છે કે દેવતાઓએ રાજા દશરથને યુદ્ધમાં મદદ કરવા માટે બોલાવ્યા હતા. દશરથ રાજાને નિમંત્રણ મળતાં તેમને મદદ કરવા યુદ્ધમાં ગયા હતા. આ દેવાસુર સંગ્રામમાં તેમની રાણી કૈકેયી પણ હતી. કૈકેયી ધનુષ્યબાણ ચલાવવમાં અને ઘોડેસવારી કરવામાં નિપુણ હતી. તે દેવાસુર સંગ્રામમાં જ્યારે દશરથના રથના એક પૈડાનો ખીલો નીકળી ગયો હતો ત્યારે રથ ડગમગવા લાગ્યો. વીરાંગના કૈકેયીયે આ જોઈ લીધું અને રાજા દશરથને ખબર ન પડે તે રીતે પોતાના હાથની આંગળી તે પૈડામાં નાખીને સમગ્ર યુદ્ધ દરમ્યાન અડગ રહી. વાસ્તવમાં તે કોઈ પણ રીતે રાજા દશરથ કરતાં ઉતરતી ન હતી. તે સર્વ પ્રકારે યુદ્ધકુશળ, વીર અને શકિતશાળી મહિલા હતી તેમજ રણીનીતિમાં પણ નિપુણ હતી.

એક વખત શ્રીકૃષ્ણ અને અર્જુન વચ્ચે લડાઈ થઈ હતી. એનું વર્ણન એક કાવ્યમાં આવે છે. આ વાત સાચી છે કે ખોટી એની ખબર નથી, પરંતુ આ વાચ સાચી છે કે જ્યારે અર્જુન લડવા માટે શ્રીકૃષ્ણની પાસે ગયા, તે સમયે દ્રૌપદી સારથી હતી, જે રથ ચલાવી રહી હતી અને અર્જુન ધનુષબાણ ચલાવતાં હતાં. લડાઈ લડનારા પૈકી બંને બરાબરીના યોદ્ધા હતા. રાણી લક્ષ્મીબાઈ અને રાણી દુર્ગાવતીનું નામ આપણે જાણીએ છીએ. તેમને ભૂલી શકાય નહીં. આપણે કહી શકીએ કે લડાઈના ક્ષેત્રમાં અને વિદ્યા કે જ્ઞાનના સંદર્ભમાં પણ સ્ત્રીઓ પુરુષો કરતાં પાછળ રહી નથી. રાજા જનકની સભામાં ગાર્ગી અને યાજ્ઞવલ્કયનો સંવાદ ચાલે છે. પ્રશ્નોત્તરી થાય છે. ગાર્ગી જ્યારે પ્રશ્નોની ઝડી વરસાવતી રહી તો તેમને પરસેવો વળી ગયો અને તેઓ મુંઝવણમાં પડી ગયા. યાજ્ઞવલ્કયે ગુસ્સામાં આવી જઈને કહ્યું કે જો તમે આ રીતે વારંવાર પ્રશ્નો પૂછયા કરશો તો હું તમને શાપ આપી દઈશ અને તમારું માથું કાપીને નીચે મૂકી દઈશ. ગાર્ગીએ કહ્યું, ઘણું થઈ ગયું, શું આપનું જ્ઞાન કેવળ માથું કાપવાની વાત સુધી જ સીમિત છે ? અરે ઋષિવર ! તમે અમારા પ્રશ્નોના ઉત્તર આપો, ચૂપ કેમ થઈ ગયા ? મિત્રો, અમે એ કહેવા માગીએ છીએ કે ગાર્ગી પણ યાજ્ઞવલ્કય ઋષિ જેટલી જ વિદ્વાન હતી. પ્રાચીનકાળનો ઇતિહાસ તપાસીએ તો આપણને ખબર પડે છે કે વેદની રચના કરનારી તથા મંત્રદૃષ્ટા રહી છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સાત ઋષિઓમાં એક અનસૂયાનું નામ સમાયેલ છે. તે એટલી મહાન હતી કે સાત ઋષિઓનું નેતૃત્વ કરતી હતી.

પ્રાચીનકાળની ધર્મ સંસ્કૃતિના ઇતિહાસને જોઈએ તો આપને ખબર પડશે કે તેમનું સ્થાન કેટલું મહાન હતું ? નરનારી બંનેમાં કોઈ ફરક ન હતો. જો આપણે ધ્યાનપૂર્વક જોઈએ તો નારીઓ સામાજિક, રાજનૈતિક, આધ્યાત્મિક, સાંસ્કૃતિક, ધાર્મિક, બહાદુરી અને કૌટુંબિક કોઈ પણ ક્ષેત્રમાં નર કરતાં પાછળ રહી નથી. ગાડીના બંને પૈડાં બરાબર હતાં. ગાડી પાટા પર બરાબર ચાલતી હતી. આપણે તે દિવસોમાં પ્રગતિ પથ પર નિરંતર આગળ વધતા હતા. પરંતુ સમયનું કે આપણું દુર્ભાગ્ય ગણીએ કે જેને લીધે આપણે શું શું શીખી ગયા છીએ અને ન જાણે શું શું કરવા માટે મજબૂર બની ગયા છીએ. આપણે જ્યારે ગૌરવમય ભૂતકાળનો વિચાર કરીએ છીએ ત્યારે જાણવા મળે છે કે ભારતીય સંસ્કૃતિ અને ધર્મમાં નારી હંમેશાં શકિતરૂપા અને ભગવાન માનવામાં આવતી હતી અને તેની સ્તુતિ આ પ્રમાણે કરતા હતા-

**યા દેવી સર્વભૂતેષુ, માતૃરૂપેણ સંસ્થિતા ।**
**નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ નમો નમઃ ॥**

નારી આપણી માતા છે અને નારી આપણી ધર્મપત્ની પણ છે. તે આપણી ગૃહિણી છે. ઘર તેણે જ બનાવ્યું છે. જો તે ન હોત તો આપણે જંગલોમાં ભિખારી અને ફકીરની માફક ભટકતાં હોત. આપણું કોઈ પણ મહત્ત્વ ન હોત. આપણે નશામાં પડ્યા રહેત, હોટલમાં ભોજન કરતાં રહેત અને મસ્જિદમાં નમાજ પઢ્યા રહેત કે મંદિરમાં ભજન-કીર્તન ગાઈ રહ્યા હોત. અમારી ધર્મપત્નીએ અમારા માટે એક માળો બનાવ્યો, થાક્યા પછી ત્યાં આવીને વિશ્રામ કરીએ છીએ. જો તે ન હોત તો તો અમારે ન જાણે કયાં જવું પડત અને ન જાણે અમે કયા રૂપમાં ગભરાઈને ફરતા રહેત.

મિત્રો, નારી આપણી બેટી છે, જે આપણી અંદર સૌજન્ય અને સ્નેહ ભરે છે. આપણી આંખોમાં પવિત્રતા ભરે છે અને તેને જીવિત રાખે છે. જો તે આપણી બહેન ન હોય તો પુરુષો અને સ્ત્રીઓમાં કૂતરા અને કૂતરીના જેવો સંબંધ બની જાત અને તે સમયે દરેક મનુષ્ય આ ધરતી પર શાલીનતા અને મર્યાદાનું ઉલ્લંઘન કરવા લાગત. બહેન આપણા ઉપ અંકુશ મૂકે છે, જેથી આપણે આ સંસારમાં એક સંસ્કારવાન મનુષ્યના રૂપમાં જીવી શકીએ. પરમ પવિત્રતાની મૂર્તિ આપણી બેટી, શાલીનતા અને મર્યાદાની પ્રતીક આપણી બહેન, માળો બનાવનારી આપણી ધર્મપત્ની, આપણી સહયોગી, વીર યોદ્ધા, અર્દ્ધાંગિની અને આપણી મા, જેના પેટમાં આપણે નવ મહિના રહ્યા. તેના પેટમાં રહીને પગ ફેલાવ્યા છે અને તેના શરીરમાંથી પોષણ મેળવ્યું છે. આપણે તેને કેવી રીતે ભૂલી શકીએ છીએ. વાસ્તવમાં આપણે નારીને મા, પત્ની, બહેન, બેટી કોઈ પણ રૂપમાં જોઈએ. તે પ્રત્યેક રૂપમાં આપણને ત્યાગ, તપસ્યા, ક્ષમા, કરુણા અને દયાની મૂર્તિ દેખાય છે. જેને કારણે આપણને મનુષ્ય હોવાનું ગૌરવ માન્યું છે. તે પૂજ્ય છે, અને જેનું ભારતીય સંસ્કૃતિ અને ધર્મમાં કેટલું મહત્ત્વપૂર્ણ સ્થાન હતું, પરંતુ હાય રે ભગવાન ! આજે આપણે જ્યારે તેની સ્થિતિ જોઈએ છીએ તો આપણે રડી જઈએ છીએ કે હે ભગવાન ! તેનું રૂપ કેવું બની ગયું ! આજે નારીના દયાજનક રૂપને જોઈએ છીએ તો આપણને ભારે દુઃખ અને ક્લેશ થાય છે. આજકાલ આ બધું તેમની ટેવ અને સ્વભાવના રૂપમાં વણાઈ ગયું છે.

આપણે સ્વભાવની બાબતમાં શું કહી શકીએ ? રોમમાં કેદીઓને એવા એક ઓરડામાં પૂરવામાં આવતા હતા, જ્યાં પ્રકાશ પણ દાખલ થઈ શકતો નહીં. જ્યારે તેમને મુક્ત કરવામાં આવતા હતા ત્યારે તેઓ પાગલની માફક દોડતા હતા અને એ કહેતા કે અમને સૂરજનો પ્રકાશ જોઈએ નહીં. અમે બહાર જઈશું નહીં. અમને



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અંધારામાં જ રહવાનું સારું લાગે છે. તેઓ ભગવાનને પ્રાર્થના કરતા હતા કે અમે અંધારામાં જ રહીએ જેથી અમારી આંખોનો પ્રકાશ યથાવત્ રહી શકે. આ જ રીતે આજના સમાજ, પરિવાર અને વ્યક્તિની અંદર આ સ્વભાવ જેવું બની ગયું છે કે તેમને નરનારીની વચ્ચે કોઈ ભેદ જણાતો નથી. સ્ત્રીઓ ઘરના લોકો માટે ભોજન બનાવે છે અને ઘરનું બીજું કામ કરતી રહે છે. પુરુષો બહાર ખેતરોમાં અને કારખાનાઓમાં કામ કરે છે. એમાં શું ફરક છે, એ માટે વિચારવાની શી જરૂર છે ? આ કહેવા જેવી વાત નથી. પરંતુ આ ભેદ આપને ત્યારે જણાશે કે જ્યારે આપને સ્ત્રી બનાવી દેવામાં આવે. આપના વાળ લાંબા લાંબા થઈ જાય તથા દાઢીમૂછ સમાપ્ત થઈ જાય. બધાને બે-ચાર બાળકો થઈ જાય. આપને ઘરની બહાર જવાની મનાઈ કરવામાં આવે. જ્યારે ઘરની બહાર જવાનું થાય ત્યારે એક પુરુષને લઈને જવું જોઈશે. તમે કહેશો કે ગુરુજી, અમે તો મરી જઈશું. અમને આ રીતે દંડ ન આપો. અમે તો ઓફિસથી આવીએ છીએ અને સિનેમા જોવા ચાલી જઈએ છીએ. અમે ઘરની કેદમાં રહીએ એવું તો ભલા કેમ શક્ય બને. આ તો અમારા માટે ખૂબ મુશ્કેલ બનશે. ચાલો, આમ ના બની શકે તો તમે એમ કરશો કે કાલથી ઑફિસ, કે બજારમાં જાઓ ત્યારે લાજ કાઢીને જશો. તમે કહેશો કે કોઈ પુરુષ આમ ન કરી શકે. ગુરુજી, અમારી તો દશા બગડી જશે અને અમે ક્યાંયના રહીશું નહીં, અમે તો બરબાદ થઈ જઈશું. વાસ્તવમાં એ સત્ય છે કે આ પ્રકારની પ્રથા તો પુરુષ માટે ગેરવ્યાજબી છે.

બેટા ! જે પ્રકારના બંધનો પશુઓ સહન કરી શકતાં નથી, તે બંધનો પુરુષ પર લાદવામાં આવે તો તે કેવી રીતે સહન કરશે ? પશુઓ મોં ખુલ્લું કરીને રસ્તા પર ચાલી શકે છે તથા બૂમો પાડી શકે છે, પરંતુ આ કેવી વિચિત્રતા છે કે આપણી પત્ની મોં ખુલ્લું ના રાખી શકે. આપણે મારપીટ કરીએ અને ધમકાવીએ તો પણ તે કંઈ ન બોલે તથા ઘરમાં રડે પણ નહીં, એ કેમ શક્ય બને ? અરે, જો તે રડશે તો તો આપણા પાડોશીઓ ભેગા થઈ જશે તથા આપણી બેઇજ્જતી થઈ જશે. જો આ વાત તે પોતાના ભાઈને કે પિતાને કરી દે તો, તમે એને ગમેતેમ બોલશો કે તેં અમારી ફરિયાદ કેમ કરી ? બેટા ! વાતવાતમાં આપણે એ કહીએ છીએ કે અમે પુરુષ છીએ અને તું સ્ત્રી છે. એટલા માટે અમારી વાત તારે તારા ભાઈને કહેવી જોઈએ નહીં અને અમે જેમ કહીએ તેમ તારે કરવું જોઈએ. સ્ત્રીઓએ લાજ કાઢવાની, છોકરા-છોકરી વચ્ચેના તફાવતની, છોકરીઓને શિક્ષણથી વિમુખ રાખવાની વિચિત્ર પરિસ્થિતિઓ ન જાણે કેમ અને ક્યાંથી પેદા થઈ ગઈ છે કે જેના કારણે નારીઓની સ્થિતિ દયાજનક બની ગઈ છે. ભગવાન એવી સ્થિતિ ન જન્માવે કે કદાચ આપને છોકરી બનવાનો વખત આવે અને આપની બહેનને છોકરો બનાવી દેવાય તથા ઘરમાં ભેંસનુ દૂધ આવે અને તમોને ન આપવામાં આવે તો તમારી મનઃસ્થિતિ કેવી બનશે ? જરા વિચારવાનો પ્રયાસ કરો કે જો મમ્મી એમ કહે કે છોકરીઓ દૂધ પીતી નથી, જો તેઓ દૂધ પી લેશે તો તેમને મૂંછો ઉગશે. તો પછી છોકરીઓ એમ કહે છે કે મમ્મી અમે દૂધ પીશું નહીં, પરંતુ અમોને મૂંછો ઉગે તે ઇચ્છીશું નહીં.

બેટા ! એક જ માતાના પેટથી જન્મેલા બે બાળકોમાંથી એકને ભણવા માટે સ્કૂલમાં મોકલવામાં આવે અને બીજાને મનાઈ કરવામાં આવે છે. એકને પોતાની મિલ્કતમાંથી ભાગ આપવામાં આવે છે અને બીજાને દૂધમાંથી માખી બહાર ફેંકી દેવામાં આવે તે રીતે કાઢી મૂકવામાં આવે છે. આપણા સમાજની આ કેવી વિટંબણા છે ? આ ઉપરાંત છોકરાનું લગ્ન થાય છે તો પૈસા લેવામાં આવે છે અને જ્યારે છોકરીનું લગ્ન થાય છે તો સમાજના લોકો એમ કહે છે કે આ મરેલી ગાયને અમે ખરીદવા માટે તૈયાર નથી, જો એને આપવાની ઈચ્છા હોય તો એના ભોજન


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અને કફન માટે પૈસા આપવા પડશે. તે વેળાએ આપણે એમ કહીએ છીએ કે અમારી છોકરી બહેરી, બોબડી, આંધળી નથી. તમારા ઘરની ચાર રોટલી ખાશે, જૂના ફાટેલાં કપડાં પહેરશે, પરંતુ આપના ઘરનું કામ કરીને તેનો બદલો ચૂકવી દેશે. તમારા ઘરમાં સફાઈનું, રસોઈ બનાવવાનું, બાળકોને જન્મ આપવાનું, ચોકીદારીનું કામ કરશે તથા તમારી માત્ર ચાર રોટલી જ ખાશે. સાહેબ, તમે પૈસા કેમ માગો છો ? જે છોકરીને ભણાવીને બી.એ., એમ.એ.ની પદવી અપાવી છે, તેના પિતા પાસે તમે શું પૈસા માગો છો ? શરમ આવવી જોઈએ.

તમોને ખબર નહીં હોય કે અમારા આશ્રમમાં જે બહેનો રસોઈ બનાવે છે તેમને અમે ભોજન, કપડાં અને દવાની સગવડ કરી આપીએ છીએ તથા દરેક મહિને તેમના બેંકના ખાતામાં સાઠ રૂપિયા જમા કરાવીએ છીએ. બેટા, તમારે એ સમજવું જોઈએ કે માત્ર રસોઈ બનાવવાની આટલી મજુરી થાય છે, જોકે ઘરની મહિલાઓ કેટલી બધી સુલભ કામ કરનારી બનીને રહે છે. તમારે તો તેને સવિશેષ આપવું જોઈએ, કારણકે તેઓ સફાઈ કરે છે અને કપડાં પણ ધુએ છે. તમોને એક વાત બીજી બતાવું કે જ્યારે અમે ગાયત્રી તપોભૂમિ, મથુરામાં રહેતા હતા તે વેળાએ તપોભૂમિની આસપાસ વસતી વધુ ન હતી, જેથી ચોર આવતા રહેતા. તે વેળા અમે એક વૃદ્ધ ચોકીદાર રાખ્યો હતો. અમે તેને દર મહિને પચાસ રૂપિયા પગાર આપતા. હવે અમે તમને પ્રશ્ન પૂછીએ છીએ કે તમારી સ્ત્રી શું ચોકીદારિન નથી ? હા, સાહેબ ચોકીદારિન તો છે, કેમ કે અમે તો સવારમાં ઓફિસ જતા રહીએ છીએ, દુકાન પર જઈએ છીએ અને કોઈ કોઈ વાર તો વધું કામ હોય ત્યારે રાત્રે મોડેથી ઘર પર આવીએ છીએ. તે આખો દિવસ અને રાત્રે પણ ઘરની રખવાળી કરે છે. તમે દિવસની રખવાળી પેટે મહિનાના પચાસ રૂપિયા અને રાત્રિની રખવાળી પેટે મહિનાના સો રૂપિયા ચૂકવો. જો તે ઘર પર ન રહેત અને તમે ઓફિસમાં જતા રહેત તો ચોર આવીને તમારા રૂમનું તાળુ તોડીને બધો સામાન ચોરીને લઈ જાત. આ બધો હિસાબ કરીએ તો રસોઈ બનાવવાના, ચોકીદારીના, કપડાં ધોવાના, બાળકોને જન્મ આપવાના, ઘરને વ્યવસ્થિત રાખવાના કેટલા પૈસા ખર્ચ કરવા પડશે, તો તે હિસાબના પૈસા ચૂકવો. આ બધી સાંસારિક વાતો પર અમે ભાર મૂકીએ છીએ. હજુ તો અમે તેના આત્માની વાત તો કરતા નથી. આટલું હોવા છતાં પણ તમે પંદરવીસ હજાર રૂપિયા માગો છો. આ વાત પર તમારે કોઈ વખત તો વિચાર કરવો જોઈએ કે નહીં ?

મિત્રો, આ અનીતિ છે, ભ્રષ્ટાચાર અને અન્યાય છે, દુષ્ટતા અને અત્યાચાર છે. જે દિવસે આ ચીજો સમાજનું અંગ બની જશે, તે દિવસે સમાજનો સત્યાનાશ થઈ જશે અને માનવતાનું કોઈ મૂલ્ય રહેશે નહીં. સમાજ નષ્ટભ્રષ્ટ થઈ જશે. મુસલમાન રાજાઓ આપણને ગુલામ બનાવીને હજાર વર્ષ સુધી આપણા પર શાસન કરતાં રહ્યાં. આટલું ખરાબ શાસન ક્યારેય આવ્યું નથી. આટલી કત્લેઆમ કોઈ જમાનામાં થઈ નથી. શહેરો અને ગામડાઓમાં રહેતાં પુરુષો, સ્ત્રીઓ અને બાળકો બધાનો સફાયો કરી નાખ્યો હતો. આટલો બધો અત્યાચાર દુનિયામાં માત્ર હિન્દુસ્તાન સિવાય બીજે ક્યાંય થયો નથી. આમ થવાનું કારણ આપણે જ છીએ, કારણકે આપણે આજ સુધી સમાજના અડધા અંગ પર જુલમ કર્યો છે. જો આ જુલમ આપણે પશુઓ કે પક્ષીઓ પર કરત તો કોઈ વાત જુદી હતી, પંતુ આ અજ્ઞાનીઓએ તો પોતાની પુત્રીઓ, બહેનો, મા અને ધર્મપત્ની પર જુલમ કર્યો છે અને દરરોજ તેમને મોતના ઘાટ પર મોકલી રહ્યા છીએ. આપણે છોકરીઓને ભણાવવા માગતા નથી, કારણકે દહેજમાં મોટી રકમ આપવી પડશે.

સામાજિક અત્યાચારની વાતનું તો શું કહીએ ? અમારા પિતાનું જ્યારે મૃત્યુ થયું


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ત્યારે અમારે ત્યાં એક મોટા બ્રાહ્મણ આવ્યા હતા. તેમણે ભોજન કર્યું, ત્યાર પછી મોટી રકમની માગણી કરી. ઘરના બધાએ થોડા થોડા પૈસા આપ્યા અને તેની ઇચ્છા પૂરી કરી. તે જમાનામાં તેમનું ઘણું મહત્ત્વ હતું. આજે તે દહેજના રૂપમાં માગીએ છીએ. અમે તે નિર્લજ્જ મહાબ્રાહ્મણની તુલના દહેજની માગણી કરનારાની સાથે કરીએ છીએ, જેને શોકના વાતાવરણમાં પણ પૈસાની માગણી કરવામાં શરમ આવતી નથી. આપણે સમાજની નારીઓને શિક્ષણથી અને ઘરના સામાન્ય અધિકારોથી વંચિત રાખીએ છીએ અને દહેજ આપવા માટે ફરજ પાડતા રહીએ છીએ. વાસ્તવમાં સ્ત્રીઓને આપણે મૌલિક અધિકારોથી પણ વંચિત રાખીએ છે. આપણે એ કદી વિચાર્યું નથી કે એનાથી સમાજની શી સ્થિતિ થશે. સરકારે અને અન્ય બીજી સંસ્થાઓએ કહ્યું છે કે પ્રત્યેક માનવી તેના મૌલિક અધિકારો ભોગવવા માટે સ્વતંત્ર છે. છતાં પણ આપણે સ્ત્રીઓને એનાથી વંચિત કેમ રાખી છે ? આ મૂળ પ્રશ્ન આપણો બધાનો છે.

અમે પૂછીએ છીએ કે તમે શું છોકરીનું કન્યાદાન કરશો ? કેમ ? આ કોઈ વેચવાનો સામાન નથી કે તમે આ વૃદ્ધ સાથે ભાવતાલ કરીને ખરીદી લો. આ કોઈ સંપત્તિ નથી. મનુષ્ય છે. રાષ્ટ્રના સંવિધાનમાં નર અને નારી બંનેને સમાન માનવીય અધિકારો આપવામાં આવ્યા છે. અમે નર અને નારી બંનેને સમાન માનીએ છીએ અને માનવી ગણીએ છીએ. બંને સ્વતંત્ર છે, બંનેની સ્વેચ્છા અને સહકાર પર વિશ્વાસ કરીએ છીએ. કોઈ કોઈની સંપત્તિ કે માલમિલ્કત હોઈ શકે નહીં. પરંતુ આપણા વ્યવહારમાં આવું જોવા મળતું નથી. આજે પણ સ્ત્રીને બોજ સમાન ગણવામાં આવે છે, સહાયક માનવામાં આવતી નથી. તેના પિતાએ તેને ભણાવી નહીં અને આપણે પણ તેને ભણવાની સુવિધા ન કરી આપી. તેના વિકાસ માટે કોઈએ પ્રયત્ન ન કર્યો. તે સ્વાવલંબી નથી, ખેતીવાડી કે ઉદ્યોગ કરી શકતી નથી. તે તો ચારપાંચ બાળકોની મા છે, તે શું કરી શકે છે ?

આપણી નોકરી ક્લાર્કની છે. નોકરીમાં માસિક અઢીસો કે ત્રણસો રૂપિયા પગાર મળે છે. આપણે તે પરિસ્થિતિમાં મરી જઈએ છીએ તો મરી ગયા પછી તે પત્ની જેને ચારપાંચ બાળકો છે તેનું શું થશે. કોઈ એક જમાનો હતો જ્યારે જેઠ કે દિયર બાળકોનું પાલનપોષણ કરતાં હતા. કોઈ એક જમાનો હતો, જ્યારે ભાઈ બહેનનું પાલનપોષણ કરતો હતો, ચિંતા દૂર કરતો. પરંતુ આજે જમાનો બદલાઈ ગયો છે, પરિસ્થિતિઓ બદલાઈ ગયો છે, આજે કોઈ એક પણ તેનો સહાયક બનતો નથી. આ કલિયુગ છે, આ સને ૧૯૭૫ છે, જેમાં ભાઈ પોતાના ભાઈના લોહીનો તરસ્યો બન્યો છે. તે ઇચ્છે છે કે ભાઈના મૃત્યુ પછી ભાભીને ઝેર આપી દે, બાળકોને અનાથ બનાવી દે જેથી ખેતરનો માલિક બની જાય. તેનું ધન, ઘરેણાં મળી જાય, કોઈ વખત ભાભીને ઘરની બહાર ભગાડી મૂકે છે અને કહે છે તું કોણ છે. આ મારા ભાઈની કમાણી છે, એમાં મારો હક છે. આ પાંચ બાળકોનું શું થશે ? તે પિયર જાય છે તો તેને કહેવામાં આવે છે પરત ત્યાં જાઓ અને દિયરજેઠના એંઠા વાસણો સાફ કરો. આ તે જ સ્ત્રીઓની સ્થિતિ છે જેને આપણે ધર્મપત્ની, અર્ધાંગિની કહીએ છીએ. બેટા ! આપણે એ વિચારવું પડશે કે આપણી પણ જવાબદારી છે કે નહીં ? આપણે તો કપડાં અને ચાર રોટલીના ટુકડા ફેંકીને નિશ્ચિત થઇ જઇએ છીએ. તમે બી.એ. પાસ છો તથા તમારી પત્ની મેટ્રિક છે તો તમે તેને ભણાવો અને બી.એ. પાસ કરાવો. વધુ પડતા બળાકો પેદા કરીને તેની તબિયત બગાડો નહીં, તેના દુશ્મન તથા હત્યારા ન બનો. તમે મનુષ્ય છો તો માનવતાની વાત કરો અને આ સમસ્યાને ગંભીરતાપૂર્વક વિચારો.

મહાત્માગાંધી દક્ષિણ આફ્રિકા ગયા હતા. ત્યાં ગોરા અને કાળા વચ્ચે ભેદ સમજવામાં આવતો. કાળાઓમાં વધુ પડતાં હિન્દુસ્તાની હતા. તેમની


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સાથે ગોરાઓ ખોટો વ્યવહાર કરતા હતા, તેમની સ્કૂલો અને બસો બધું અલગ હતું, ગોરાઓ કાળા લોકોને ખૂબ નીચ સમજતા હતા. ગાંધીજીએ ત્યાં સત્યાગ્રહ શરૂ કર્યો. તેમણે કહ્યું કે અમે પણ મનુષ્ય છીએ તથા અમોને પણ ગોરાઓની જેમ રહેવાની તક મળવી જોઈએ. અમોને પણ અમારો હક મળવો જોઈએ. આ કાળા-ગોરાની માન્યતાને વિશ્વની માનવીય સંસ્થા રાષ્ટ્રસંઘે અમાન્ય કરી દીધી. તેણે કહ્યું કે વંશને કારણે કોઈ નાનું મોટું હોઈ શકે નહીં. મનુષ્ય પોતાના કર્મોથી નાનોમોટો હોઈ શકે છે. સારા કામ કરશો તો તમારું સન્માન થઈ શકે છે તથા ખરાબ કામ કરશો તો તમારું અપમાન થઈ શકે છે. જાતિવંશની દૃષ્ટિથી તો તમારું અપમાન થઈ શકે છે. જાતિવંશની દૃષ્ટિથી તમે પોતાને મોટા માની શકો નહીં. તમારા બાપદાદા બ્રાહ્મણ હતા, પરંતુ તમે બ્રાહ્મણનું કર્તવ્ય કરતા નથી તો બ્રાહ્મણ હોઈ શકો નહીં. ગાંધીજીએ ત્યાં કહ્યું કે ગોરાકાળાનો ભેદ હોવો જોઈએ નહીં. આ વાત પર તે લોકોએ કહ્યું કે તમે જે અમને કહો છો, તે ભેદભાવ પહેલા ભારતમાં દૂર કરો.

મિત્રો, સ્ત્રીઓ પણ મનુષ્ય છે, તેમને પણ પુરુષો જેટલા અધિકારો મળવા જોઇએ. તેમને પણ યજ્ઞોપવીત, હવન, યજ્ઞ, ગાયત્રી ઉપસાનાનો અધિકાર હોવો જોઈએ. એના માટે અમે આજ સુધી સંઘર્ષ કર્યો છે અને આગળ પણ કરીશું. બાપદાદાની વાતોને અમે જાણતા નથી, તેઓ અંધકારના જમાનામાં જન્મ્યા હતા. મધ્યયુગમાં સ્ત્રીઓ પર જાતજાતના બંધનો લાદવામાં આવ્યાં હતાં. તેની પહેલાનો સમય પ્રાચીનકાળનો હતો. તે ગૌરવમય સમય હતો. તે વેળા સ્ત્રીપુરુષો લક્ષ્મીનારાયણ, સીતારામ, રાધેશ્યામના રૂપમાં બિરાજમાન હતા. શક્તિને શિવની પહેલાં પૂજવામાં આવતી હતી. આપણે સરસ્વતીનો તહેવાર વસંત પંચમી, લક્ષ્મીનો દિવસ દીપવાલી તથા દુર્ગાને દશેરા, ગાયત્રીને ગંગાદશેરા મનાવીએ છીએ. આ બધું શું છે ? બેટા, આ સ્ત્રીઓનું સન્માન છે. પ્રાચીનકાળમાં બંને એકબીજાને સન્માન આપતા અને ખભાથી ખભો મેળવીને ચાલતા હતા. એ દેવીઓ હતી. એટલા માટે દરેક સ્ત્રીના નામની સાથે દેવી શબ્દ વપરાતો હતો. આપણે એમને ભગવાનની શક્તિનું રૂપ માનતા હતા. શાસ્ત્રોમાં નારીને આપણે ભગવાન માની છે અને સમગ્ર પૂજાપાઠ તેના નિમિત્તે થઈ છે. નવરાત્રિમાં આપણે નવદેવીઓની પૂજા કરીએ છીએ.

મધ્યયુગમાં બાપદાદાએ આપણી અંદર જે માન્યતાઓ ઠસાવી છે, તે વાસ્તવમાં અજ્ઞાનતા અને અંધકાર યુગની ભેટ છે. આપણે જાણીએ છીએ કે એક જમાનો એવો પણ હતો જેમાં મારે તેની તલવાર ગણાતી હતી. મોટી માછલી નાની માછલીને ખાઈ જતી હતી. આ જંગલનો કાયદો હતો, જેમાં મનુષ્યને ખાઈ જવામાં આવતો હતો. આલ્હાઉદલ, મલખાનની વાત તો તમે વાંચી છે ને. તે લોકો કેમ લડાઈ લડવા ઇચ્છતા હતા ? આ લડાઇ ધડમાથા વિનાની હતી. એ લડાઈ કોઇ માણસની કે માણસાઈની અને કોઈ આઝાદીની ન હતી. એ તો ફકત તેમના અહંકારની લડાઈ હતી અને તેમાં આપણે કોઈની છોકરીને ભગાડી જતા હતા. એ સામંતવાદી, જમીનદારી અને ઠાકુરોનો યુગ હતો. એમનું સામ્રાજ્ય સમગ્ર હિન્દુસ્તાનમાં અને હિન્દુસ્તાનની બહાર પણ કોઈ કોઈ જગ્યાએ ફેલાયેલું હતું. તે જમાનામાં લુંટારા બે ચીજ લૂંટતાં હતાં. તે જમાનામાં જવાન મર્દોને બળદની માફક કામ કરાવાતું અને ગુલામો બનાવીને રાખવામાં આવતા. મને ખબર નથી કે મિશ્રના પિરામિડોમાં ત્રીસ લાખ ગુલામોના ખૂન થયા હતાં. જ્યાં સુધી ગુલામો જુવાન રહ્યા હતા ત્યાં સુધી તેમનો ઉપયોગ થતો હતો અને જ્યારે તેઓ વૃદ્ધ અને અસહાય બની ગયા ત્યારે તેમને મારી નાખવામાં આવ્યા.

આ જ સામંતશાહી યુગમાં જ્યાં કોઇ જવાન સ્ત્રી દેખાતી તેને લૂંટીને અપહરણ કરવામાં આવતું. ધનિક જમીનદારોને ત્યાં સોથી લઈને એક હજાર સુધી સ્ત્રીઓ રાખવામાં આવતી. તમે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વિચારી શકો છો કે આ પરિસ્થિતિમાં ત્યાં બળવો થાય કે નહીં ? એ લોકોએ સ્ત્રીઓ પર અંકુશ મૂકીને, ચહેરા પર બુરખો ઓઢાડીને સકંજામાં રાખી હતી. તમને ખબર નહીં હોય કે જ્યારે આઝાદી મળી હતી ત્યારે હૈદ્રાબાદના રાજા નિઝામ પર સાડા સાતસો સ્ત્રીઓએ 'હકદાવો' કર્યો હતો. તમે જરા વિચાર કરીને જુઓ કે કોઈને ત્યાં જો બે સ્ત્રીઓ હોય છે તો ખૂન-ખરાબો થાય છે અને જ્યાં સાડાસાતસો સ્ત્રીઓ હશે ત્યાં ખૂન-ખરાબો ના થાય તો શું થાય ? આ કારણે તેમને બંધનમાં રાખવામાં આવતી હતી કે જેથી તેઓ બળવો ન કરે, કયાંય ઝેર ન આપી દે અને પોતાના દ્વેષ અને અહંકારને લીધે કોઇ અઘટિત કાર્ય ન કરે. તેમને પડદામાં એટલા માટે રાખવામાં આવતી હતી કે તેમના આંસુ તેમના પાડોશી, ભાઈ કે બાપને દેખાય નહીં, નહીંતર કોઈ તેમની સાથે સહાનુભૂતિ બતાવી શકે છે. આ તે મુસલમાન યુગની વાત છે અને તેમણે બહુપત્ની પ્રથાની શરૂઆત કરી હતી. એના પછી હિન્દુઓમાં પણ આ પરંપરા ધીરેધીરે શરૂ થઈ ગઈ.

તે જમાનામાં પંડિતો કોઈ કોઈ એવા ઉદાહરણો આપતા હતા કે જ્યારે શ્રીકૃષ્ણ ભગવાનને સોળ હજાર છસો આઠ પત્નીઓ હોઈ શકતી હતી, તો તમે કેમ ના રાખી શકો ? તમે ઓછામાં ઓછી સોળસો તો રાખી શકો છો. મધ્યકાળમાં પંડિતો અને પુરોહિતોએ આવી વિટંબણા ફેલાવીને નારીસમાજનો ઘોર અપરાધ કર્યો હતો. રાજા જનકને સો રાણીઓ હતી તેમ તે લોકો કહેતા. તેઓ રાજા દશરથની ચાર રાણીઓની વાતો કરતા હતા. શું તમે તેમને બાપદાદા કહેશો કે જેઓ અપહરણ કરીને સ્ત્રીઓ લાવતા અને કેદમા રાખીને તેમની સાથે અત્યાચાર કરતા હતા. તમે તેમને બાપદાદા ગણશો નહીં. તેવી અમારી સલાહ છે. આવા લુંટારાઓથી ભોળી છોકરીઓને બચાવવા માટે માબાપ તેમને નાની ઉંમરમાં પરણાવી દેતાં હતાં. આમ બાળવિવાહની પ્રથા શરૂ થઇ હતી. તે વેળા સોળ વર્ષની છોકરીના પેટે બાળકનો જન્મ થતો હતો. પરિણામે તે અશક્ત બની જતી અને હરીફરી પણ શકતી નહીં. પરંતુ માબાપ એમ કહીને સંતોષ લેતા કે અમારી છોકરી જેમતેમ જીવિત તો રહેશે, કોઈ ડાકૂ કે લૂંટારા ઉપાડીને લઈ તો જશે નહીં. તે જમાનામાં જે કંઈ બન્યું તેને આપણે આપત્તિધર્મ માનીને સ્વીકારી લઈએ અને બાળલગ્ન પ્રથાને મજબૂરી સમજી શકીએ છીએ.

બેટા, આજે આ પરિસ્થિતિઓ અસ્વાભાવિક જણાય છે. તેને બંધ કરીને તેમાં સુધારો કરવાની જરૂરિયાત છે. આપણે આપણી માન્યતાઓ અને દૃષ્ટિકોણ બદલીએ, નહીંતર આવી સ્થિતિમાં મનુષ્યનું જીવન કેવી રીતે ચાલી શકે છે ? આપણે આપણી જિંદગીમાં જ આપણી પત્ની અને બાળકોને અનાથ બનાવી દીધા. તેમના ભરણપોષણની કોઈ વ્યવસ્થા કરી નહીં. અમે આ વાત પર ગંભીરતાપૂર્વક વિચાર કર્યો છે કે સ્ત્રીઓએ સ્વાવલંબી બનવું જોઈએ. એના માટે તેમને ભણાવવાની અને પ્રોત્સાહનની જરૂરિયાત છે. વિદેશોમાં મહિલાઓના ખભા પર સો ટકા કામ હોય છે. ત્યાં પુરુષ વર્ગ ફેક્ટરી તથા સરકારી ઓફિસોમાં કામ કરે છે, બાકીનું ખેતીનું, સામાજિક તથા સ્કૂલ-કૉલેજોનું કાર્ય સ્ત્રીઓ જ કરે છે. બંને એકબીજાની પૂરક બને છે અને એક ગાડીના બે પૈડાંની જેમ જીવે છે. શું ત્યાં લોકો જીવન જીવતાં નથી ? આપણા દેશમાં લોકોને એ શંકા છે કે અહીંની નારીઓ આગળ વધી જશે તો આપણું જીવન મુશ્કેલ બની જશે. આ માન્યતાઓને આપણે બદલવી પડશે. જ્યાં સુધી એકબીજાના પૂરક બનીને કામ કરીશું નહીં ત્યાં સુધી આપણો વિકાસ સંભવ નથી. જાપાનમાં જઈને જુઓ તો ખબર પડશે કે ત્યાં મહિલાઓ કેવા આત્મવિશ્વાસથી કામ કરે છે.

આપણે વિચારીએ છીએ કે તે આગળ વધશે તો તેને પાંખો આવી જશે. તે આપણને


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

મારશે, ગાળ દેશે, ઉત્તર આપશે અને ન જાણે શી-શી કુકલ્પના કરતા રહીએ છીએ. જો તમે ખોટું કામ કરો તો તે કેમ નારાજ થશે નહીં ? જો તમે ગાળ દેશો તે ગાળ દેશે, તમે સદ્વ્યવહાર કરશો તે પણ તેવો જ વ્યવહાર કરશે. આથી તમે ખોટા કામના બદલે સારા જ કામ કરો. તમે અરીસાની સામે હાથ જોડશો તો ત્યાંથી હાથ જોડતો વ્યક્તિ દેખાશે. આથી સ્વયંનો સુધાર કરી લઇએ તો બધું જ ઠીક થઈ જશે. બેટા, આપણે કઠોર છીએ, સ્ત્રીઓ નમ્ર હોય છે. સ્ત્રીઓ માતા, બહેન, પુત્રી, પત્નીના રૂપમાં હોય છે, જેમના હૃદયમાં કરુણા, દયા અને પ્રેમ ભરેલો હોય છે. આ સમય જુદો છે. હવે આપણે ન્યાય અને સત્યની સાથે ચાલવું પડશે. આપણા મિશનનો ઉદ્દેશ ધર્મપ્રચારનો તો છે, તેની સાથે અન્યાયની વિરુદ્ધ ટક્કર લેવાનું કામ પણ આપણું છે. માત્ર જ્ઞાનપ્રાપ્તિ અને અનુષ્ઠાન કરવાનો આપણો ઉદ્દેશ નથી, બલ્કે દુષ્પ્રવૃત્તિઓનું નિવારણ કરવાનો પણ આપણો ઉદ્દેશ છે.

એક વખત લોકોએ દ્રોણાચાર્યને પૂછ્યું, તમે તમારી પીઠ પર ધનુષ્ય-બાણ કેમ રાખો છો ? તમે તો સંત અને બ્રાહ્મણ છો. તેમણે કહ્યું,

**"અગ્રે ચતુરો વેદાઃ   પૃષ્ઠે સશરોધનુઃ ।**
**ઇદં બ્રાહ્મમ્ ઇદં ક્ષાત્રં શાપાદપિ શરાદપિ ॥"**

આપણી સામે ચાર વેદ છે. અર્થાત્ જ્યાં લોકોમાં ઇમાનદારી છે ત્યાં આપણે જ્ઞાન અનુષ્ઠાન, પૂજા ઉપાસનાની વાતો બતાવીએ છીએ, પરંતુ જ્યાં ભલમનસાઈ નથી, ઈમાનદારી નથી, ત્યાં આપણી બીજી દવા અર્થાત્ ધનુષ્યબાણ કામમાં આવે છે. પશુઓને આપણે જ્ઞાનથી સમજાવી શકતા નથી. તેમના માટે લાકડી હોવી જરૂરી છે. એટલા માટે આપણે પીઠ પર લઈને ફરીએ છીએ. બ્રહ્મબળ અને ક્ષાત્રબળ બંને આપણી પાસે છે. આપણે શાપ આપવાની ક્ષમતા પણ ધરાવીએ છીએ અને તીર ચલાવવાનું સાહસ પણ ધરાવીએ છીએ. બેટા, ભગવાનનો અવતાર લેવાનો ઉદ્દેશ કેવળ ધર્મની સ્થાપના કરવાનો તથા પાપીઓનો વિનાશ કરવાનો નથી. જોકે એના દ્વારા જ સજ્જનોનું રક્ષણ સંભવ છે, પરંતુ ભગવાનનો ઉદ્દેશ મહાભારત કરવાનો તથા લંકાદહન કરવાનો પણ છે.

ગુરુ ગોવિંદસિંહજીએ પણ એક હાથમાં માળા તથા બીજા હાથમાં ભાલાનો સંદેશો આપ્યો હતો, જેથી આપણે લોકોને જ્ઞાન આપીએ અને પૂજાપાઠ શીખવીએ, પરંતુ જ્યારે દુષ્ટ અને અનીતિ કરવાવાળા આપણી વચ્ચે આવે તો તેમને પણ રસ્તો બતાવી શકાય. મિત્રો, આપણું મિશન પણ આ રીતે બે ઉદ્દેશો પર આધારિત છે. તમે જ્યાં જાઓ ત્યાં ભગવાન રામનું ચરિત્ર સંભળાવો. તેમનો ભાઈ-ભાઈ વચ્ચેનો પ્રેમ, અને માબાપ પ્રત્યેની સદ્ભાવના બતાવો, તેની સાથે રામચંદ્રજીએ ખર-દૂષણ અને મારીચને માર્યો હતો કે જેથી દુષ્ટતા ન વિકસે અને અરાજકતા ન વધે. તે સમયના રાક્ષસો મનુષ્યના રૂપમાં હતા, તે જોઈ શકતા હતા. આજના રાક્ષસો મહાન છે, પરંતુ જોઈ શકાતા નથી. જો જોવા મળે તો તેની નિકાલની વ્યવસ્થા થઈ શકે છે, પરંતુ જોઈ ન શકાય તેમને મારવામાં વિલંબ થાય છે. આપણા જમાનાના રાક્ષસો મલેરિયા અને ફ્લ્યુની માફક છે. એ બધા મૂઢ માન્યતાઓ, અજ્ઞાનતા, કુરિવાજો અને પરંપરાઓના રૂપમાં આપણા સમાજમાં ભયંકર રૂપથી ફેલાયેલાં છે. એમને દૂર કરવા પડશે. તમને દેખાતાં નથી ? આજે સ્ત્રીપુરુષ વચ્ચેની બુરાઈઓ કેટલી બધી વધી રહી છે. પચાસ ટકા વસતી લકવાગ્રસ્ત છે. આ અડધી વસતી મહિલાઓની છે. તેઓ કોઈ કામ કરી શકતી નથી, પોતાનું રક્ષણ કરી શકતી નથી, હોસ્પિટલ કે બજારમાં જઈ શકતી નથી, જેઠ દિયેરના અત્યાચારની વિરુદ્ધ કોર્ટમાં ફરિયાદ કરી શકતી નથી, બાળકોને સ્કૂલમાં લઈ શકતી નથી, પતિને મદદ કરી શકતી નથી, કારણકે આપણે તેમના હાથપગ તોડીને લકવાગ્રસ્ત દર્દીની માફક અપંગ બનાવી દીધી છે. આજકાલ આપણા દેશમાં એક ટોળકી સક્રિય છે, જે નાનાનાના બળાકોના


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

હાથપગ તોડી નાંખીને અપંગ બનાવી દે છે અને તેમની પાસે ભીખ મંગાવવાનું કામ કરાવે છે. આ રીતે તેમનો વેપાર શહેરોમાં ચાલે છે. આપણે પણ સ્ત્રીઓને આ શ્રેણીમાં લાવીને મૂકી દીધી છે. તેઓ સમાજ ઉપર ભાર રૂપ બની ગઈ છે. આપણે ભરતીય સ્ત્રીઓની તરફેણ કરવા ઊભા થવું પડશે. તેમને સહાય કરીને આ સમસ્યાનો ઉકેલ લાવવા નક્કર પગલાં ભરવાં પડશે.

બેટા, જે કામ માટે તમોને જે ક્ષેત્રોમાં મોકલી રહ્યાં છીએ, તેમાં કેવળ પૂજાપાઠ અને અનુષ્ઠાન શીખવવાનું નથી, બલ્કે મનુષ્યમાં માનવતા જગાડવાની છે, તેમનામાં દૈવી શકિતઓ જાગૃત કરવાની છે. ભગવાનના સવા લાખ નામ જપ કરવાથી પૈસા, સંતાન નોકરી મળશે એ બતાવવાની જરૂરિયાત નથી. ભગવાન નામના ભૂખ્યા નથી. રામ, હનુમાન, ગાયત્રી માતાના પૂજાપાઠ અને અનુષ્ઠાન કરવાનો એક જ ઇરાદો છે કે મનુષ્ય ન્યાય, ઈમાનદારી અને સત્યને જીવંત કરે. ભગવાનનું નામ કુંભકરણના જેવી સૂતેલી શકિતઓને જાગૃત કરે છે. ગાયત્રી માતાનું સ્મરણ કરવાનો મતલબ છે વિવેકને જાગૃત કરવો. તે હંસના ઉપર સવાર નથી. પરંતુ તમારા ઉપર સવાર છે. અમે તમને અહીં જપઅનુષ્ઠાન કરવા માટે બોલાવ્યા હતા, જેથી તમારી અંદરની ભલમનસાઈ તથા ઈમાનદારી જાગે. પછી તમને ધર્મચેતના જાગૃત કરવા માટે ક્ષેત્રોમાં મોકલી શકીએ. ત્યાં લોકોનો અંધકાર દૂર કરો તથા પ્રકાશ ફેલાવો. ધર્મનો ફેલાવો કરવા અધર્મનો નાશ કરો. તે બંને એક સાથે જીવી શકે નહીં, એકને તો મરવું જ પડશે. ન્યાય અને અન્યાય બંને સાથે જીવી ન શકે. એક મ્યાનમાં એક જ તલવાર રહી શકે. આ સમાજમાં કાં તો સત્ય જીવી શકે કે જૂઠ જીવી શકે. ધર્મમાં રહેલો અંધકાર દૂર કરવો પડશે. તેની સાથે આપણે પચાસ ટકા મરી ગયેલી સ્ત્રી જાતિને જીવંત કરવી પડશે, તેમને સાચો માર્ગ બતાવવો પડશે, તેમના નાશ પામેલા માનવીય અધિકારોને પુનઃ સમાજમાં પ્રતિષ્ઠા અપાવવી પડશે.

મિત્રો, આપણા મિશને પુનઃ નવા સ્વરૂપે મહિલા જાગૃતિ અભિયાન શરૂ કર્યું છે. આ એક એવી ક્રાંતિ છે જેમાં આપણે મનુષ્યના અધિકારોની હિમાયત કરવી પડશે, પછી ભલે તે સ્ત્રી હોય કે પુરુષ, ગોરા હોય કે કાળા, જો તે ન માને તો તેને આપણે પ્રેરણા આપવી પડશે કે જેથી તે પોતાના અધિકારો માગી શકે. આમ કહેવાનું તાત્પર્ય એ છે કે જે ખોટી ચીજો છે તેની વિરુદ્ધ તમારે ટક્કર લેવી પડશે. પુરુષોએ સ્ત્રીઓની બાબતમાં તેમનો દૃષ્ટિકોણ સ્વચ્છ રાખવા અને તેમના બંધનોને તોડવા માટે આગળ આવવું જોઈશે. જેમણે પાપ કર્યું છે તેમણે પ્રાયશ્ચિત કરવું પડશે. સ્ત્રીઓને દયાજનક સ્થિતિમાં મૂકનાર પુરુષોએ જ પ્રાયશ્ચિત કરવાની જરૂરિયાત છે. સ્ત્રીઓ સાથેના અન્યાયનો ઇતિહાસ બે હજાર વર્ષ જૂનો છે. એને દૂર કરવા માટે અમે તમને ક્ષેત્રોમાં મોકલી રહ્યાં છીએ. સ્ત્રીઓ પર કામનો બોજો નાખીને કમજોર આપણે જ બનાવી છે, તેનો પણ આપણે વિરોધ કરવો પડશે.

જવાહરલાલ નહેરુને કઈ વાતની ખોટ હતી. તેઓ મોતીલાલ નહેરુના પુત્ર હતા. આનંદભવનમાં મોજભરી જિંદગી જીવતા હતા. તેમને જણાયું કે ભારતમાં લોકોને આઝાદી મળવી જોઈએ અને જેઓ પીડિત અને કચડાયેલા છે, જેમના માનવ અધિકારો ઝૂંટવાઈ ગયા છે તેમની હિમાયત અને વકીલાત કરવી જોઈએ. તેમને આશ્વાસન આપવું જોઈએ. તે વેળા સમગ્ર સુખ છોડીને સ્વતંત્રતા આંદોલનમાં કૂદી પડયા. આ મિશન ઘણા સમયથી નારી ઉત્કર્ષના પ્રયત્નો કરી રહ્યું છે. હવે તમારે પણ એને આગળ વધારવામાં મદદ કરવી પડશે. આમાં તમારે શું-શું કરવું પડશે, એ અંગેના કાર્યો અમે નીચે પ્રમાણે બતાવીએ છીએ.

(૧) સામાન્ય લોકોના મનમાં એ માન્યતા સ્થિર કરવી પડશે કે સ્ત્રીઓ પણ સામાન્ય નાગરિકો છે. તેમને ગુલામ, આંધળી, લંગડી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બનાવીને રાખવામાં આપણને કોઈ ફાયદો નથી. તમે ગાય અને બળદને મજબુત બનાવશો તો વધુ ફાયદો થશે. આથી આપણી બહેન, મા, પત્ની અને પુત્રીને શિક્ષિત, લાયક અને મજબૂત બનાવીશું ત્યારે તેઓ આપણા કાર્યમાં સહયોગ કરી શકે છે.

(૨) લગ્નની દહેજ પ્રથા દૂર કરવી પડશે. શિક્ષણનો વિકાસ કરવો જોઈએ અને ઘરની અર્થ વ્યવસ્થાને ઠીક કરવી પડશે. દહેજના નામ પર છોકરીઓનું જીવન બરબાદ કરનારા કસાઈઓને પણ ઠીક કરવા પડશે. દહેજને કારણે દરેક મનુષ્ય બેઈમાન અને ગરીબ બને છે. આપણા દેશમાં લોકોની પાસે પેટનો ખાડો પૂરવા પૂરતી અને શરીર ઢાંકવાની જ સુવિધા છે. આપણો દેશ ગરીબ છે. આપણે ત્યાં બાળકોને શિક્ષણ આપવું એ પણ એક સમસ્યા છે. લોકોને તે માટે પોતાના ખર્ચમાં કાપ મૂકવો પડે છે. દહેજ માટે ખેતર અને મકાન વેચવું પડે છે. એનાં કારણે સમાજના બધા લોકો અનાચાર અને અત્યાચારમાં જોડાયેલાં છે. જો દહેજની સામે ટક્કર લઈશું નહીં તો સ્ત્રીઓ ભારરૂપ અને અપમાનિત થતી જશે, તેમની હત્યા થતી રહેશે, તેમને કલંકિત બનાવીને ઘરમાંથી કાઢી મૂકવામાં આવશે. ઘરના લોકો પુનઃ દહેજ લઈને બીજું લગ્ન કરવાની તૈયારી કરતા રહેશે. આના માટે તમારે વાતાવરણ તૈયાર કરવું જોઈએ. આ જ ધર્મ છે અને આ જ ધર્મપ્રચાર છે. ધર્મનો મતલબ કેવળ ભાગવતની કથા સંભળાવવી તે નથી, બલ્કે ધર્મ તે છે જેનાથી માનવતાની અને કર્તવ્યોની પ્રેરણા મળે. ચીલામાં ચાલવું તે ધર્મ નથી. ગીતાપાઠનું તાત્પર્ય તેનો બોધ અને પ્રેરણા મેળવવામાં છે.

મિત્રો, તમોને ખબર નથી કે અમે અમારી જિંદગીનો છેવટનો ભાગ દાદાગુરુની અપેક્ષા મુજબ આ પ્રકારના કાર્યો માટે નિર્ધારિત કરેલો છે. સમગ્ર જિંદગી પર્યંત અમે ધર્મ અને ભારતીય સંસ્કૃતિનો પ્રચાર કર્યો. લોકોમાં જાગૃતિ પેદા કરી. હવે નારી જાગરણનો અધ્યાય અમે અહીંથી શરૂ કરીએ છીએ. ફાગણ મહિનામાં હોળી પ્રગટાવવામાં આવે છે. તેમાંથી દરેક ઘરના લોકો થોડી થોડી અગ્નિ લઈ જાય છે અને પોતપોતાના ઘરમાં હોળી પ્રગટાવે છે. તેને આપણે ત્યાં ઘર હોળી કહીએ છીએ. તેમાં ચોખા, જવ, બટાટા, રાંધીએ છીએ. એમાં ખાસ વાત એ છે કે તેના માટે અગ્નિ મોટી હોળીમાંથી લાવીએ છીએ. ઠીક તે જ રીતે અમે આજે શાંતિકુંજમાંથી મોટી હોળી પ્રગટાવીએ છીએ અને અહીંની ચિનગારી આપણે બધા દરેક જગ્યા પર ફેલાવવાનો પ્રયાસ કરીશું. અમે અહીંયા છોકરીઓને બોલાવીને પ્રશિક્ષિત કરીએ છીએ અને પ્રેરણા આપીએ છીએ કે તમે માનવની માફક જીવશો અને તમારી અંદર માનવતા દાખવશો. અનીતિની વિરુદ્ધ સંઘર્ષ કરશો. ઈમાનદારી અને કર્તવ્યથી પ્રેમ કરશો. અમે મહિલાઓને એવી રીતે તૈયાર કરીશું કે તેઓ અહીંથી જઈને ઘરોમાં સ્વર્ગનું વાતાવરણ સર્જી જશે. અમે કુટુંબ રૂપી સંસ્થાને જીવંત બનાવીશું. આજે લોકો વ્યક્તિ અને સમાજના વિકાસ માટે વિચારે છે, પરંતુ કુટુંબ માટે વિચારતા નથી. વાસ્તવમાં કુટુંબ જ તે કડી છે, જે બંનેને જીવંત કરે છે. એને અમે જાગૃત કરીશું. કુટુંબ ખાણ છે, જેમાંથી નરત્નો નીકળે છે. વિનોબાની માતાએ ત્રણ બાળકોને જન્મ આપ્યો, વિનોબા, વિઠોબા અને બાલકોવા. ત્રણે બાળકોને સંત અને બ્રહ્મજ્ઞાની બનાવ્યા. તેમણે જિંદગી પર્યંત બ્રહ્મચર્ય પાળતાં રહીને ગાંધીજીનું કાર્ય કર્યું. એ ત્રણે બાળકો કુટુંબ રૂપી ગુરુકુળોમાં ભણ્યાં હતાં. જો એમને જાગૃત ન કરી શકાય તો ન તો વ્યક્તિ પેદા થશે કે ન તો સમાજ બનશે. આ ગૃહસ્થ યોગ છે, આ યોગાભ્યાસ છે. અમે આશ્રમના રૂપમાં ઘરને વિકસિત કરવા ઇચ્છીએ છીએ. તેની અધ્યાપિકા ગૃહલક્ષ્મી હોવી જોઈએ. તે ઘર જ પ્રિન્સિપાલ, વાઈસ ચાન્સેલર હોઈ શકે છે. ગૃહિણીનું નામ ઘર છે, ઘરનું નામ ગૃહિણી છે, "ગૃહિણી ગૃહ વર્ચતે"


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

એના માટે આપણે નારીને સુયોગ્ય બનાવવાથી ન કેવળ પતિ અને બાળકોને લાભ થશે, બલ્કે સમાજ અને રાષ્ટ્રને પણ લાભ થશે. જો દેશના પ્રધાનમંત્રી અને રાષ્ટ્રપતિ યોગ્ય ન હોય તો દેશ કેવી રીતે ચાલશે ? એટલા માટે તમે તમારી કન્યાઓને ભણવા માટે અહીં મોકલશો. અમે અહીં વાસ્તવિક ગૃહવિજ્ઞાન શીખવીશું અને સર્વગુણ સંપન્ન બનાવીશું. તેમને ગૃહસંસ્થાના વિકાસ વિશે શીખવીશું. આ માટે તમે યોગ્ય કન્યાઓ અને મહિલાઓ જ અહીં મોકલશો. મૂંગી, બહેરી, બાળકોવાળી, બાળકો વિનાની, મનોકામનાવાળી ના આવે. અમારે તો પ્રતિભાશાળી કન્યાઓ અને મહિલાઓની જરૂરિયાત છે. જે જીવંત અને પ્રાણવાન હોય, જે અહીંથી ગયા પછી આગ લગાડી શકે તે આવી શકે. બેટા, સારાને તો બધા લોકો પોતાના ઘર પર રાખે છે, બેકારને અમારી પાસે મોકલી દે છે. આજે લોકો પૂજા માટેની સોપારી સડેલી લાવે છે. અમારે સડેલી સોપારી જેવા લોકો ન જોઈએ, સારા લોકોને મોકલો. ગાયત્રી પરિવારના લોકોમાં અને બહારના કામોમાં એવી કન્યાઓ અને મહિલાઓ હોય, જે આપણી સંસ્થાની પ્રિન્સિપાલ બની શકતી હોય, વાઇસ ચાન્સેલર બની શકતી હોય અને જેઓ પ્રતિભાશાળી હોય, તેમને એક વર્ષ અને ત્રણ ત્રણ મહિના માટે અહીં મોકલશો. અમારી આ આગ, આ ચિનગારી ભારતવર્ષમાં બધી જગ્યાએ પહોંચાડી દેશે.

અહીં જે કન્યાઓ છે તેમને અમે તૈયાર કરી છે. તેઓ આ વર્ષે મહિલા સંમેલનના માધ્યમથી સમગ્ર ભારતવર્ષમાં ધૂમ મચાવી દેશે. દરેક ગામની કન્યાઓ અને મહિલાઓને અહીં લાવવી કેવી રીતે સંભવ બની શકે છે ? આગળ જતાં અમે ભણેલી મહિલાઓ અને કન્યાઓને ભારતના પ્રત્યેક ક્ષેત્રમાં અહીંથી મોકલીશું. ભારતની બધી મહિલાઓ ભણેલી હોતી નથી. તેમની પાસે સાહિત્યના માધ્યમથી વધુ કામ લઈ શકાય નહીં. આથી અમે તેમને ગીત, પ્રવચન, કથાના માધ્યમથી પ્રેરણા આપીશું, જેથી તેઓ સાપ્તાહિક સત્સંગ, હવન, સંસ્કાર વગેરે કરાવી શકે અને ગોષ્ઠિ કરી શકે. એના માટે અમે દરેક જગ્યાએ મહિલા શાખાની રચના કરીશું, આથી તમારે ત્યાં પણ શાખા રચીશું. મહિલાઓમાં અને કન્યાઓમાં અમે અમારી અંદરની આગ ભરી દીધી છે. આ નાની હોય તો શી વાત છે, શુકદેવજી પણ નાના હતા. તમે શાખા બનાવશો અને મહિલા જાગરણના કાર્યક્રમો હાથ ધરશો. અમે અહીંથી કંઈક મોકલીશું. મહિલા જાગૃતિ અને મહિલા ક્રાંતિ માટે આપણે બધાએ નવા સ્વરૂપે પ્રયાસ કરવો પડશે.

મિત્રો, તમારે પચાસ ટકા મૂર્છિત થયેલી સ્ત્રીઓને માટે લક્ષ્મણજીની જેમ સંજીવની બૂટી લાવીને આપવી પડશે. મૃત માતૃશક્તિને જીવંત કરવા માટે હનુમાનજીની જેમ કામ કરવું પડશે. જો આ શક્ય બની જશે તો ભારતમાં નવા ત્રીસ કરોડ વ્યક્તિઓ પેદા કરી શકીએ છીએ, ભારતનો વિકાસ કરી શકીએ છીએ. આ રીતે ત્રીસ કરોડ જીવંત મનુષ્યની જગ્યાએ સાઠ કરોડ થઈ જશે. અમે ઈચ્છીએ છીએ કે ભારતમાં એકસોવીસ કરોડ હાથ અને પગ કામ કરે. સાઠ કરોડ મગજ અને દિલ કામ કરે. અમે દેશની સમૃદ્ધિ અને ભાવનાત્મક શક્તિને વધારવા ઇચ્છીએ છીએ. આ ચેતનાત્મક શક્તિને વધાર્યા સિવાય આપણી પ્રાચીન સંસ્કૃતિએ ગુમાવેલી ગરિમાને પાછી લાવવાનો કોઈ બીજો ઉપાય નથી. તમે ખભાથી ખભો અને કદમથી કદમ મેળવીને અમારી સાથે ચાલો. તમે અમારી આંગળીઓ છો. અમે એકલા કોઈ કામ કરી શકતા નથી. તમે અમારી આંગળીઓ બની જાઓ, જેથી આપણે બધા જુસ્સાથી મહિલા જાગરણનું કાર્ય કરી શકીએ અને મહાકાળની યોજનાને સફળ બનાવી શકીએ. આજની વાત સમાપ્ત.

ૐ શાંતિ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

**આત્મીય અનુરોધ**

# યુગ શક્તિ ગાયત્રી ગુજરાતના ઘરે-ઘર પહોંચે તેને પરમ પૂજ્ય ગુરૂદેવ- વંદનીયા માતાજીની પધરામણી માને

પરમ પૂજ્ય ગુરુદેવ કહેતા હતા મારો જન્મ હિન્દી ભાષી ક્ષેત્રમાં ન થયો હોત તો અખંડ જ્યોતિ માસિકને સર્વપ્રથમ ગુજરાતીમાં પ્રકાશિત કરવાનું પસંદ કર્યું હોત. કેમકે જે સાત્વિક શ્રધ્ધા આ પુણ્ય પ્રદેશના કણકણમાં વિધમાન છે તે મને ક્ષણ ક્ષણ પુલકિત અને આત્મ વિભોર કરતી રહે છે.

પરમ પૂજ્ય ગુરુદેવ-વંદનીયા માતાજીની આ ગુજરાત પ્રેમની દક્ષિણા અને શ્રધ્ધાંજલિ તેમની વાણી-તેમનું હૃદય માસિક યુગ શક્તિ ગાયત્રીની ગુજરાતના પ્રત્યેક ઘરમાં પધરામણીથી ઓછું ન હોઈ શકે. આ પ્રતિજ્ઞા શાંતિકુંજના આ રજત જયંતી વર્ષમાં પૂરી થવી જોઈએ. ગુજરાતના બધા વરિષ્ઠ અને ભાવનાશીલ પરિજનોએ આ પુણ્ય કાર્યમાં હમણાંથી અભિયાનપૂર્વક લાગી જવું જોઈએ. આને અમારો વ્યક્તિગત અને વિશેષ અનુરોધ સમજવો જોઈએ.

એ વાત બધા જાણે છે કે અખંડ જ્યોતિની અન્ય ભાષાયી ક્ષેત્રોમાં વિસ્તારની યોજના બનાવી તો પરમ પૂજ્ય ગુરુદેવે ગાયત્રી તપોભૂમિ મથુરાથી સર્વપ્રથમ ગુજરાતીમાં યુગ શક્તિ ગાયત્રીનું પ્રકાશન પ્રારંભ કર્યું. આમ તો તેનું નામ અખંડ જ્યોતિ ગુજરાતી સંસ્કરણ પણ થઈ શકતું હતું પરંતુ ભગવતી ગાયત્રીના પ્રત્યે ગુજરાતવાસીઓની અનન્ય શ્રધ્ધાના કારણે તેનું નામકરણ પરમ પૂજ્ય ગુરુદેવે યુગ શક્તિ ગાયત્રી આપ્યું. વિષય સામગ્રીની દૃષ્ટિએ તેને અખંડ જ્યોતિના વિચારપ્રધાન, આધ્યાત્મિક ધાર્મિક, વૈજ્ઞાનિક આધ્યાત્મની સાથે સરળ ગાયત્રી તત્વદર્શન ગાયત્રી ઉપાસના અને યુગ નિર્માણ યોજના ચરિત્ર તથા સંસ્મરણ પ્રધાન સાહિત્ય સામગ્રીનું મધુસંચય કહેવું અધિક ઉચિત છે આનાથી તેના માધુર્ય, ઉપયોગીતા અને આલોક વિતરણનું સહેજ અનુમાન કરી શકાય છે કે આવું ન હોત તો જ્યાં અન્ય ભાષાઓમાં પ્રકાશિત અનુવાદ એક લાખ ની સીમામાં જ ફેલાઈ ને રહી ગઈ ત્યાં ગુજરાતનો શ્રદ્ધા પ્રવાહ ઉભરાઈ જતાં થોડાંક વર્ષ માં બે લાખ સુધી પહોંચી ગઈ.

ત્યારથી યુગ શક્તિ ગાયત્રીનો સ્તર નિરંતર આગળ વધતો ગયો. ગુજરાતનાં નાગરિક તો આમેય આસ્તિક અને ધાર્મિક શ્રધ્ધાથી ઓતપ્રોત છે. તેમને આધ્યાત્મિક સામગ્રી જોઈએ, સાધના સંબંધી સામગ્રી જોઈએ, ત્યારથી જ્ઞાન અને ભક્તિ પરિપુષ્ટ કરનારા લેખ ભાવકથાઓ, સાધના સાહિત્ય આપવામાં આવ્યા તેને બહુ પસંદ પણ કર્યા. હવે એ રીતે વિશેષ સામગ્રી વધારી પત્રિકાનું ગેટઅપ વધુ સુંદર કરવાનું કાગળનો સ્તર પણ બદલવાનો નિશ્ચય કર્યો છે. પત્રિકાની ગ્રાહક સંખ્યા વધી જાય તો પત્રિકાનું સ્તર ઉત્તરોત્તર વધતું જશે. માટે પરિજનોને વિશેષ અનુરોધ છે કે આ વર્ષે પોતાને ત્યાં આવતી પત્રિકાની સંખ્યાને ડબલ કરવા પ્રયાસ કરશો.

સંતો, મહાપુરુષો, ઋષિઓ, અવતાર



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પુરૂષોના સંસ્મરણ, લીલામૃત જ્યાં મનને સેવામુખી, સંવેદનશીલ બનાવે છે ત્યાં મનને આત્મતત્વથી ભગવાનથી જોડાયેલ રહેવામાં સહાયક થાય છે. એ પ્રકારની હૃદયસ્પર્શી સામગ્રીથી પત્રિકાનું એક એક પાનું સજાવવાનો પાકો પ્રબંધ કર્યો છે. કહેવું નહીં પડે કે જે એકવાર પત્રિકા જોઈલે તે તેને પૂરી વાંચ્યા વિના રહી ન શકે. પાછલા દિવસોમાં યુગ શક્તિ ગાયત્રીમાં થયેલ પરિવર્તનથી પાઠકોમાં વાંચન પ્રત્યેનો રસ વધી રહ્યો છે. આ સંગ્રહનીય પત્રિકાને અડોશી-પડોશી તેમજ મિત્રમંડળ વાંચવા લઈ જાય છે જેથી પાઠકોની ફાઈલ અધૂરી રહ્યાના પત્રો પણ મળે છે જેથી આ વર્ષે પોતાના સંબંધીઓ, પડોશીઓ તથા મિત્રોને પણ ગ્રાહક બનાવી લેવા વિનંતી છે. આવનાર પેઢીને સંસ્કાર આપવા માટે પણ આ પત્રિકા ઉત્તમ અને સસ્તું માધ્યમ છે.

પરમ પૂજ્ય ગુરુદેવનો જીવનક્રમ પોતાની રીતે અમૃત સમાન છે. જે આગળનાં દિવસોમાં જુદી જુદી વિધાઓમાં પ્રસ્તુત થશે. જે સંસ્મરણ હજી સુધી જેના સાંભળવામાં નથી આવ્યા પૂ. ગુરુદેવના જીવનના તે અદ્‌ભુત અને રહસ્યમય અધ્યાય લોકોને મળશે, તેના પર અનેક લોકોએ અનેક રીતે શતક, ગીત લખ્યા છે, શોધ પ્રબંધ લખાયેલ છે. તેમના અધિક સમીપવર્તી પરિજનોને તેમના ચમત્કાર તેમજ અવતાર રૂપની ઝાંખી થઈ છે તે પણ સ્વજનો સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરીશું. અમારું બસ એક જ નિવેદન છે કે ગુજરાતમાં આ જ્ઞાનગંગા હવે આપણા પરમ પુનીત અને પ્રકાશવાન રૂપમાં પહોંચવાની તૈયારીમાં છે. કોઈ પણ ભાવનાશીલ આ જ્ઞાનગંગામાં સ્નાન કરવામાં વંચિત ન રહી જાય. જેવી રીતે વિશેષ પર્વ પર બધા લોકો પોત પોતાનો નિકટનો કારોબાર છોડી પર્વ સ્નાન માટે દોડે છે એવી જ દોડ આ મહાપર્વ પત્રિકા યુગ શક્તિ ગાયત્રી માટે લગાવવામાં આવે જેથી ગુજરાતના દરેક ઘર ગંગોત્રી અને જ્ઞાનમંદિર બની જાય. પૂ. ગુરુદેવનો એક બહુ પ્યારો મહાવરો હતો ''ગોરસ બેચન હરિમિલન, એક પંથ દો કાજ'' એનાથી ગાયત્રી તપોભૂમિની કામધેનુનું શરીર, મન અને અંતઃકરણને પરિપુષ્ટ કરનારું દુગ્ધ ઘેર-ઘેર પહોંચાડવાનું તો પુણ્ય મળશે જ. ભગવાનના પુણ્ય દર્શનોનો લાભ પણ મળશે. એટલા માટે યાદ કરી એકવાર ગુજરાતના પ્રત્યેક ઘરમાં પરમ પૂ. ગુરુદેવ વંદનીયા માતાજીની પધરામણી તેમના જ્ઞાન રૂપની યુગ શક્તિ ગાયત્રીની કરે. આ પ્રક્રિયા આજે જ હમણાં પ્રારંભ કરવાનો અનુરોધ અજાણ્યો, અણસાંભળ્યો ન કરશો.

**-લીલાપત શર્મા**

## નિયમિત પત્રિકા મળે માટે આટલો સહયોગ કરશો

⊙ ''યુગ શક્તિ ગાયત્રી'' પત્રિકા એકજ ગામ, ફળીયાની અને સોસાયટીની એકજ વ્યક્તિના નામે પેકેટમાં મંગાવી ગ્રાહકો સુધી હાથો-હાથ પહોંચાડવા વિનંતી.

⊙ ''યુગ શક્તિ ગાયત્રી'' પત્રિકા પેકેટ દ્વારા બેથી વધુ મળતી હોય તેમનો ખાતા નંબર હોય છે. ખાતા નંબર આપને મળતા પેકેટ ઉપર દર મહીને લખવામાં આવે છે. આગામી વર્ષે પણ ખાતા નંબર આ વર્ષનો જ રહેવાનો છે માટે ખાતા નંબર અવશ્ય નોંધી રાખશો. લવાજમ મોકલતી વખતે આ નંબર લખતા રહેવો અનિવાર્ય છે.

⊙ લવાજમ મોકલતી વખતે કવર ઉપર અને પત્રમાં તમારું સરનામું નામ, ગામ, જીલ્લા તથા પિન કોડ નંબર સાથે લખતા રહેવું.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.